શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

*आ नो भद्राः क्रत्वो यन्तु विश्वतः*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

For Private Circulation

એપ્રિલ, ૨૦૨૦

For private circulation only

પ્રિયને પત્ર



'નાગર મંજૂષા' પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરવાનું વિચાર્યું છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | નેહા યાજ્ઞિક (અતિથિ તંત્રી) | ૧ |
| ૨) | અર્ધ શતાબ્દીનો પ્રેમ | વીનેશ અંતાણી | ૨ |
| ૩) | પ્રેમીને પત્ર | દિનેશ બુચ | ૪ |
| ૪) | પ્રિય પ્લાસ્ટર | પ્રણવ દેસાઈ | ૭ |
| ૫) | પ્રિય ઉર્વશી | અમી યાજ્ઞિક | ૮ |
| ૬) | પ્રિય સખા | કલ્પા વ્હોરા | ૧૦ |
| ૭) | પ્રિય ઈશ્વર | ભાર્ગવી જોષીપુરા | ૧૧ |
| ૮) | ડીયર પા (Pa) | વિશાખા પોટા | ૧૨ |
| ૯) | પ્રિય સમંદર | નીતા હાથી | ૧૪ |
| ૧૦) | પ્રિય સખી | રશ્મિ વોરા | ૧૫ |
| ૧૧) | પ્રિય સારથિ | દીના વછરાજાની | ૧૭ |
| ૧૨) | પ્રિય ધનસુખ દાદા | માનાર્થ દવે | ૧૮ |
| ૧૩) | ડીયર સ્વીટહાર્ટ | રાજવી જોષીપુરા | ૨૦ |
| ૧૪) | પ્રિય જિંદગી | નિખિલ દેસાઈ | ૨૧ |
| ૧૫) | પ્રિય મમ્મી (ભાભી) | નિમિત વોરા | ૨૪ |
| ૧૬) | પ્રિય 'સ્વ' | જય દીક્ષિત | ૨૫ |
| ૧૭) | પ્રિય વાચક | કૌસુમી નાણાવટી | ૨૬ |
| ૧૮) | પ્રિય અજ્ઞાત | રક્ષિત દવે | ૨૭ |
| ૧૯) | પ્રિય સંગિની | ભજમન નાણાવટી | ૨૯ |
| ૨૦) | પ્રિય ક્ષણ તને | પારૂલ મહેતા | ૩૧ |
| ૨૧) | પ્રિયતમ સખા | પદ્મજા વસાવડા | ૩૨ |
| ૨૨) | પ્રિય અલીચાચા (ડોસા) | લીના વછરાજાની | ૩૩ |
| ૨૩) | પ્રિય લાલ મરચાંના ભૂકા | નૈઋતિ અંતાણી | ૩૪ |
| ૨૪) | પ્રિય રુતાલી | જયદીપ અંતાણી | ૩૫ |
| ૨૫) | પ્રિય મા (તા) | પ્રગતિ મહેતા | ૩૭ |
| ૨૬) | પ્રિય ઘરની વ્યક્તિઓ | સુનીલ અંજારીઆ | ૩૯ |
| ૨૭) | પ્રિય શર્વરી | ઋતંભરા છાયા | ૪૧ |
| ૨૮) | એય લૉકડાઉન | નેહા યાજ્ઞિક | ૪૨ |
| ૨૯) | પ્રિય બાળપણ | સુહાની દીક્ષિત | ૪૩ |
| ૩૦) | પ્રિય દીકરી | નરેશ અંતાણી | ૪૪ |
| ૩૧) | પ્રિય ખીચડી | રૈના દીક્ષિત | ૪૬ |
| ૩૨) | હે મારા શ્યામ | ફાલ્ગુની વસાવડા | ૪૭ |



**ટીમ નાગરમંજૂષા**

દીના વછરાજાની, નેહા યાજ્ઞિક તથા સુહાની દીક્ષિત

**વિશેષ આમંત્રિત**

શ્રી વીનેશ અંતાણી

# તંત્રી સ્થાનેથી

વહાલા યુવામિત્રો,

આ વખતનો નાગરમંજૂષાનો વિશેષાંક 'પ્રિયને પત્ર' ખાસ તમને ધ્યાનમાં રાખીને પસંદ કર્યો છે, કારણકે આજની આ યુવાપેઢીને આ લુપ્ત થતી કળા વિશે માહિતી નહીં હોય, ખરું ને? કૉન્વેન્ટમાં ભણીને મોટી થયેલી આજની યુવા પેઢી અંગ્રેજીને બુદ્ધિનો માપદંડ ગણવાની ભૂલ કરે છે. ઘરમાં પણ વાતચીતની ભાષા મોટે ભાગે અંગ્રેજી હોવાને લીધે આપણી ગુજરાતી ભાષાના ભવ્ય વારસાને તો એ બાળકો ક્યાંથી સમજી શકવાનાં? આજની પરિસ્થિતિની કરુણતા કવિ શ્રી ઉદયન ઠક્કરે બહુ સચોટ રીતે વર્ણવી છે કે,

ગુમાઈ છે ગુમાઈ છે ગુમાઈ છે,
કૉન્વેન્ટ સ્કૂલના કંપાઉન્ડમાંથી,
સંચાલકો અને માતાપિતાની,
બેદરકારીને કારણે,
પલક મીંચવા-ઉઘાડવાની કોઈ ક્ષણે,
ગુજરાતી
વાંચતી-લખતી એક આખી પેઢી.

ઓળખવા માટે નિશાની :

કાનુડાએ કોની મટકી ફોડી? - એમ પૂછશો તો કહેશે કે જેક એન્ડ જિલની.

ગોતીને પાછી લાવનારને માટે ઈનામ...

એકેય નથી.

કારણકે એ હંમેશને માટે ગુમાઈ ચૂકી છે.

તો વહાલીડાઓ, નાગરમંજૂષાનો ''પ્રિયને પત્ર'' દ્વારા વિનમ્ર પ્રયાસ છે વીસરાતી જતી પત્રલેખનની કળાને અને માતૃભાષા ગુજરાતીના ભવ્ય વારસાને સાચવવાનો.

જેમ આગળ કહ્યું એમ પત્રલેખન એ એક કળા છે. તમે લખેલા પત્ર દ્વારા એ વાંચનારને તમે રૂબરૂ વાંચતા હો એવી પ્રતીતિ થાય એ છે. પત્રલેખનની કળા કૉમ્પ્યુટર અને ત્યાર બાદ મોબાઈલે આ કળાને હાંસિયામાં ધકેલી દીધી છે. તમારામાંના કેટલાને એ લાલ-કાળો પોસ્ટ બૉક્સ, પોસ્ટ કાર્ડ, આંતરદેશીય પત્ર વ.ની જાણ છે? લગભગ બહુ ઓછાને. તમારા આપ્તજનોએ લખેલો પત્ર પોસ્ટમૅન ક્યારે તમને લાવી આપે એ તાલાવેલી જ હવે મરી પરવારી છે અને એટલે જ થયું કે ચાલો આપણે આજના યુવાનોને પત્રલેખનની મઝા વિશે જણાવીએ અને જે દ્વારા આપણે સહુ પણ આપણો એ વીતી ગયેલો સમય યાદ કરીને મોજ કરીએ.

આપે અમને અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો તે બદલ ટીમ નાગર મંજૂષા આપનો આભાર માને છે

અંતમાં કવિ શ્રી રમેશ પારેખની આ અદ્‌ભુત રચના :

કે કાગળ હરિ લખે તો
અવર લખે તે એકે અક્ષર નથી ઊકલતા મને...

મોરપીંછનો જેના ઉપર પડછાયો ના પડિયો
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો?
એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને...

મીરાં કે' પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિસદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સીધી મીરાં કને....

**- નેહા યાજ્ઞિક (અતિથિ તંત્રી)**

# અર્ધ શતાબ્દીનો પ્રેમ

પ્રિય,

આ 'પ્રિય' સંબોધન શબ્દ જ નથી, તારા માટેનો ઉત્કટ ભાવ છે. આજે આપણા લગ્નને પચાસ વર્ષ પૂરાં થયાં છે તેની વહેલી સવારે આ પત્ર દ્વારા હું શું વ્યક્ત કરવાનો પ્રયત્ન કરું છું? કદાચ આપણે સાથે મળીને પસાર કરેલી પ્રલંબ જીવનયાત્રા પર ઊડતી નજર નાખવાનો પ્રયાસ છે. તને થશે કે આ વાતો તો હું તને પાસે બેસાડીને પણ કહી શક્યો હોત, પરંતુ આપણે સાથે બેઠાં હોઈએ છીએ ત્યારે ઘણી વાર શબ્દો અર્થહીન થઈ જતાં મેં અનુભવ્યા છે, તેથી આ પત્ર.

અલગ અલગ વાતાવરણમાં ઊછરેલી બે વ્યક્તિ દંપતી બની એક જ છત નીચે જીવવાનો આરંભ કરે ત્યારે ભવિષ્યમાં ઊભી થનારી જાતજાતની પરિસ્થિતિનો ખ્યાલ હોતો નથી. તે સમયના રોમાંચમાં જીવનની કઠોર વાસ્તવિકતાનો વિચાર ન આવે તે સ્વાભાવિક છે. આંખોમાં આંજેલાં મુગ્ધ શમણાં ઘણી વાર આગળનું જોવા દેતાં નથી.

દામ્પત્યજીવનના આરંભે જ આપણે નક્કી કર્યું હતું કે આપણા પરિવારનો વિચ્છેદ થવા દેશું નહીં. આજના જમાનામાં સંયુક્ત કુટુંબની પરંપરા લગભગ નષ્ટપ્રાયઃ થઈ રહી છે ત્યારે પરિવારને જોડી રાખવાનો સંકલ્પ ટકાવી રાખવો લગભગ અશક્ય બની જાય છે. મને પ્રસન્નતા અને સંતોષ છે કે આપણે તે સંકલ્પ સિદ્ધ કરી શક્યાં છીએ. તેમાં તારે ભાગે ઘણું કરવાનું આવ્યું. બહારથી આવેલી વ્યક્તિ માટે અજાણ્યા અને પારકા પરિવારના ઢાંચામાં ગોઠવાવું સહેલું નથી. પત્નીએ સાસરાની પરંપરાને આત્મસાત કરી પોતાને વારસામાં મળેલાં સંસ્કાર અને પરંપરા નવા ઘરમાં દાખલ કરવાનાં હોય છે. આ કામ ધીરજથી કરી શકાય તો જ સ્ત્રી એક સમયના 'પરાયા' ઘરમાં નિજનું ઘર ઊભું કરી શકે. તેં એ બધું જ સફળતાપૂર્વક કરી બતાવ્યું તે આપણા લગ્નજીવનની સૌથી મોટી સફળતા. તારી ધીરજ, સહનશીલતા અને સન્નિષ્ઠ પ્રયાસ વિના તે શક્ય બન્યું ન હોત.

આપણે જોડાયાં ત્યારે ઘરની આર્થિક સ્થિતિ સંતોષજનક નહોતી. તેં ઘરની જવાબદારી સાથે નોકરી કરવાનું ચાલુ રાખ્યું. તું ઘણી વાર થાકી જતી. હું તને નોકરી છોડી દેવાનું સૂચન કરતો, પરંતુ તું કહેતીઃ 'આપણે બંને કામ કરીશું તો વડીલોને સુખશાંતિ આપી શકીશું અને આપણાં સંતાનોને સારી રીતે ભણાવી શકીશું. એમનું જીવન આપણી સંયુક્ત જવાબદારી છે.' હું મારી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહ્યો. મારી સફળતા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા તેં ઘર પ્રત્યેની મારી જવાબદારી પણ તારા ઉપર લઈ લીધી. કશી જ ફરિયાદ વિના, આંનદભેર.

આપણા અંગત સંબંધમાં ઘણા પડકાર આવ્યા. કેટલીય વાર જરૂરી અને બિનજરૂરી સંઘર્ષ ઊભા થયા. દરેક વખતે આપણા બેમાંથી એકે સમાધાન કર્યું. મતભેદ – મનભેદ થયા નહીં. એક વાર નિર્ણય લેવાઈ જાય પછી તે નિર્ણય પોતાનો જ હોય તેમ આપણે તેનો અમલ કર્યો. વિસંવાદમાં પલટાઈ શકે તેવી બાબતો સંવાદ દ્વારા આપણે બંનેએ સાથે મળીને સંવાદિતામાં પલટાવી નાખી. મારા મતે સુખી દામ્પત્યજીવનમાં માત્ર પ્રેમ પૂરતો નથી, બંને પાત્રોની સમજણ બહુ મહત્ત્વની હોય છે. તે વાત આપણે બંનેએ બહુ વહેલી સમજી લીધી. પ્રેમની ક્ષિતિજો વિસ્તરતી રહેવી જોઈએ તે

સત્ય તેં અને મેં બંનેએ સ્વીકાર્યું અને અમલમાં મૂક્યું. તે આપણી સહિયારી સિદ્ધિ.

આપણા સામંજસ્યની અસર સંતાનો પર પડી. સૂત્રો બોલીને કે પાઠ ભણાવીને સંતાનોમાં સંસ્કાર રેડી શકાતા નથી. તેઓ માતાપિતાનું વર્તન જુએ તે પરથી પણ આપોઆપ શીખતાં જાય છે. માબાપ તરીકે આપણે આપણા વિચારો અને આગ્રહો સંતાનો પર લાદ્યા નહીં. એ લોકો સમજણાં થયાં ત્યારથી તેં એમને ઘરની નિર્ણયપ્રક્રિયામાં જોડ્યાં અને એમનામાં જવાબદારીની ભાવના કેળવી. તેનાં જ ફળ આજે આપણી વૃદ્ધાવસ્થામાં મળી રહ્યાં છે. તેં કેળવેલો સંયુક્ત કુટુંબનો આદર્શ આપણા પરિવારમાં ફળીભૂત થયો છે.

ફરિયાદો, અસંતોષ, નિરાશા કે પોતે પાછળ રહી જવાનો ધોખો વ્યક્તિને ક્યાંયની રાખતો નથી. આપણે જીવનમાં ઝાઝું માગ્યું નહોતું. કેટલાંક પાયાનાં સપનાં સેવ્યાં હતાં. તે સાચાં પડ્યાં છે તે જ આપણાં પચાસ વર્ષના લગ્નજીવનની ફળશ્રુતિ છે. પતિ-પત્ની અલગ વ્યક્તિ ન રહે, એક થઈ જાય તે જ સાચું લગ્ન.

હજી આપણી યાત્રા સમાપ્ત થઈ નથી. કદાચ હવે જ શરૂ થાય છે. સંતાનો એમના જીવનમાં વ્યસ્ત થઈ ગયાં છે, આપણી પાસે ખાસ કશું કરવાનું રહ્યું નથી. આપણે ક્યારેય ન હતાં એટલાં મોઢામોઢ થઈ ગયાં છીએ. પ્રેમનું સ્વરૂપ બદલાયું છે, શરીરનું મહત્ત્વ રહ્યું નથી, ત્યારે એકમેકનો હાથ પકડી બાકીની જિંદગી નવેસરથી સાથે મળીને જીવવાનું શરૂ કરીએ. એકમેકના સાથની આવશ્યકતા હવે પછીના દસકામાં વધારે પડવાની છે. મને ખાતરી છે કે હું હાથ લંબાવીશ ત્યારે તેને સાહી લેવા માટે તું મારી બાજુમાં જ હશે. નવી ઉષ્મા, નવા પ્રેમ, નવી સમજણના વિસ્તારમાં તારું સ્વાગત છે.

તેં મને પૂછ્યું હતુંઃ 'આજે તમને શું ભેટ આપું?' તો લે, હું મારી ભેટ માગી જ લઉં - તને. હું પણ મને નવેસરથી તને સોંપું છું. છેલ્લા શ્વાસ સુધી. આપણે જીવનની પ્રત્યેક ક્ષણે 'પ્રિય' હોવાનો અર્થ દૃઢ કરી શકીએ તો એના જેવી પવિત્ર પ્રાર્થના બીજી કોઈ હોઈ શકે નહીં.

તારો અને માત્ર તારો.

**-વીનેશ અંતાણી**

## શુભેચ્છાપત્રઃ

કળા નાગર જ્ઞાતિને સહજસાધ્ય છે. સાહિત્યસર્જન, સંશોધન, શિક્ષણ, સંસ્કારઘડતર વગેરે જીવનને ઉજ્જ્વળ બનાવતાં ક્ષેત્રોમાં નાગર જ્ઞાતિના અનેક મહાનુભાવોનું પ્રદાન અનન્ય રહ્યું છે. 'નાગર મંજૂષા' તે જ પરંપરામાં આગળ વધવાની નેમ ધરાવે છે. તે માટે સંપાદકો, સંચાલકો અને વાચકોને અભિનંદન આપું છું. 'નાગર મંજૂષા'નાં વિશેષાંકોમાં સંપાદકોની આગવી દૃષ્ટિ દેખાઈ આવે છે. પ્રસ્તુત વિશેષાંક 'પ્રિયને પત્ર' પણ રસપ્રદ વાંચનસામગ્રીથી સમૃદ્ધ બને તે માટે શુભેચ્છા આપું છું.

**- વીનેશ અંતાણી**

# પ્રેમીને પત્ર

તમારા વિનાના અમે અમારા વિનાના એવી તું,

આપણે જ્યારે સૌ પ્રથમ મળ્યા ત્યારે આપણે બન્ને પુખ્ત વયનાં હતાં. તેથી આપણા મૈત્રીસંબંધો બુદ્ધિપ્રધાન હતા. માત્ર લાગણીપ્રધાન નહીં. આપણી આ મૈત્રી વધુ ગાઢ બનતાં વર્ષભેર આપણે, પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જે સ્વાભાવિક છે, તેવું ડેઈટિંગ (આ પ્રથા આપણી સંસ્કૃતિમાં નથી તેથી તેનો સમાનાર્થી શબ્દકોશમાં મળતો નથી), પણ કર્યું. આ સમય દરમિયાન આપણે એકબીજાંને ગમવા લાગ્યાં. ભાવુક બની જતાં ઘણી વાર આપણે પરસ્પર કહ્યું છે કે 'તું મને ગમે છે.' હવે 'પ્રભુતામાં પગલાં' માંડવાના પહેલા પગથિયા સમા વેવિશાળ (સગપણ/સગાઈ)ની વાતોનાં વમળ બન્ને પક્ષ અનુભવે છે. આથી આપણે 'પ્રભુતામાં પગલાં માંડીએ' તેવી શક્યતા દૃષ્ટિગોચર થાય છે, પરંતુ આ નિર્ણય કુટુંબીજનો લે તે પહેલાં 'પ્રેમ'ની વ્યાખ્યા અને તેની સૂક્ષ્મ પરિભાષા પરસ્પર જાણી લઈએ – સમજી લઈએ તો જ આપણું લગ્નજીવન 'પ્રસન્ન દાંપત્ય' તરીકે ઓળખાય. આ ઓળખ આપણે બન્નેને ગમશે, ખરું ને? આથી આ વિષય પરત્વેના મારા વિચારો આ પત્રમાં તદ્દન નિખાલસપણે જણાવું છું, એ આગ્રહ કે આજીજીથી નહીં કે તું તેની સાથે સંપૂર્ણપણે સહમત થા, પરંતુ એ શ્રદ્ધાથી કે તું પ્રેમ વિશેની મારી સમજણની યોગ્યાયોગ્યતાને કસોટી પાષાણ પર તરાસી સમજવા પ્રયત્ન કરીશ. ત્યાર બાદ તે બાબતનો પ્રામાણિક પ્રતિસાદ આપીશ. મારા વિચારો તારા પ્રેમના માપદંડના ધોરણે ઊણા પણ ઊતરે તે બને કારણકે આપણે બન્ને ઊર્મિશીલ હૃદય સાથે બુદ્ધિજીવી પણ છીએ.

ફ્રાન્સનું પાટનગર પેરિસ શહેર તો પ્રેમની પણ રાજધાની ગણાય છે. પ્રેમમાં હોય તેવાં પ્રેમીપંખીડાં ફ્રેન્ચ ભાષામાં એવું નથી કહેતાં કે ''હું તને 'મિસ' (miss) કરું છું, પણ 'તું મારાથી મિસિંગ' (missing) છે એમ કહે છે.'

આજ વાત કૃષ્ણપ્રેમી મીરાંના એક કાવ્યમાં પ્રકટ થાય છે.

અહીં સ્ત્રી–પુરુષની આત્મસાત થઈ જવાની વાત છે. મીરાં કૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગઈ એવી લોકકથા પણ પ્રચલિત છે. જો આત્મસાત થવાની વૃત્તિ ન હોય તો સ્ત્રી–પુરુષ સામાજિક દૃષ્ટિએ લગ્નગ્રંથિથી જોડાયાં હોવા છતાં અલિપ્ત જ હોય છે. આવાં લગ્ન 'પ્રસન્ન દાંપત્ય'ની કથાને આંબી જ ન શકે.

જો આત્મસાત થઈ જવાની વૃત્તિ ન હોય તો આવું યુગ્મ લગ્ન પછી પણ માનસિક સ્તરે જુદાં જ હોય છે. પતિ–પત્નીનું પોતાનું વ્યક્તિત્વ હોવું જ જોઈએ, પરંતુ પોતાનું વ્યક્તિત્વ મારા પરણેતરથી ઉત્કૃષ્ટ જ છે એ મમત કે માન્યતા 'પ્રેમની કબર' છે; પ્રેમની કબર બની જાય છે. દાંપત્યજીવનમાં પતિ–પત્નીએ પરસ્પરના વ્યક્તિત્વને વિકાસ આપવા માટે અવકાશ આપવો જોઈએ, અવસર આપવો જોઈએ. આ માટે થોડી બાંધછોડ કરી પરસ્પરના વિકાસ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જવા સાહજિક પ્રયત્ન કરવા જોઈએ.

અંગ્રેજી ભાષામાં 'હું'નો સમાનાર્થી 'I' હંમેશાં મોટો (Capital) લખાય. સામાન્ય રીતે અંગ્રેજી ભાષાના વ્યાકરણના નિયમાનુસાર વાક્યની શરૂઆતમાં લખાતો પહેલો મૂળાક્ષર (Letter) કેપિટલમાં લખાવો જોઈએ; આ મૂળાક્ષર વાક્યની વચ્ચે વપરાય તો તે નાનો જ લખાવો જોઈએ. જો ત્યાં તેને 'કેપિટલ' લખીએ તો તે ભૂલ ગણાય. અંગ્રેજી ભાષામાં બે જ એવા શબ્દો છે કે વિના અપવાદે વાક્યના પ્રારંભમાં કે વચમાં આવતાં હોય તો તે શબ્દનો મૂળાક્ષર 'કેપિટલ' જ લખાય. એક તો 'god' શબદમાંનો 'G' અને 'હું' માટે વપરાતો 'i' હંમેશા કેપિટલ (મોટો) જ લખાવો જોઈએ. 'god' શબ્દમાંનો 'g' કેપિટલ 'G' લખાય તે સમજી શકાય છે કારણ God (ઈશ્વર) સર્વેસર્વા છે;

પરંતુ ‘હું’ માટે વપરાતો ‘I’ હંમેશાં કેપિટલમાં જ લખાય કારણકે તે મારા માટે વપરાય છે. મારા સિવાય અન્ય માટે વપરાતો હોય તો ‘you’ નો ‘y’ વાક્યની વચમાં આવતો હોય તોપણ ‘I’ ની જેમ કેપિટલ ન લખાય. અહીં આપણામાં રહેલો ‘અહમ્’ ડોકાય છે. આ ‘અહમ્’ માનવમાત્રમાં હોય છે. આવો પતિપત્નીનો અહમ્ તેઓ ધરબી ન રાખે તો બન્નેના અહમ્ ટકરાય અને લગ્નજીવનનો પાયારૂપ આવશ્યક પ્રેમભાવ છિન્નભિન્ન થઈ જાય. માત્ર ‘પ્રેમ’નો આભાસ રહે. આવો પ્રેમ, પ્રેમ ન રહેતાં છલ બની જાય છે.

તું સમજે છે ને આ વાત! કુદરતે સ્ત્રી અને પુરુષને અલગ તન અને મન આપ્યાં છે. મનથી પુરુષ બુદ્ધિજીવી એના વ્યવહાર - એના વ્યવસાયમાં છે. જ્યારે સ્ત્રી ઊર્મિપ્રધાન છે. આનો લેશમાત્ર એવો અર્થ નથી કે સ્ત્રી બુદ્ધિશૂન્ય છે કે તેની બુદ્ધિ પગની પાનીએ છે. તે ઊર્મિપ્રધાન હોવાને પરિણામે તે કદાચ પુરુષમાં રહેલ બુદ્ધિની સમકક્ષ તેની બુદ્ધિ ન હોય, પરંતુ સ્ત્રીમાં જે ‘કોઠાસૂઝ’ હોય છે તે પુરુષમાં જોવા મળતી નથી. વ્યવહાર અને વ્યવસાયમાં આવતા જટિલ પ્રશ્નો / કોયડાઓનો ઉકેલ પોતાની ઊર્મિશૂન્ય બુદ્ધિથી ઉકેલી શકે તે માન્ય છે; પરંતુ કેટલીક જીવનની સમસ્યાઓ એવી હોય છે કે જેને ઉકેલવામાં માત્ર બુદ્ધિપ્રધાન નહીં તેવી ‘કોઠાસૂઝ’ (વ્યવહારબુદ્ધિ) આવશ્યક છે કે જે સ્ત્રીમાં સાહજિક હોય છે. જ્યારે પુરુષ તેમાં ઊણો ઊતરે છે.

આથી જ કુદરતે સ્ત્રીપુરુષનાં કાર્યક્ષેત્રો વિશિષ્ટ અને વિભિન્ન રાખ્યાં છે. કુટુંબનિર્વાહ માટે પુરુષ રોજગાર કે ધંધો કરે. આથી તેનો સંપર્ક બાહ્ય જગતની વિવિધ વ્યક્તિઓ સાથે વધુ રહે. આથી તેઓના પ્રશ્નો અને તેના પ્રકાર વિવિધ હોય તેથી તેના ઉકેલ માટે પુરુષને વિશેષ મથામણ કરવી પડે. જન્મજાત બુદ્ધિપ્રધાન હોવાથી તે માત્ર બૌદ્ધિક પરિપ્રેક્ષ્યથી વિટંબણાઓને ઉકેલવા પ્રયત્ન કર્યા કરે. આથી પુરુષમાં ધીરજ અને સૌમ્યતા ઓછી હોય છે, જ્યારે સ્ત્રીઓના વ્યવહાર-વ્યવસાયમાં આવતી અડચણોનો ઉકેલ બુદ્ધિ સાથે ઊર્મિઓના પરિપ્રેક્ષ્યથી કરતી હોવાથી તેનામાં રહેલ કોઠાસૂઝથી અડચણોનો ઉકેલ લાવવા મથે છે. આથી સ્ત્રીમાં ધીરજ અને વિટંબણાઓનાં કાર્યકારણોમાં ઊંડે ઊતરવાની કોઠાસૂઝ વિશેષ હોય છે. આથી તે ગૃહિણી તરીકે વધુ સરળતા અને સફળતાથી પોતાના કાર્યક્ષેત્રમાં માહિર હોય છે.

આનો અર્થ એ નથી કે સ્ત્રી ગૃહિણી ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રોમાં કાર્યશીલ થવા અસમર્થ છે. આજની સ્ત્રીઓ શિક્ષિત છે અને પુરુષોના કાર્યક્ષેત્રમાં ઝંપલાવવા સાહસિક પણ છે. આથી જ આજે મંગળયાન જેવા અવકાશી યંત્રોદ્યોગ વિજ્ઞાનક્ષેત્રમાં, વૈદ્યકીય, ઈજનેરી અને સંરક્ષણદળમાં મહિલાઓની સંખ્યા નોંધપાત્ર છે.

પરંતુ પ્રિયા આ સાથે આધુનિક સ્ત્રીઓ પુરુષસમોવડી થવાની જે રીતે હોડમાં ઊતરી છે તેની સાથે હું સંપૂર્ણ રીતે સહમત થઈ શકતો નથી. સ્ત્રી અને પુરુષ સામાજિક દરજ્જે સમાન ગણાવાં જોઈએ. બન્ને સમકક્ષ છે જ; પરંતુ તે પૂર્ણપણે પુરુષની સમોવડી થવા પ્રયત્ન કરે તોપણ થઈ ન શકે. સંરક્ષણ દળમાં પ્રવેશેલી મહિલાને યુદ્ધને મોખરે (ફ્રન્ટલાઈન)માં રાખી ન શકાય તે તું પણ સમજી શકીશ. તન અને મનના કુદરતી ઘડતરને પરિણામે થોડી મર્યાદાઓ રહેવાની જ. પરંતુ તેથી સ્ત્રીના કાર્યક્ષેત્રનો દરજ્જો પુરુષના કાર્યક્ષેત્રથી - વ્યવસાયી કે સામાજિક - નીચલી કક્ષાનો લેશમાત્ર નથી. બન્ને વિવિધ કાર્યક્ષેત્ર માટે સક્ષમ ન હોય, પરંતુ સમકક્ષ તો છે જ.

આર્થિક પરિસ્થિતિને પરિણામે ગૃહિણી હોવા છતાં નોકરી કરવી પડે તે સમજી શકાય તેવું છે. સમાજે તે સ્વીકારવું પણ જોઈએ, પરંતુ જે સ્ત્રીઓ માત્ર ‘ગૃહિણી’ બનવા માગતી હોય

તો તે કાર્યનું મહત્ત્વ એટલું જ છે.

જેટલું બાહ્ય ક્ષેત્રનું કામ જવાબદારી અને પરિશ્રમ માગી લે છે તેટલું અને કદાચ વિશેષ ગૃહિણીધર્મ બજાવતી સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર છે.

બાળઉછેર, સંસ્કારસિંચન અને સામાજિક સંબંધોની જાળવણી-સાચવણી કુનેહ માગી લે છે. ગૃહસંસારનું 'રડાર' સ્ત્રી છે. સાસરિયાના વડીલો, સાસુ-વહુ અને નણંદ-ભોજાઈના સંબંધો અકબંધ રાખે તે સાચી ગૃહિણી. જાણીતાં લેખિકા શ્રીમતી કાજલ ઓઝા - વૈદ્યે આ હકીકત સરસ રીતે રજૂ કરી છે. તેઓ લખે છે, ''વેવિશાળ પહેલાં છોકરા-છોકરીના જન્માક્ષરો મેળવવા કરતાં સાસુ-વહુના ગ્રહો મેળવવા જોઈએ.''

વહાલી, તને થશે કે આ પ્રેમપત્ર છે, નિબંધ છે કે સંભાષણ છે. આ તે કેવો પ્રિયતમ છે કે પ્રેમપત્રમાં સામાન્ય રીતે લખાતી સુષ્ફુ સુષ્ફુ ભાષાથી અબુધ છે. હું અબુધ નથી. આકાશના તારા ચૂંટી લાવી તારી ઓઢણીમાં ભરીશ તેવાં વચનો આપવાં મને ગમતાં નથી. આપણા ડેઈટિંગ કાળમાં આપણે પરસ્પર ILU (ઈલુ I love you) ILU અનેક વાર કહ્યું હશે, પરંતુ જ્યારે આપણી ગાઢ મૈત્રી 'વેવિશાળ'ના ઉંબરે ઊભી છે ત્યારે સંબંધ પર સામાજિક મહોર લાગે તે પહેલાં પ્રેમનો સંદર્ભ પરસ્પર સમજી લઈએ તે અતિમહત્ત્વનું છે. આપણી મૈત્રીકાળ દરમિયાન આપણી વચ્ચે થયેલ વિચારવિનિમય પછી એવું હું તારવી શક્યો છું. આ બાબતની વિચારશ્રેણી આપણા બન્નેની એકધારી છે એવું ઈંગિત મને મળી ગયું છે.

એક વખત મેં તને કહેલું કે હું અત્યારે શિક્ષક છું અને આજીવન આ વ્યવસાયમાં રહેવું પણ પડે. આર્થિક પરિસ્થિતિને વધુ સંગીન બનાવવા તું નોકરી કર તેવો આગ્રહ કે દબાણ હું કે મારા કુટુંબીજનો નહીં કરીએ તેની હું તને ખાતરી આપું છું. આમ છતાં તારી ઇચ્છા નોકરી કરવાની હોય તો તને અમારા તરફથી પૂરેપૂરી સ્વતંત્રતા છે. તેં આનો પ્રતિસાદ આપતાં કહ્યું, ''મને નોકરી કરવા માટેનું દબાણ કે આગ્રહ નહીં રાખો તે વાત મને ખૂબ ગમી. તમારી આવક 'મર્યાદિત' છે અને રહેશે તે બાબત તમે સહુ નિશ્ચિંત રહેજો. હું તમારા રૂા. ૧૦૦/-નું રૂા. ૨૦૦ જેટલું મૂલ્ય કરીને બતાડીશ. કંજૂસાઈથી નહીં, પરંતુ કરકસરથી. હું અંગત રીતે માનું છું કે પતિ-પત્ની બન્ને નોકરી કે વ્યવસાય કરે તો 'ઘર' ઘર ન રહે, પરંતુ ધર્મશાળા બને. હું સાચા અર્થમાં ગૃહિણી થવા માગું છું. લાગું છું ને સાવ ગામડિયણ! ખેર! પણ જે છું તે છું. બન્ને નોકરી કરી ઘેર થાકયાપાક્યા પાછા ફરે ત્યાં પ્રેમને અવકાશ કે અવસર ન મળે.

સ્વસ્થપણે કરેલ તારી આ સ્પષ્ટ વાત ગમી. તું શબ્દશઃ ગૃહિણી થઈ આપણા કુટુંબનું કિલકિલાટભર્યું ઘર બનશે તે નિર્વિવાદ.

આખરે જાણીતા ગઝલકાર 'મરીઝ'ની ઉક્તિ લખી વીરમું છું.

''તારું જીવન સુખી છે, હું વચ્ચે નહીં પડું
જા, તારી રીતે તારા જીવનને વિતાવી જા!''

આવી પરસ્પર વિચારશ્રેણી છે પરસ્પરની ત્યારે આથી ઉત્તમ પ્રેમની વ્યાખ્યા કઈ હોઈ શકે!

વેવલાઈશૂન્ય અને પરસ્પર ખુશ કરવાની વૃત્તિશૂન્ય એવો ઉત્કૃષ્ટ આના જેવો પ્રિયને પત્ર હોઈ શકે ખરો?!!?

જે વિચારોની આપ-લે કરી છે તેને પરિપૂર્ણ કરીએ અને આપણે આંગણે શરણાઈના સૂરો સત્વરે સંભળાય તેવી અભ્યર્થના સાથે વીરમું છું. જય હાટકેશ.

એ જ લિ.
પ્રસન્ન દાંપત્ય ઇચ્છનાર
તારો અંગદ અંગદ

**- દિનેશ બુચ**

# પ્રિય પ્લાસ્ટર

પ્રિય પ્લાસ્ટર,

મેં જીવનનાં સિત્તેર જેટલાં વર્ષ પૂરાં કર્યાં ત્યારે તારો જન્મ થયો. આથી મને તારે માટે પૌત્રભાવ થાય છે એટલે હું તારી સાથે તુંકારે જ વાત કરીશ. વાંધો નથીને? તેં જે રીતે મારી સેવા કરી છે તે માટે હું સદાય તારો ઋણી રહીશ.

થોડા જ સમય બાદ આપણે વિખૂટા પડવાનો સમય આવશે. એ પહેલાં જ આ પત્ર દ્વારા તારી સાથે થોડી વાતો કરીને મનમાં હળવાશ અનુભવવા ધારું છું.

જાન્યુઆરી ૨૦૨૦ની ત્રણ તારીખો મારે માટે યાદગાર બની ગઈ. પાંચીમીએ ખુલ્લા મેદાનમાં બાંધેલા થોડા ઊંચા પ્લૅટફૉર્મ પરથી પડ્યો. ૧૦મીએ એક્સ-રે રિપોર્ટમાં ડાબા પગના હાડકામાં તડ દેખાતાં જ તારા આગમનની એંધાણી મળી ચૂકી હતી. ૧૩મી એટલે તારો જન્મદિવસ.

ડૉક્ટરે તે દિવસે હૉસ્પિટલના ઓપીડીમાં પ્લાસ્ટિકની જાળીના પટાઓમાંથી ક્યારે તારા કલેવરનું સર્જન કર્યું તેની ખબર જ ન પડી. અચાનક મારો ડાબો પગ પાનીથી સાથળ સુધી જાણે નાગચૂડમાં જકડાઈ ગયો. આ સાથે જ મારા ડાબા પગમાં થતું દર્દ પણ ગાયબ થઈ ગયું. જોકે મારો ડાબો પગ ખૂબ ભારે થઈ ગયો હતો. ડૉક્ટરે કહ્યું હતું ‘હવે છ અઠવાડિયાં પછી વાત.’ આમ તારા સર્જન સાથે વિસર્જનનો સમય પણ નક્કી થઈ ગયો હતો.

જેમ એક સાચો ગુરુ પોતાના શિષ્યને કે પછી એક હિતચિંતક પિતા પોતાના પુત્રને તેમના જ ભલા માટે જરૂરી અંકુશમાં રાખે તે જ રીતે તેં મારા ડાબા પગને અંકુશમાં રાખીને તેને ફરીથી પહેલાંના જેવો કાર્યશીલ બનાવવામાં જે ભાગ ભજવ્યો છે તે એક પિતા તરીકે ખૂબ સારી રીતે સમજું છું. તે સાથે માત્ર અનિવાર્ય સંજોગોમાં જ મેં તને જમીનનો સ્પર્શ કરાવીને તારો આધાર લીધો છે. તે સિવાય મહદ્અંશે તને ગાદી-તકિયા પર જ સ્થાન આપ્યું છે. આમ તારા જીવનની અમૂલ્ય પળો આપણે એકબીજાને સથવારે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં જ વિતાવી છે.

ક્યારેક મને લાગે છે કે તને તારાં આ છ અઠવાડિયાંના જીવનકાળથી સંતોષ નથી. વળી તને લાગતું હશે કે માણસજાત ખૂબ સ્વાર્થી છે. થોડે અંશે તારી વાત સાચી છે, પણ મારી વાત પર વિચાર કરવાથી તને સત્ય સમજાઈ જશે.

આમ જોવા જઈએ તો પૃથ્વી પર પોતાનું અવતાર કાર્ય પૂરું કરવા માટે જ દરેક જીવ જન્મ લે છે. મારા ડાબા પગને પૂર્વવત્ કરવા માટે જ તારો જન્મ થયો છે. મારા ડાબા પગનું અવતારકાર્ય મારા જમણા પગ સાથે સુમેળ સાધીને મને ફરીથી દોડતો કરવાનું છે. જો તું કાયમ સાથે રહે તો મારો ડાબો પગ પોતાનું અવતાર કાર્ય કરી શકશે નહીં. એટલે મારા ડાબા પગનું અવતાર કાર્ય ત્યારે જ થઈ શકશે જ્યારે તું તારું અસ્તિત્વ મિટાવી દેશે. આ માટે તું ભગવાન વિષ્ણુ પાસેથી પ્રેરણા લઈ શકે છે. તેમને પણ દસ અવતાર કાર્યો કરવા માટે દસ જુદા જુદા અવતાર લેવા પડ્યા હતા.

વળી એકના સર્જન માટે બીજાનું વિસર્જન તે તો કુદરતનો નિયમ છે. પક્ષીઓ, મત્સ્ય જીવો જેવા અનેક જીવોનું ઉદ્ભવસ્થાન ઈંડાંમાં છે. શરૂઆતમાં ઈંડાંનું કડક કોચલું અંદર પાંગરતા જીવનું રક્ષણ કરે છે, પણ ઠરાવેલી સમયમર્યાદા પછી તે જીવના સ્વતંત્ર અસ્તિત્વ માટે તે કોચલાનું વિસર્જન અનિવાર્ય બને છે.

તારી સાથે આટલા ટૂંકા સહવાસ દરમિયાન તારી અંદર રહેલા એક ફરજપરસ્ત અને શિસ્તના આગ્રહી આત્માનાં મને દર્શન થયાં છે. મને એવું પણ લાગે છે કે દધિચી ઋષિની જેમ હવે તું પણ તારું અસ્તિત્વ મિટાવવા માટે તૈયાર જ હશે. સમગ્ર રીતે જોતાં તારું કલેવર બદલાતાં જતાં તે કરેલાં સત્કર્મો તને છેવટે મોક્ષ અપાવશે તેવા મારા અંતઃકરણના આશીર્વાદ છે.

એ જ લિ.

તારા દાદાતુલ્ય

પ્રણવના આશિષ

**- પ્રણવ દેસાઈ**

# પ્રિય ઉર્વશી

પ્રિય ઉર્વશી,

તારું નામ મેં પહેલી વાર કાગળ ઉપર લખ્યું. તને બદ્ધા ઉશી કહીને જ બોલાવે. આટલું અઘરું નામ કેમ તમે આ પરી જેવી છોકરીનું રાખ્યું? મને તો તારું નામ પાડવાનો હક્ક જ નહોતો. તારા પપ્પાએ જ તને પહેલી વાર જોતાંવેંત કહ્યું, '' અરે હેમા જો તો, ભગવાને આપણને અપ્સરા જેવી દીકરી આપી છે. હું તો એને ઉર્વશી જ નામ આપું છું.' અને ખરેખર તું સ્વર્ગમાંથી ઊતરીને આવી હો તેવું લાગતું.

આ કાગળ જ્યારે તું વાંચીશ ત્યારે તને ઉશી ઉશી કહીને નહિ થાકતી તારી મા હંમેશ માટે શાંત થઈ ગઈ હશે. થાકે તો ખરીને? આપણે બે અને ત્રીજા તારા પપ્પા જાણે બિલિપત્રના ત્રણ ત્રિદલ પાંદડાં હતાં. તું આવવાની છું એવી પરાગને ખબર પડતાં જ એ તો ખુશ થઈ ગયા. ઘેર ઑફિસથી આવ્યા તો નાની ઢીંગલી, નાનું ગુલાબી રંગનું ફ્રોક ને કંઈ કેટલુંય લઈ આવ્યા. પાંચ મહિના તો આમ ચપટીમાં નીકળી ગયા.

એક વાર ડૉક્ટર પાસે રુટિન ચેક અપ માટે ગયા તો હંમેશાં હસતા ડૉક્ટર ગંભીર થઈ ગયા અને કહ્યું, ''પરાગભાઈ બાળકનો જેવો વિકાસ થવો જોઈએ એવો નથી. એ જન્મશે તો કંઈક ખોડ સાથે જ. તમારે બે જણને નક્કી કરવાનું છે કે તેને જન્મ આપવો કે નહિ?' હું અને પરાગ સ્તબ્ધ. તું તો અમારું સ્વપ્ન અને તને જન્મ આપતાં પહેલાં જ?

પરાગ, થોડીક વાર અવાચક્ બની બેસી રહ્યા ને મારી આંખોમાંથી ટપકતાં આંસુને છેવટે પોતાના રુમાલથી ખાળવા પ્રયત્ન કર્યો ને પછી બોલ્યા ડૉક્ટર હેમાને પહેલી પુત્રી જ જોઈએ છે જેવી હશે તેવી અમે એને ઉછેરીને મોટી કરીશું. બે દિવસ અમે ખૂબ અસ્વસ્થ રહ્યાં ને પછી ધીમે ધીમે અમે મન મક્કમ કર્યું. પરાગ હંમેશાં સકારાત્મક વાતો કરતાં રહ્યાં. એને આપણે ગુજરાતી માધ્યમમાં ભણાવીશું.

કંઈ કેટલાંય સ્વપ્ન હું ને પરાગ જોતાં અને પછી તું આવી. ડૉક્ટરે હસતાં હસતાં પરાગના હાથમાં તેને મૂકી. લો સંભાળો તમારી પરીને! કેટલી સુંદર છે! ભગવાને મારી પ્રાર્થના સાંભળી. સંપૂર્ણ સ્વસ્થ છે તમારી દીકરી! હું અને તુષાર તને જોઈને ખૂબ ખુશ હતા. ૫-૬ મહિના પછી દિવાળી - તારી પહેલી દિવાળી. - પરાગે પોતાને માટે કંઈ ન લીધું, પણ તારા માટે તારામંડળ, કોઠી, ચકરડી વગેરે લાવ્યા. હું તને ખોળામાં બેસાડી પરાગ જે ફટાકડા ફોડતા તે બતાડતી. તું તાળી પાડતાં શીખી હતી. એક વાતની મને બહુ નવાઈ લાગતી કે બાજુવાળા પરીખકાકાનો બબલુ મોટો બૉમ્બ ફોડતો તો હું ધ્રૂજી જતી, પણ તું મસ્તીથી મારી પાસે બેસી રહેતી. સહેજ પણ ગભરાતી નહિ. મેં પરાગને મારી ચિંતાની વાત કરી તો પરાગ રસોડામાંથી જુદાં જુદાં વાસણો લઈ આવ્યા. મારી પાસે ઊભા રહી વગાડ્યાં. દૂર ઊભા રહી વગાડ્યાં, પણ તું તો તાળી વગાડીને હસતી જ રહી. થોડા દિવસ પછી અમને ખાતરી થઈ કે તને સંભળાતું નથી. પરાગે પાણીની જેમ પૈસા ખર્ચ્યા, પણ પરિણામ શૂન્ય. બદ્ધા જ ડૉક્ટરે એક જ વાત

કહી કે તમારી પુત્રી સાંભળતી પણ નથી અને બોલી પણ નહીં શકે, અને તે પછી અમે બન્ને બોલતાં-સાંભળતાં બંધ થઈ ગયાં. કોઈ ત્રણ વાર બોલે કે કેમ છો તો અમને સમજાતું.

પણ પરાગે હિમ્મત ના હારી. તને રંગીન ક્રેયોન્સ લાવી આપ્યા અને તારી દુનિયા રંગીન બનાવી દીધી. ત્રણ વર્ષની ઉંમરે તો તું એવા સરસ ઘર, ઝાડ, હિંચકો વગેરે દોરતી. ૧૦ વર્ષની થઈ ત્યારે આચાર્યે તને બીજાં બાળકોને ચિત્રકામ શીખવવાની જવાબદારી સોંપી. આ એક જ શાળા આપણા શહેરની હતી, જે મૂગાં-બહેરાં બાળકોને શિખવાડતી ને ધીમે ધીમે તું તારા પગભેર થઈ ગઈ. તારી ફી અમે નહોતાં આપતાં. તારી પાસે પણ ભાષા તો હતી, પણ બે જ - હસતી ત્યારે લાગતું કે તું ખુશ છે ને ઉદાસ મોઢું જોઈ અમે દુઃખી થતાં.

એક દિવસ તેં મને સમજાવ્યું કે તને આનંદ નામનો છોકરો બહુ ગમે છે ને તારે એની સાથે લગ્ન કરવું છે. પ્રિન્સિપાલ ઘેર આવ્યા. તેમણે પણ અમને સમજાવ્યું કે છોકરો સારો છે અમે તો આમે તારી ખુશીમાં જ ખુશ રહેતાં. તારા આનંદ સાથે લગ્ન કર્યાં. તારું સુઘડ સ્વચ્છ ઘર, તને અને આનંદને હંમેશાં ખુશ જોઈ અમે ખુશ રહેતાં.

હું ઘણી વાર વિચાર કરતી કે ભાષાની ક્યાં જરૂર છે. ભાષાથી તો ઘણીવાર માણસ-માણસ વચ્ચેના સંપર્કમાં અંતર વધી જાય છે. તારી શાંત પ્રસન્નતા મને ગમતી.

ઉશી, મનમાં કશાય કચવાટ વગર હું તમારી વિદાય લઉં છું. પ્રભુની આભારી છું. એણે મને તારા સ્વરૂપે આનંદ અને પ્રસન્નતા આપી. દુનિયાની એક વધુ ભાષા જો મૌન બને તો આખી દુનિયા સુખ-શાંતિથી રહી શકે. સહેજ પણ દુઃખી ના થઈશ. તેં તો મને શ્રેષ્ઠ પુત્રીની માતા બનવાનું ગૌરવ આપ્યું છે. મારો આત્મા તો ગતિ પામતાં પહેલાં જ સદ્ગતિ પામ્યો છે.

‘‘આવજે ઉશી’

તારી મા.

**- અમી યાજ્ઞિક**

# પ્રિય સખા

પ્રિય સખા,

નવાઈ લાગી હશે! મેં અહીં 'સખી'ને બદલે 'સખા' સંબોધન કેમ કર્યું હશે? તો મિત્રો આ 'સખા' એ માનવાચક સંબોધન રાધાજી શ્રીકૃષ્ણ માટે કરતાં હતાં અને શ્રીકૃષ્ણ રાધાજીને 'સખી' કહીને બોલાવતા હતા. - એટલે કૃષ્ણ સમ મિત્ર માટે 'સખા' જ હોય!!

આપણને જન્મ થતાંની સાથે જ માતા, પિતા, ભાઈ, બહેન, કુટુંબ, પરિવાર, કુળ - આ બધું જ અન્ય પાસેથી અને અન્ય દ્વારા મળે છે. પણ... 'દોસ્ત', 'મિત્ર', 'સખા', 'સખી' આ તો આપણે ખુદ પસંદ કરીને એની સાથેના એક અતૂટ સંબંધમાં જીવન પર્યંત બંધાઈ જતાં હોઈએ છીએ.

આપણા જીવનની આ એક એવી અણમોલ વ્યક્તિ હોય છે કે જેને ઈશ્વર આપણી સાથેના લોહીના સંબંધથી બાંધવાનું ચૂકી ગયા હોય ને ત્યારે જ એ મળે છે.

સખા, સૌથી પહેલાં તો ઈશ્વરનો લાખ-લાખ આભાર કે એમણે મારા જીવનમાં એક દીવાદાંડી સમાન તને મોકલ્યો છે. આ લખતાં અત્યારે એવા કેટલાય પ્રસંગો એક ચલચિત્રની માફક નજર સમક્ષ તરવરી રહ્યા છે જ્યારે તારો ખભો મારાં દુઃખ, દર્દ કે વેદનાને ઠાલવવાનું એક માધ્યમ બન્યો હોય! એ ક્ષણે તારો અશ્રુમિશ્રિત હાથનો મારા વાંસે કે માથે ફરતો - અનુભવાતો સ્પર્શ જાણે મારું તમામ દર્દ હરી લેતો. તું મારા જીવનની અમુક એવી ઘટનાઓનો પણ સાક્ષી રહી ચૂક્યો છે સખા! કે જે કદાચ મારા માટે પરિવાર સાથે વહેંચવી અઘરી હોય, પણ તને સહજતાથી કહી શકી હોઉં!! મારી હર એક મૂંઝવણનો તું જાણે ઉકેલ બનીને મળ્યો છે મને! આથી જ કદાચ કહેવાયું હશે કે -

''મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય;
સુખમાં પાછળ પડી રહે, પણ દુઃખમાં આગળ હોય''

સખા મેં મસ્તીના મૂડમાં તારી સામે ખડખડાટ હાસ્ય ગુંજાવ્યું છે તો દર્દમાં તારી સામે ખળખળ આંસુય સાર્યાં છે. અત્યારે - આ ક્ષણે કંઈક એવી યાદો તાજી થઈ રહી છે કે જેમાં આપણે અરસપરસ વેદના અને વહાલ બન્ને વહેંચ્યું હોય! બન્ને સાથે ખોબો ભરીને હસ્યાં છીએ તો કૂવો ભરીને રડ્યાં પણ છીએ.

બસ! આમ ને આમ જ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી એકબીજા પરનો વિશ્વાસ અને આપણું સખાપણું આમ જ કાયમ રહે એ જ અભ્યર્થના!!

એ જ તારી
'સખી'

**- કલ્પા વ્હોરા**

# પ્રિય ઈશ્વર

પ્રિય ઈશ્વર,

સૌ પ્રથમ જગતના નાથને મારા પ્રણામ. તું આખા જગતનો પિતા હોવાથી વડીલનું સંબોધન યોગ્ય કહેવાય, પરંતુ આજે તને મિત્રભાવે પત્ર લખવાનો વિચાર આવ્યો તેથી 'પ્રિય' અને 'તું'થી સંબોધન કર્યું છે. તો તે માટે ક્ષમા યાચું છું.

રોજ તને મંદિરમાં મૂર્તિ સ્વરૂપે, જુદાં જુદાં રૂપમાં જોઉં છું, મળું છું. પ્રાર્થના કરું છું, પણ હા, પત્ર લખવાનું કદી વિચાર્યું ન હતું. કારણ હવેના સમયમાં પત્રવ્યવહાર સાવ લુપ્ત થઈ ગયો છે. પત્ર લખવો, પોસ્ટ કરવો અને તેના જવાબની રાહ જોવા જેટલી ધીરજ આજના માનવીમાં રહી જ નથી. જોકે જે ભાવ અને સંવેદના પત્રમાં રજૂ થઈ શકે છે અને અનુભવી શકાય છે, તે બીજા કોઈ માધ્યમથી ક્યાં મળવાનાં? તેથી જ મારા મનની વાત આ પત્ર દ્વારા રજૂ કરી, તારા સુધી પહોંચાડું છું અને એ રીતે એ જૂની પ્રણાલીને જાળવવાનો પ્રયત્ન કરું છું.

એક સંસ્કૃત શ્લોકમાં વર્ણવ્યા પ્રમાણે આખી પૃથ્વીનો કાગળ બનાવી, તેમાં રહેલા બધા જ સમુદ્રની શાહી, બધા ઝાડની ડાળીઓની કલમ બનાવી, દેવી શારદા પોતે લખવા બેસે તોપણ તારા ગુણોનું વર્ણન ન થઈ શકે તો મારા માટે તારા ગુણોનું વર્ણન કરવું અશક્ય જ છે, પણ હા, તેં મને જે માનવ તરીકે જન્મ આપ્યો છે, તેનો ઉપકાર હું કદી ભૂલી શકીશ નહીં. તારી અમારા પરની અસીમ કૃપા અનુભવનો વિષય છે. વર્ણનનો નહીં. તેથી જ કોઈ કવિએ સાચું જ કહ્યું છે. –

'ઈશ્વર આટલામાં જ છે.
એ વાત મેં એ રીતે જાણી,
સદીઓથી મફત મળે છે,
પ્રકાશ, પવન ને પાણી.'


તું અંતર્યામી છે, તેથી અહીં પૃથ્વી ઉપર શું થઈ રહ્યું છે, તેનાથી તું અજાણ ન હોઈ શકે. લોકો અનેક સમસ્યાઓથી ઘેરાયેલા છે. જેમાં અમુક કુદરતી છે. અમુક માનવસર્જિત છે. ભૌતિક સુખ પાછળની દોટમાં માનસિક શાંતિ હણાઈ ગઈ હોય તેમ લાગે છે.

આ બધામાં તારું સ્મરણ એક આધાર છે તેમ માનું છું. તારા અસ્તિત્વમાં મારી શ્રદ્ધા દૃઢ રહે અને જીવનનૈયા પાર ઊતરે તેવી પ્રાર્થના સાથે પત્ર પૂર્ણ કરું છું.

લિ.
તારી મિત્ર તથા એક ભક્ત

**– ભાર્ગવી જોષીપુરા**

# ડીયર પા (Pa)




ડિયર પા (એમને સહુ પા કહેતા)

સમયને જાતાં કાંઈ વાર લાગે છે? આજકાલ કરતાં તમારી વિદાયને પણ બાર વર્ષ થઈ ગયાં. રામના વનવાસ જેટલાં વર્ષ - અહીં સીતાનો વનવાસ ચાલે છે - વિદાય બહુ વસમી હોય છે - અને યાદો તો જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સાથે રહેવાની પણ જિંદગી છે. જીવવી પણ છે. તો પછી તમને ગમતી વસ્તુઓ કરીને ઝિંદાદિલીથી કેમ ન જીવું? અઘરું છે, પણ જે સંજોગો મારે માટે ભગવાને નિર્માણ કર્યા છે તેનો સામનો કરે જ છૂટકો અને હસતે મોઢે અને ''જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.'' એવી રીતે. જ્યારે જ્યારે દિવ્ય ભાસ્કરની રવિવારની પૂર્તિમાં શ્રી ગુણવંતભાઈ શાહનો લેખ વાંચું ત્યારે એટલી બધી એકલતા અનુભવું - કે મારી સાથે શેર કરવાવાળું કોઈ નથી. મારું મંતવ્ય કોની પાસે વ્યક્ત કરું? તમને વાંચનનો બહુ શોખ હતો. કાંઈ પણ સારું વાંચો ત્યારે પૅન્સિલથી માર્ક કરી રાખતા - એવી ટેવ મેં પણ પાડી છે.

તા. ૮-૧૧-૨૦૦૯ની રવિવારની પૂર્તિમાં ગુણવંતભાઈ લખે છે કે, ''પ્રત્યેક માણસ પાસે એક હોબી હોવી જોઈએ, કર્મનું ખરું સૌંદર્ય હોબી સાથે એકરૂપ બનતી વખતે પ્રગટ થાય છે. હોબી સાથે જોડાયેલું કર્મ એટલે કર્મયોગ તરફની યાત્રાનો પ્રારંભ.'' તમને યાદ છે પા! આપણે HLL ના pre-retirement cruzse માં ગયેલા. ત્યારે એક કૉમન સવાલ પુછાયેલો કે If you are given a rebirth, what would you like to become? આપણા બન્નેનો તાલમેલ આટલો બધો મળે છે એ ત્યારે જ ખબર પડી - ત્યારે આપણે નક્કી કરેલું કે બન્ને કાંઈક સાથે શીખીએ અને આપણે કૉમ્પ્યુટરના ક્લાસ જોઈન કરેલા - સંયુક્ત કુટુંબમાં આપણે પહેલું પ્રાધાન્ય વડીલોને આપેલું તેથી ઘણી વખત ઇચ્છેલું નહોતા કરી શક્યા - પણ મને એનું જરા પણ દુઃખ નથી. આપણે તમારી તબિયતને લીધે બેંગલોરની લાંબી રહેણાક છોડીને વડોદરા આવ્યાં અને નવરાત્રીના ગરબામાં મને ઈનામ મળ્યું ત્યારે તમે એક નોટ લખેલી કે, You are proud of my activities અને હંમેશાં પ્રવૃત્તિમય રહેવું તમને ગમતું. મને પણ ગમે છે. એટલે હું ડ્રાઈવિંગ શીખી, હાર્મોનિયમ શીખું છું - કારણ મારે દુઃખી થઈને નથી રહેવું. હું રોદણાં રોવામાં નથી માનતી.

આજે તમને યાદ કરીને, ભેગા થયેલા છાપાંમાંથી વાંચીને બધું ટપકાવું છું. તમને ખરેખર - સેલ્યુટ કરવી પડે કે તમારી કથળતી જતી તબિયતમાં પણ કોઈ પૂછે - કેમ છો? તમે હંમેશાં જવાબ દેતાં - જોરમાં છું. મને ખબર હતી, થોડી વાર પહેલાં જ તમે કઈ વેદનામાંથી પસાર થયા છો - તમારા સકારાત્મક વિચારોએ મારામાં પણ

ઘણું પરિવર્તન આણ્યું છે - હું પણ હવે મારી નારાજગીને લાંબો સમય રાખતી નથી. ખંખેરી નાખું છું, કારણકે તમારા જીવનને દુઃખી કરતા દુશ્મનો તમારી અંદર જ છે. એના ઉપર જીત મેળવો - એટલે સુખ હાથવેંતમાં છે.

એક વસ્તુ કહું? રોજ સવારે ૬.૩૦થી ૭.૦૦ ઈ ટીવી ગુજરાતીમાં પશુપાલન - મરઘાં ઉછેર તેમ જ કૉમોડિટી આવે ત્યારે તમે પોલ્ટ્રી ફીડ સાથે જોડાયેલા હતા એ યાદ આવે - બીજું હમણાં શિયાળો ચાલે છે - તાજાં શાકભાજી અને મૂળા ખાતી વખતે ગેરહાજરી ખૂબ સાલે છે.

તા. ૧૮-૧૦-૨૦૧૦ના જન્મભૂમિમાં આવ્યું છે કે ''વેદમંત્રોમાંથી રામાયણની રચના થઈ છે. રામ-લક્ષ્મણ-સીતા જેવાં કોઈ પાત્રો હતાં જ નહીં - પણ સમાજમાં દાખલો બેસાડવા માટે આ વાર્તા લખાઈ છે - વર્ષો પહેલાં તમે આમ બોલેલા ત્યારે હું ખિજાયેલી કે બાળકો નાનાં છે. આવું ન બોલો - એમના મનમાં આપણા પુરાણો ઉપર શંકા જાય એવું ન કહો - પણ જ્યારે જન્મભૂમિમાં વાંચ્યું ત્યારે તમે યાદ આવ્યા - કે ''વેદોમાંના દેવો-દેવીઓનાં નામો અને કામો પરથી ઋષિ વાલ્મીકિએ ''રામાયણ''ની રચના કરી છે એવું સંશોધકોનું માનવું છે - તમે પણ એમાંના એક ખરાને!

ચાલો હવે હું વીરમું - આજે તમે મારી સાથે જ છો એવી અનુભૂતિ થાય છે. મારી ચિંતા બિલકુલ ન કરતા. મારી જાતને ખૂબ જ પ્રવૃત્તિમય રાખું છું અને બન્ને ભાઈ-બહેન મારું ખૂબ જ ધ્યાન રાખે છે - ''ચિદાનંદ રૂપ શિવોડહમ શિવોડહમ''

અસ્તુ

**- વિશાખા પોટા**

# પ્રિય સમંદર

પ્રિય સમંદર...

તારી સાથે મને આખા દિવસની સાંજ છે ને તે વિતાવવી બહુ જ ગમે છે. તારા કિનારાની પ્રકૃતિ નાના મોટા ડુંગરાઓ, નદીઓ... પથ્થરો... સૂરજદાદાનું તારામાં ઊગવું, આથમવું... એ મને જોવું બહુ ગમે છે. મન એકદમ આનંદ આનંદ થઈ જાય છે. આખા દિવસનો ભાર ઊતરીને મન દિલ હળવું બની જાય છે. સાચે જ... તારી સાથેની સાંજ આગળના દિવસનું કામ કરવાનો ઉત્સાહ પૂરો પાડે છે.

સમંદર... તારા કિનારે કેટલાંય શહેરો વસેલાં છે. તને જોવા માટે... તારી સાથે વાતો કરવા માટે ન જાણે કેટલાય લોકો દૂરદૂરથી આવે છે. એમાં પણ.. હા, રવિવારે સાંજે તો ખાસ.. કેમ? રવિવારે સાંજે તો તારાં રંગરૂપ સોળે કળાએ ખીલ્યાં હોય છે. એક અલગ જ મોભો તારો પડે છે. રવિવારની સાંજે સૂરજદાદાની લાલિમાનું અવલોકન કરતાં કેટલાય લોકો, પ્રેમીયુગલો જોવા મળે છે અને ખુશખુશાલ દેખાય છે. નાનાં બાળકો તારા ખોળા રૂપી રેતીમાં નાનાં નાનાં પગલાં પાડી.. ઘર બનાવી... આનંદની કિકિયારી કરતાં જોવાની પણ મને બહુ મજા આવે છે.

કેટલાક લોકો તો તારી સંધ્યાપૂજા પણ કરે છે ત્યારે તને બહુ જ આનંદની અનુભૂતિ થતી હશે નહીં? કેટલાક લોકો એકબીજા પર પાણી ઉડાડીને મજા-મસ્તી કરે છે. તો કેટલાક લોકો પાણીમાં પગ ડુબાડીને મજા કરે છે. ત્યારે લોકો પોતાનું દુઃખ દર્દ બધું ભૂલી જાય છે, પણ એક વાતનું દુઃખ થાય છે. સમંદર... તારા કિનારા પર બેસીને બધા આનંદ-પ્રમોદ, મોજમસ્તી કરે છે.. સાથે તને ગંદો પણ કરે છે. આ જોઈ મને બહુ ગુસ્સો આવે છે. લોકો ખાઈ-પીને તારી સુંદરતા-શોભાને ગંદકીથી ભરી દે છે. મારી તને વિનંતી છે કે.. આ દૂષણને રોકજે સમંદર... મને તો જેવો હશે તેવો તું... સ્વીકારીશ... એક સાંજ તો તારા સાન્નિધ્યમાં વિતાવી.. બહુ જ ગમે છે.

અંતમાં એક-બે પંકિત સાથે આ પત્ર પૂરો કરીશ.. સમંદર...

મહેકી રહી છે સાંજ મારી,
ખુશ્બુ કાંઈ અનેરી લાગે,
દૂર હો ભલે તું છતાં...
લાગણીથી મને મારી આસપાસ લાગે.
આવજે
એ જ તારી લહેરે...
પાછા મળશું એક સાંજે
હું... અને તું...

**- નીતા હાથી**

# પ્રિય સખી

પ્રિય સખી,

સહુ પ્રથમ તો તારા એકોતેરમાં જન્મદિન નિમિત્તે અભિનંદન. ચાલ સાથે મળીને બચપણમાં સરકી જઈએ. ૭૧માંથી એકડો પાટીમાં ને ઉંમર સાતમાં જતાં રહીએ.

ફ્રોકના બટન આડાઅવળા બીડી વાળ ઓળવાના ભડભડિયા ને પાટીમાં પેનથી એકડો સાથે ઘૂંટ્યો તે મિત્રતા એકોતેરમા વરસે પણ એવી જ અડીખમ આત્મીય રહી તે જ તો આજે આપણી અકબંધ મૂડી છે ને?

સૂચક પ્રાથમિક શાળામાં નાની અંબોડીવાળાં નિર્મલાબેન આચાર્યા. આપણે ઊંચાઈમાં નાનાં હતાં તે લાઈનમાં સૌથી આગળ જ ઊભા રાખે. એક વાર મુક્તા યાદ છે ને પેલી ઘાઘરી પોલકાવાળી, એના ચાર મહિનાના ભાઈને લઈને નિશાળમાં આવી. બિચારી કહે બા-બાપુ કડિયાકામે ગયા છે તો ભાઈને કોણ રાખે? બેન કહે જા અહીં ન લવાય, ઘરે મૂકીને આવ અને રડતી જતી રહી.

બે પૈસામાં ગરમગરમ બટાટાપૌવા વસંત હંસા નિશાળની રીસેસમાં તપેલામાં લઈને બેસતી ફરીદા - જગદીપ કોર, હેમી - ઝવેર, મિનાક્ષી - વસુમતિ, જીવણસીંગ, સુધીર, મુકેશ, પ્રવીણ, કિશોર કેવા નિસ્વાર્થ સહશિક્ષણમાં સાથે ભણ્યા - રમ્યા - લડ્યા ને લીલા-કીટાઓ કરી?

કોટક સ્કૂલમાં એક જ સ્કૂલમાં એક જ ક્લાસમાં એક જ બેન્ચે ભણવાનો હઠાગ્રહ જીતી ગયા. હિન્દીના સર કિશન સર કહેતા એ રાવલજી વોરાજી મોઢું આ બાજુ રાખો. બારી બહાર નહીં. અંગ્રેજીના શરદ સર ૧ રૂા. ટોકન પેટે લઈ વ્યાકરણનું એક કલાકનું ટ્યુશન આપતાં એના વહુને સાઈકલ આવડતી ન હતી તો દોરીને કેરિયર પર સાબુની પેટી લઈ વેચવા નીકળતાં એ ઉદાર રાચ્છ સાહેબને હવે સરમાં ગોતશું?

માલિનીબેન, હરગૌરીબેન, નીલમબેન, તરુબેન, કુસુમબેન, પારેખ સર કોને કોને યાદ કરીએ? કોને ભૂલવા? ટપુભાઈ પટાવાળા રજાના સરક્યુલર લઈને આવે તે લવજીભાઈ ઘંટ વગાડે એ આતુરતાપૂર્વક કેવી રાહ જોવાતી આચાર્યા ચંદ્રકળાબેન શિસ્તના કડક આગ્રહી પણ લાડ બહુ કરતા હોં!

મેં આઠમા ધોરણમાં નોટિસ બૉર્ડ પર ‘સૂનો સૂનો એ દુનિયાવાલો કોટક કી યે અમર કહાની’ કાવ્ય બનાવીને મૂકેલું તને યાદ છે?

આપણી જોડીનું નામ હતું પેલી જાડા ધોકા જેવા ચોટલાવાળી ચંદ્રાગના જન્મશંકર વ્યાસ રોજ કહેતી પરણ્યા પછી ઓળખશો પણ નહીં. આજેય એને ફેસબુક પર શોધીને કહેવા આતુર છીએ કે ૭૧ મે વરસે પણ અમારી એવી જ અડીખમ જોડી મિત્રતાની મિસાલ છે, પણ એ મળતી નથી.

માબાપ હયાત નથી. ભાઈબેનો એના સંસારમાં. આપણે પરણ્યાં, તું તારા સંસારમાં અને હું મારા સંસારમાં. પતિનું ઘર ‘મારું ઘર’ થઈ ગયું. ગામો બદલ્યાં જીવનમાં કેટલાંય પાત્રો આવ્યાં. કોઈ ને કોઈ સંબંધનાં રૂપો રહ્યાં, વિખૂટાં પડ્યાં.

પેલી મીંડલાવાળી મિનાક્ષી, ઊંચા ઓટલાવાળી ભદ્રિકા પિયર જતાં ક્યારેક મળી જાય છે. મોટું-પતલું જેવી પુનિત-રેખાની જોડી, છેલ્લી બેન્ચવાળી કડક ચોટલાવાળી સરોજ - ભારતી - કનકની જોડી. પ્રતિભા - ગીતાની જોડી, આ બધાં પાછાં ક્યારે મળીશું.

લારીવાળા મગનભાઈની કુલ્ફી તો એ વખતે પણ વખણાતી (આજે લારી નહીં, કુલ્ફી આઈસ્ક્રીમના મોટા પાર્લરવાળા) એની ૧૦ પૈસાની કુલ્ફીના કેસરના તાતણા તો આજેય મોઢામાં પાણી લાવી જાય છે. આપણા બાપુજી બસના પૈસા આપતા તે બચાવી બચાવી ખાસી સિંગ લઈ શાળાના મેદાનમાં રેતીમાં વેરીને પાછાં ગોતી ગોતીને ખાતાં. બહુ ખાધી ને કેટલું બેઠા તેવું લાગે ને? હવે એ સિંગ એ રેતી એ મેદાનમાં ક્યાં શોધશું?

હવેના ક્લાસ ટીચર મેડમ એ વખતના આપણાં બેન રાજીનામું આપે કે રિટાયર થાય તો હીબકે ચડી જતાં અઠવાડિયું તો રોયાં જ કરતાં નિશાળમાં ને ખાવાનું ભાવતું નહીં. આ બેનો ક્યાં ખોવાઈ ગયાં હશે?

કૉલેજમાં પણ સાથે એડમિશનમાં આપણે બેય જીતી ગયાં પેલાં પ્રિયબાળાબેનનું નામ આપણી બેનપણી પુષ્પાંજલિએ લવલી ડોલ રાખેલું. પેલાં મૃદુલાબેન અંબોડી લઈ આવતાં. હું એને અંબુડી કહેતી અને આપણું ગ્રુપ એને સુંદરી કહેતું. તું તો મારે ઘેર વાંચવાના નામે આવી સૂઈ જ જતી. મારા દાદા કહેતા એ ઘોરવા આવી ગઈ. દેસાઈ સાહેબ ગુડ મોર્નિંગ ફ્રેન્ડ્સથી ચાલુ થતાં તો મહેતા સાહેબ ડુ યુ નો, ડુ યુ નો બોલ્યા કરતા. એક વાર ભમરો ઊડતો ઊડતો ક્લાસમાં આવ્યો તો સંસ્કૃતના શાસ્ત્રી સાહેબ કહે અરે ઊભા શું થઈ ગયાં. ભમરો આવે એમાં શું ભમરી હોય તો હજી બી ઠીક. સંસ્કૃતમાં મુગ્ધાબેન કુંજલતાબેન ગુજરાતીમાં કાશ્મીરાબેન વિનોદિનીબેન કોને ભુલાય. વી. કે. જાની, એસ. વી. જાની હજી બધાની બધી ભણાવવાની સ્ટાઈલ ફરી ક્યારે જોવા મળશે?

મને તો સંસ્કૃતમાં હાથણી જેવા પગવાળી રમણીને સુંદર સ્ત્રી કહેવામાં આવતી તે હજુ મગજમાં ઊતરતું જ નથી આજે પણ.

હવે હું મારા સંસારમાં, તું તારા સંસારમાં, પણ હેપ્પી બર્થડેની કેક, હોટેલની ડીશ કે સગાંની હાજરી કરતાં તને મારી આ પત્રની ડીશ કેવી લાગી? સાચું કહે ભુલક્કડ તને આ બધામાંથી કેટલું ભૂલી ને કેટલું યાદ છે? મને ખબર છે આપણા પચાશ વરસના સંસાર કરતાં આ બધું ખૂબ જ સંસ્મરણોમાં હશે અને ઘણું ન લખાયેલું, હું ભૂલી ગઈ હોઉં તેવું પણ યાદ આવ્યું હશે.

આપણે બન્ને ડાયાલીસીસવાળાં બોખાં, ધોળા વાળવાળા માથાનાં માજી, પણ બધું જ ભુલાઈ ગયું તને લખવામાં.

તું તો ફરી ઘણાબધા રોગો સાથે દોસ્તી કરવા લાગી છો, પણ ફરી પાછો એકડો સાથે જ ઘૂંટવાનો છે. સંસાર ગમે તે મળે, આપણે તો મળવાનું છે જ એ પણ ફુગાબાયવાળા ઘેરવાળા ફ્રોકમાં. જવાની બહુ ઉતાવળ ન કરતી.

ફરી ૭૨મા વરસે જન્મદિન નિમિત્તે બાળપણના બાકી રહી ગયેલાં સંસ્મરણો લઈને પત્રમાં મળું છું. ફરી પાછાં ફ્રોકમાં મળવું છે ને?

લિ. હું સખી

આપણે ક્યાં આપણા નામથી ઓળખાણની જરૂર છે?

સખી એટલે હું અને તું જ

**– રશ્મિ વોરા**

# પ્રિય સારથિ

પ્રિય સારથિ,

જેમ શ્રીકૃષ્ણે અર્જુનના રથને સંભાળેલો તેમ જ તમે પણ મારાં - અમારાં જીવનરથના ચાલક છો. એટલે સારથિ જ કહું ને?

આપણો સાથ તો જીવનભરનો છે. બાળક જન્મે ત્યારે માતાની ગર્ભનાળથી છૂટા પડતાં જ પહેલો માનવસ્પર્શ એના પગને અનુભવાય છે. ડૉક્ટર્સના હાથની હૂંફ રૂપે - બાળકને પગથી પકડી ઊંધું કરતાં જ એની કાયામાં જીવન પ્રવેશે છે. પહેલા શ્વાસ અને પહેલા રુદન રૂપે. આ જ મનુષ્ય જ્યારે મૃત્યુ પામે ત્યારે છેલ્લો વિદાયસ્પર્શ પણ પગને જ અપાય છે. જમણા પગને અંગૂઠે અગ્નિદાહ રૂપે. આખી જીવનયાત્રામાં એ તો માનવું જ પડે કે તમારા વિનાના અમે અમારા વિનાનાં... તમારો સાથ હોય ને પ્રિય ચરણો! તો જ અમ મનુષ્યને ગતિથી પ્રગતિ અને અંતે સદ્ગતિ પ્રાપ્ત થાય. એટલે જ બાળકની પા પા પગલીનું મહત્ત્વ આદિકાળથી અત્યાર સુધી રહ્યું છે.

ઠુમક ચલત રામચંદ્ર... જેવાં ગીતો એમ જ થોડાં સ્ફુરેલા! શ્રીરામના ચરણસ્પર્શે શલ્યામાંથી અહલ્યા સર્જાય છે અને એ જ રામના ચરણસ્પર્શે પવિત્ર થયેલી પાદુકાને અયોધ્યાની રાજગાદી પર સ્થાપી ભરત ૧૪ વર્ષ રાજ કરી જાય છે. આવતી લક્ષ્મી પણ પગલાંની પૂજાથી પોંખાય છે. ચરણોમાં સ્થિર થયેલી આ અમાપ શક્તિને ચરણે જ પ્રભુ કે વડીલોના આશીર્વાદ એમના ચરણસ્પર્શ કરી લેવાય છે.

મારી વાત કરું તો ચાલવું - પહાડો, જંગલ કે હરિયાળા, શાંત વાતાવરણમાં ચાલવું મારા માટે પ્રાર્થના છે - ધ્યાન છે. મન અને શરીર માટેનો પરમ યોગ છે અને એટલે જ નિત્યક્રમ છે. કોઈ સુંદર રસ્તે તમારા સાથમાં ચાલતાં થાય કે આ સફરનો અંત જ ન હોય!

જીવનમાં સાઠી વટાવવાના તબક્કે મારી જેમ ઘણાએ એક યા બીજા કારણે તમારા (પગના) રૂઠવાની પીડા અનુભવી હશે અને હવે શું? નો ધ્રાસ્કો પણ અનુભવ્યો હશે.

ખાલી ચડે ત્યારે પગનું મહત્ત્વ સમજાય,
અને ખાલીપો લાગે ત્યારે
સંબંધનું મહત્ત્વ સમજાય...

આ તો થઈ સ્થૂળ અર્થમાં તમારી મહત્તા પણ જીવનના દરેક ક્ષેત્રમાં, સાચા સમયે, સાચાં પગલાં લેવાં - નિર્ણયો લેવા અને એમાં અડગ રહેવું ખૂબ મહત્ત્વનું હોય છે. અબ્રાહમ લિંકને પણ કહ્યું છેઃ

Be sure and put
your feet in the
right place, and
then stand firm.

તમારું મહત્ત્વ, તમારી ગતિ ફક્ત સ્થૂળ શરીર સાથે જોડાયેલી નથી. મનને, આત્માને પણ વિશ્વાસરૂપી ગતિ હોય છે અને એ વિશ્વાસ - હકારાત્મકતા જ ડગલે ને પગલે અપાર મનઃશક્તિ કેળવે છે. શારીરિક અક્ષમતા કોઈનાં જીવનનાં સુખ કે પૂર્ણતાને આડે ક્યારેય ન આવી શકે. સુધા ચંદ્રનનું જીવન આ વાતનું ઉત્તમ ઉદાહરણ છે. બંને પગથી અપંગ હોવા છતાં, કૃત્રિમ અને મજબૂત મનોબળને સહારે આજે એ ખૂબ સારી નૃત્યાંગના છે.

When your legs can't run anymore,
Run with your heart...

મનને જો હકારાત્મકતા રૂપી પગ મળે તો જીવન અંત સુધી અનેક શક્યતાઓથી ભરપૂર રહે.

આપણો આ સાથ - તનની અને મનની ગતિ રૂપે, શક્તિ રૂપે સદા બની રહે એવી ઈશ્વરને પ્રાર્થના.

તમારી પૂજક.

**- દીના વછરાજાની**

# પ્રિય ધનસુખ દાદા

પહેલો પ્રેમ ક્યારે થાય? સામાન્ય રીતે જવાબ લગભગ એકસરખો જ મળે છે, કૉલેજમાં. હવે તો સ્કૂલમાં પણ સંભળાય છે, પણ આજે હું તમને મારા પહેલા પ્રેમની વાત કરવા જઈ રહ્યો છું, જે મને મારા જન્મસમયે જ થઈ ગયો હતો, અરે..! શું વિચારો છો મારી મમ્મી કે મારા પપ્પા સાથે નહીં પણ મારા ધનસુખ દાદા સાથે, મારા મમ્મી અને પપ્પાને તો હું પ્રેમ કરું જ છું, પણ એના કરતાં થોડોક વધારે પ્રેમ હું મારા દાદાને કરું છું.

પપ્પા કહેતા કે મારા જન્મનો જેટલો હરખ એમને હતો એના કરતાં પણ વધારે હરખ દાદાને હતો. દાદા આખો દિવસ મારા ફોટા પાડ્યા કરતા અને ફેસબુક પર ચઢાવી દેતા - મારો લાડકો - ખાસ એવું લખીને.



મમ્મી અને પપ્પા બન્ને નોકરી કરતાં એટલે એક દાદા જ હતા જેમની સાથે હું આખો દિવસ ધિંગામસ્તી કરતો, અને મારા દાદાને પણ પહેલેથી નાનાં બાળકો પ્રત્યે વધારે લાગણી. આડોશપાડોશનાં બાળકો પણ મારા જ ઘરે દાદા સાથે ધમાચકડી કરવાં આવતાં. દાદા બધાંને પ્રાર્થના શિખવાડતાં, વાર્તાઓ કહેતાં, ગીતો ગવડાવતાં, મોઢેથી જાતજાતનાં અવાજો કાઢતાં અને આખો દિવસ અમારી જોડે જ મસ્તીમાં રચ્યાપચ્યા રહેતા. અમારી ટોળકીમાં જો કોઈને તાવ આવે કે પછી કોઈને કંઈક વાગી જાય તો એ દોડીને દાદા પાસે આવીને કહેતું દાદા ....દાદા....ફૂંક મારીને મને મટાડી દો ને અને દાદા ફૂંક મારી પણ દેતા અને અમે માની પણ લેતા કે દાદાએ ફૂંક મારી છે એટલે અમને મટી જ જવાનું.

આજે પણ મને એ દૃશ્ય મારી આંખો સામે દેખાય છે જ્યારે સ્કૂલમાં જવાનો મારો પહેલો જ દિવસ હતો. મમ્મી અને પપ્પા બન્ને મને મૂકવા આવી રહ્યાં હતાં, પરંતુ મેં જીદ પકડી કે જો દાદા સાથે આવશે તો જ હું સ્કૂલે જઈશ અને પછી તો દાદા દરરોજ મને સ્કૂલે મૂકવા આવતા અને લેવા પણ આવતા. દાદા મારા માટે એક અત્યંત પ્રિય સખા સમા બની ગયા હતા, વૅકેશનમાં જ્યારે મમ્મી થોડાક દિવસ મામાના ઘેર રહેવા લઈ જતી ત્યારે દાદા વિના રહેવું મારા માટે ખૂબ જ અઘરું બની જતું હતું, દાદા મને બગીચામાં લઈ જતા, મારી સાથે કલાકો સુધી રમતો રમતા અને પછી દાદા આઈસ્ક્રીમ ખવડાવતા, દાદા મને આવો તદ્દન નિખાલસ પ્રેમ કોઈ જ આશા અને અપેક્ષા વગર કરતા અને હું પણ દાદાને એટલો જ પ્રેમ કરતો.

જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ મારાં તોફાન-મસ્તી પણ વધતાં ગયાં, પણ દાદા હતા જે મને હંમેશાં મારા તોફાન પછીના મમ્મીના હાથના મેથીપાકથી બચાવતા, જ્યારે હું પાંચમા ધોરણમાં સ્કૂલની પરીક્ષામાં પહેલો નંબર લાવ્યો હતો ત્યારે મારા દાદાએ મને સાઈકલ અપાવી હતી. મારા દાદા એટલે મારા દાદા.

બાર જ વર્ષની ઉંમરે મારે મમ્મીપપ્પા જોડે હંમેશ માટે વિદેશ જવું પડ્યું, એ સમયે હું ખૂબ જ રડ્યો હતો, જ્યારે મેં ખૂબ જ જીદ કરી ત્યારે દાદા તમે જ હતા, જેમણે મને વચન આપ્યું હતું કે બેટા તું જા, બસ, હું થોડાક જ સમયમાં ત્યાં આવી જઈશ તારી પાસે, પણ દાદા કોઈ ને કોઈ બહાનું બનાવીને તમે આવ્યા જ નહીં, ભલે વાતો થતી વીડીઓ કૉલમાં, પણ face time કરતાં તમારી સાથે face to face રહેવાની અને વાતો કરવાની અને સમય પસાર કરવાની મજા કૈંક અલગ જ છે. હા, હું જાણું છું કે તમારી સાથે જયારે પણ વાત થાય ત્યારે હું મારી લાગણીઓને વ્યક્ત કરી નથી શકતો અને કદાચ તમને પણ મારા વર્તન પરથી એવું પણ લાગતું હશે કે મોટો થવાની સાથે સાથે હું બદલાઈ ગયો છું, પણ દાદા એનો એ મતલબ નથી કે હું તમારી પાસેથી મળેલા અપાર પ્રેમને ભૂલી ગયો છું, દાદા મેં માત્ર મારો દેશ છોડ્યો છે, મારા સંસ્કારો નહી. આવતા અઠવાડિયે બારમા ધોરણમાં ઉત્તીર્ણ થવા બદલ મને સ્કૂલમાં સન્માન મળવાનું છે જે હું તમારી જોડે જઈને જ લેવા ઇચ્છું છું, હું એ જ ઇચ્છું છું કે જેમ તમે સ્કૂલના પહેલા દિવસે મને મૂકવા આવ્યા હતા એવી જ રીતે સ્કૂલના મારા છેલ્લા દિવસે પણ તમે મારી સાથે જ આવો.

આ પત્ર સાથે હું મારો તમારી પ્રત્યેનો અપાર સ્નેહ અને Flight ticket મોકલું છું. આશા કરું છું કે તમે આ વખતે જરૂર આવશો જ.

લિ.
દાદાનો લાડકો

**માનાર્થ દવે**

# ડીયર સ્વીટહાર્ટ

"Dear, Sweetheart!

આ સંબોધન એટલા માટે, કારણકે sweetheart શબ્દ એ જ તમારા નામનો સમાનાર્થી છે. જ્યારે લાગણીનાં વાદળાં ફાટ્યાં ત્યારે બન્યો સ્નેહનો સમુદ્ર - એટલે કે તમારું મન. અંગ્રેજીમાં એક શબ્દસમૂહ છે - "Twinkle in your eyes" એવી એક અનોખી ચમક હતી, તમારી અખૂટ ભાવના વ્યક્ત કરતી આંખોમાં સાથ માટે તમારું સૌમ્ય સ્મિત જ કાફી હતું. તમે બતાવેલી લાગણીના સ્પંદન હું આજ સુધી અનુભવું છું. જ્યારે મને આત્મનિર્ભર થઈને મુશ્કેલી સાથે ઝઝૂમતાં શીખવી રહ્યા હતા ત્યારે મને ખયાલ ન હતો કે એક દિવસ એ જ શિખામણોનું સ્મરણ કરીને મારે આટલી કાંટાની કેડી પર એકલા સફર કરવાનું આવશે. એવો એક માણસ - જે રોજ સવારે ઊઠીને મને કહે કે ''ચિંતા ના કર દુનિયા તારી સાથે હોય કે નહિ, હું કાયમ રહીશ'' - તમારા સિવાય મેં આજ સુધી જોયો નથી. આંધળો વિશ્વાસ મારા પર મૂક્યો, ભલે હું ડગમગી જાઉં, પણ તમે મારી સાથે અડગ ઊભા રહ્યા અને કદાચ આજે પણ હશો. રાતે જ્યારે કોમળ હાથ માથા પર ફેરવી "Good night" કહેતા ત્યારે લાગતું હતું કે કોઈ અણમોલ વસ્તુ બદલામાં આપી દેવી પડે તો, એ પણ મંજૂર છે. આજે યાદો એટલી છે કે કદાચ અવિરત વહેતી નદીનું પાણી સુકાઈ જશે, પણ સંસ્મરણ નહિ ખૂટે. કાયમ આપ્યું તમે, પણ જ્યારે મારો વારો આવ્યો ત્યારે મને આ પણ મોકો ના મળ્યો. એક પિતાના રૂપમાં બેસ્ટ ફ્રેન્ડ હતા તમે. મારી તિજોરી એટલે તમે. કદાચ લોકો મારું આવું સાંભળીને હસશે, પણ એ જાણતા નથી કે મારા દિલની કે જીવનની દરેક વાત મેં કોઈને કરી હોય તો એ તમે જ છો. કહે છે કે પુરુષો કોઈ દિવસ રોવે નહિ, પણ જ્યારે પણ મારી આંખમાં એક અશ્રુ પણ આવ્યું, તમારું હૃદય રોયું.

આટલો પ્રેમ જોઈ કદાચ ઈશ્વરને થયું કે ''ચાલ હું પણ આ સર્વશ્રેષ્ઠ મનુષ્યની લાગણી માણું'' એટલે જ.....

પણ તમે ચિંતા ના કરતા મારો ''First love'' તો તમે જ રહેશો. આજે લાગણી વ્યક્ત કરવા માટે શબ્દો ઓછા પડી ગયા છે. સંધ્યાકાળે રોજ અમે રાહ જોઈએ છે કે કોઈક વાર કદાચ હાથમાં બૅગ લઈ એન્ડ ચહેરા પર મંદ મલકાટ સાથે તમે આવી જશો ઘરે. આજે જ્યારે હું આકાશમાં તારાઓને જોઉં છું ત્યારે મનમાં એક એ જ ફરિયાદ છે- ''કાશ, કાશ તમે એકવાર પાછળ વળીને જોયું હોત, તો તમે શતપ્રતિશત રોકાઈ ગયા હોત!''

-તમારી રાહમાં - વહાલી દીકરી Rajvi

**રાજવી જોષીપુરા**

# પ્રિય જિંદગી

પ્રિય જિંદગી,

જીવનસંધ્યાએ ઘણી વાર શાંત સમયે બેઠાં બેઠાં વીતેલી જિંદગી બાબત વિચારતાં - અભિભૂત થઈ જવાતું, અહેસાનમાં દિલ ઝૂકી જવું, મનના બધા આવેગોને કાગળ ઉપર ચીતરવાનું મન થઈ આવતું, પણ આજે એ મોકો મળ્યો છે. અય જિંદગી, તેં કેવી વટવાળી રંગીન અને ઝિંદાદિલ જિંદગી આપી! કેમ વર્ણન કરવું? સંસ્કૃતમાં એક શ્લોક છે નેઃ

**असित गिरी सम स्यातकज्जलम् सिन्धु पात्रे।**
**सुरतरुवर शारदा लेखिनी। पत्रभूवी/लिखती**
**यदी गृहीत्वा शारदा सर्वजालम्**
**तदपि तव गुणानाम् पारम् न याति।।**

અસિત પર્વત જેટલો કાજળ સમુદ્રમાં ડહોળી તેની શાહી બનાવવામાં આવે, સ્વર્ગના કલ્પવૃક્ષની ડાળને કલમ તરીકે વાપરવામાં આવે અને પૃથ્વીના પટ ઉપર માતા શારદા ખુદ લખવાની શરૂઆત કરે તોપણ તારા ગુણોનો પાર આવે એમ નથી. જિંદગી, તારું આવું જ છે.

આમ આંખો બંધ કરીને યાદોના આકાશમાં ઊડીએ ત્યારે જિંદગી ક્યાં ક્યાંથી પસાર થઈ, કેવાં કેવાં સ્થળો, ગામો પસાર થયાં, કેટલા ખટમીઠા પ્રસંગો આવ્યા, આમ જોતાં લાગે કે વર્ષોનાં વર્ષો અરે યુગોના યુગો વીતી ગયા હોય, પણ આંખ ખોલો તો જણાય કે ૭૫ વર્ષ તો જાણે ચપટી વગાડતાં પસાર થઈ ગયાં છે. જિંદગીનું અંકગણિત - બીજગણિત સમજની બહારનું છે. જિંદગી એટલે ક્યાંક રણ, ક્યાંક ગુલશનની કથા, ક્યાંક ફૂલ ક્યાંક કાંટાની કથા, ક્યાંક બુંદ ક્યાંક ધોધની કથા. જિંદગી એટલે પગદંડીની કથા. ''ઊગે છે સુરખીભર્યો રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં'' ત્યાંથી શરૂ કરીને ''વીરમે છે પરિતૃપ્ત રવિ નેણ ઢાળી નિસર્ગમાં'' ત્યાં સુધી તે દિવસની જિંદગી અને પહેલવહેલી આંખ ખોલીને દુનિયાને જોવાનું બંધ કરીએ ત્યાં સુધીનો સમય તે આપણી જિંદગી.

દુનિયા જોવા પહેલવહેલી વાર આંખ ખોલી ત્યારથી ઓ જિંદગી આપણો સાથ રહ્યો છે.

અય જિંદગી, તેં મને કેવો અવિસ્મરણીય મોકો આપ્યો. ગામડાંની ત્રણ જિંદગી જીવવાનો. કાઠિયાવાડમાં ગોંડલની બાજુમાં આવેલ નાનકડા ગામ વસાવડમાં મારી પહેલવહેલી આંખો ખૂલી - દુનિયા જોવાની. એ ધૂળિયા મારગ, માટી-ગારાનાં મકાન. ઉપર નળિયાં - છાણ માટીની ગાર કરેલ ફરસ, પાછળના વાડામાં સીતાફળ, સરગવો અને કેળના ઝાડ મીઠી મીઠી ભીની ભીની ખુશ્બુ. આગળ ઓસરીમાં હીંચકે ઝૂલતાં - દાદીબા આજે પણ એ બધું ભુલાતું નથી. પછી કિશોરાવસ્થામાં ગાડામાં બેસીને વાડીએ જવાનું. ઘટાટોપ ઝાડી અને લીલીછમ હરિયાળી. એક બાજુ પીળા ધમરક જેવાં રાઈનાં ફૂલો ભરેલ પીળો પટ્ટો, બીજી તરફ રાજગરાનો લાલચટક પાનવાળો લાલ પટ્ટો, વચ્ચે લીલીછમ હરિયાળીમાં રીંગણાં, મરચાં, ટમેટાંના છોડવાઓ માર્કેટમાં મળતાં શાકભાજી કેમ ઊગે તે, શેરડીમાંથી ગોળ કેમ બને તે કે પછી તલને ઘાણીમાં પિલાવીને તેલ કેમ બને તે બધું ઓ જિંદગી તેં બતાવ્યું.

યંત્રોનો જમાનો ન હતો. પાકને પાણી પાવા માટે કૂવામાંથી પાણી બહાર ખેંચવા

બળદ જોડેલા કોશનો ઉપયોગ થતો તેનો કીચૂડ કીચૂડ અવાજ આજે પણ કાનમાં ગૂંજે છે. આંબાના ઝાડ ઉપર ચડીને કાચી કેરી ખાવી કે ગુંદાના ઝાડ ઉપર ચીડને પાકાં ગુંદાં ખાવાં. આવી મજા કોને મળી છે? આભાર જિંદગી.

જેમ એક નદીમાં આગળ જતાં નાની મોટી નદીઓ મળતી જાય તેમ તેમ ઉંમરના પડાવે પડાવે અય જિંદગી, તું પણ રફ્તે રફ્તે મારામાં વિવિધ કળાઓ ઉમેરતી ગઈ. વાંચનની અભિરુચિ જગાવી, લખવાનો શોખ કેળવ્યો, રંગ-ચિત્રોની ચાહ જગાવી.

પણ હવે હરણની જેમ કૂદતી જિંદગી તેજસ્વી તોખાર બની ગઈ છે. જીવન સુષ્ઠુ સુષ્ઠુ, મૃદુ અને સુંવાળી રેશમી પગદંડીથી નથી ઘડાતું. તેને માટે જરૂર છે સંઘર્ષની, પરિશ્રમની, ભાગદોડની.

એ માટે ઓ જિંદગી, તેં મારે માટે એક ફલક તૈયાર કરી રાખ્યું હતું.

ઘેનભરી આંખે - વિશ્રામ મૂડમાં આરામ ખુરશીમાં ઝૂલતાં હોઈએ ત્યાંથી અચાનક કોક ફૂલ સ્પીડમાં ચાલતી ટ્રેડ મિલ ઉપર ફેંકાઈએ તેમ અય જિંદગી, તેં મારી વ્યવસાય ભૂમિ મુંબઈ બનાવીને ત્યાં ફેંક્યો.

મુંબઈની વાત ન્યારી છે. રહેવાની પણ એક મજા છે, શહેર એક એક પાઈનો હિસાબ માગે છે ''૯.૫૬ની ગાડી ક્યાંક ચૂકી જવાય નહીં!'' ભીડમાં રસ્તો કરતાં બ્રિજ ઉપર માનવમહેરામણમાં રસ્તો કરતાં ભાગવું પડે. પ્લૅટફૉર્મ પર આવેલ લૉકલમાંથી પેસેન્જર્સ ઠલવાયા પછી તેમાં ઘૂસવાનું. સજા પણ છે અને મજા પણ છે.

ઘાટકોપરના રેલવે ટ્રેક નજીક દીવાલ ઉપર લખાએલ એક વાક્ય મારા મનમાં કોતરાઈ ગયેલ – **स्त्री पुरुष सर्व कष्ट करीत रहावे कुटुंबा पोषावे आनंदाने** ભાગદોડ કરીને પણ આનંદ મેળવ્યો છે.

મુંબઈમાં લૉકલ ગાડીની મુસાફરી અને ચાલમાં રહેવું એ પણ માણવા જેવું છે. લૉકલના ડબ્બામાં રોજના સાથી મુસાફરો સાથેની મુસાફરી એની પણ એક દુનિયા છે અને ચાલ એ પણ એક કુટુંબ છે.

અરબી સમુદ્રનાં ચાંદી જેવા ચમકતાં પાણી આંખમાં ચમક આંજે છે. મરિન લાઈન્સ ઉપર દરિયાલાલ ઝુનૂન, દઢતા અને ઝૂઝવાના પાઠ ભણાવે છે. ''આ કોણ છે જે મારો રસ્તો રોકે છે?'' એવા ભાવ સાથે કિનારે પડેલા પથરાઓ ઉપર મોટાં મોજાં વડે હુમલો કરે છે. પથરા સાથે અથડાઈને મોજાં તહસનહસ થઈ જાય છે - વીખરાઈને તૂટી જાય છે. જળબિંદુઓની શીકરો ધુમ્મસનું વાદળું રચીને વીરમી જાય છે - પાછું બીજું મોજું આવે છે - આ સદીઓથી ચાલ્યા કરે છે - પથરા ઘસાય છે પાણી નહીં. લીધી વાત પડતી નહીં મૂકવાની - તેને માટે મચી પડવાની મુંબઈગરાને શીખ આપે છે.

કોઈ વાર અતિમોટું મોજું ઊછળીને રસ્તા ઉપર સહેલાણીઓને ભીંજવી જાય ત્યારે દરિયાલાલ જાણે આંખ મીચકાવીને કહે છે: ''**ये बम्बई है मेरी जान**''

આ માનવ મહેરામણથી ઊભરાતા ટાપુ ઉપર ઉત્તરથી દક્ષિણથી ઉત્તર લોકલો દોડ્યા કરે છે. સવારે લોકો દક્ષિણ તરફ દોડે છે. સાંજે ઉત્તર તરફ. લાલ - લીલાં - પીળાં નિશાનોવાળા ટીફીન - ડબ્બાઓ પણ સવારે મુસાફરી કરે છે. સાંજે પાછા ફરે છે. નેટવર્કનાં જાળાં જેવા રસ્તાઓ

વાહનોથી ઊભરાય છે.

નીઓન લાઈટ્સ અને ચકાચૌંધ કરતી રોશની અને કોલાહલમાં વાદળ વચ્ચે ગેટ-વે ઑફ ઈન્ડિયા, રાજાબાઈ ટાવર, ચોપાટી અને મહાલક્ષ્મી મંદિર ચમકે છે. આ મુંબઈ નગરી છે. પણ હવે તેં મને મોહમયી નગરીની માયા છોડાવી છે.

પ્રિય જિંદગી, તેં મને ગોકુળિયા ગામડાનો પણ અનુભવ કરાવ્યો અને મેગાસિટીથી પણ મેસ્મરાઈઝ કર્યો. એક બાજુ ગામડું, એક બાજુ મહાનગર. ટમટમતું ફાનસ - ડેઝલિંગ લાઈટ્સ - સુનકાર રસ્તા - ધમધમતા રસ્તા, ઘટાટોપ ઝાડીઓ - સિમેન્ટનાં જંગલ, ગારમાટીનાં મકાન - સ્કાય સ્ક્રેપર્સ, ખળખળ વહેતી નદી - ઘૂઘવતો સમંદર.

મારી એક આંખમાં ગામડાંની મમતા આંજી છે ને બીજી આંખમાં મોહમયીની મમતા આંજી છે. આંખ ખોલું ત્યાં ગામડું દેખાય છે ને આંખ મીંચું ત્યાં મોહમયી નગરી દેખાય છે. આ આંખના ખોલવા મીંચવા વચ્ચે જ મારી જિંદગી સમાણી છે.

પત્ર લાંબો થયો છે, પણ ઘણા વખતથી મનમાં ઘૂંટાતા ભાવ ઠાલવી દીધા છે અને છેલ્લે તારી પ્રશસ્તિમાં લખેલ કાવ્ય લખવાની લાલચ રોકી શકતો નથી.

મસ્ત રહી જિંદગાની યાર,
અહા, મસ્ત રહી જિંદગાની.
અલબેલી મસ્તાની
અલ્લાઉદ્દીનને એક જ જીન
અહીં વહેનાતે પાંચ.
પંચેન્દ્રિય વેતાલ.
કલમ - કિતાબ - ભ્રમણ - શ્રવણ
સ્વાદ - સુગંધ - સ્પર્શે સ્મરણ
સાઝ, આવાઝ રંગ ચિત્ર કલાર્પણ
માણ્યો છે રસથાળ.
પછી ગમે તે હોય સ્થળ કાળ,
હવે, પડદો પોણો પડી ચૂક્યો છે.
ભભૂત થતાં કે જળ વહેતાં પૂર્વે
જીવનના આ દોષ ફલક પર
પાડ અનોખી ભાત - તેમાં રંગો પૂરજે સાત.
મસ્ત રહી જિંદગાની યાર
અહા, મસ્ત રહી જિંદગાની
અલબેલી મસ્તાની... અલબેલી મસ્તાની.

તો, અય જિંદગી,

જ્યાં સુધી આપણો સાથ રહે ત્યાં સુધી આવી ને આવી અલબેલી મસ્તાની રહેજે - એવી આકાંક્ષા સાથે હમસફરનાં શ્રદ્ધા સુમન.

**- નિખિલ દેસાઈ**

# પ્રિય મમ્મી (ભાભી)

પ્રિય મમ્મી (ભાભી)

આ પત્ર નહીં જ મળે એ હું જાણું છું, કારણ આ વિશ્વમાંની કોઈ પણ પોસ્ટ ઑફિસમાં તારું (બકુલા કુલીન વોરા) તરીકેનું સરનામું હવે નહીં જ મળે, પણ છતાં આ પત્ર લખી હું મારા મનને અને હૃદયને હલકું કરી રહ્યો છું.

શાળામાં હતો ત્યારે પપ્પાને, ભલે પરીક્ષામાં પાસ થવા માટે હોય, પણ પત્ર લખ્યા હશે. કોઈક વાર વૅકેશનમાં મિત્રને ત્યાં જવા માટે તો કોઈ વાર ફીના પૈસા મગાવવા માટે. પણ તને પત્ર લખવો પડ્યો હોય એ યાદ નથી આવતું કારણ મા તો કહ્યા વગર જ બાળકની દરેક વાત સમજી જાય છે.

આમ તો દરેક બાળક માટે તેની માતા સર્વશ્રેષ્ઠ હોય જ છે, પરંતુ જ્યારે બાળક અપંગ હોય અને તેનો ઉછેર બધી જ જવાબદારીઓ પૂરી કરતાં કરવો પડે એ તો ફક્ત મા જ કરી શકે. એટલે તો કવિ બોટાદકર લખે છે ''જનનીની જોડ જગે નહીં જડે રે લોલ.'' એટલે જ આજે તારા પર માનની લાગણી થાય છે.

સહનશીલતા એ સ્ત્રીનું આભૂષણ હોય છે.' આ કથનને તેં તારા જીવનના ડગલે ને પગલે સિદ્ધ કર્યું અને એ જ સંસ્કાર અમારાં ત્રણેય ભાઈ બહેનમાં તે રોપ્યા અને એ માટે અમે સદૈવ તારા ઋણી રહીશું.

મારા બાળપણનાં પહેલાં બાર વર્ષ અને તારી હયાતીનાં છેલ્લાં બાર વર્ષનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે તારા ઉપર આદર અને તારી શક્તિઓને નતમસ્તક થયા વગર રહી શકાતું નથી.

આ બધી જ પરિસ્થિતિઓ સાથે તેં સંગીત, કલા, સાહિત્ય, વાંચનમાં કાયમ રુચિ રાખી અને આ ધરોહર અમને પણ આપી.

આમ તો તારા વિશે લખવા બેસું તો કદાચ લાઈબ્રેરી પણ ઓછી પડે, પણ બધી લાગણીઓ અને સંબંધોને શબ્દોમાં ઠાલવવા શક્ય નથી હોતા અને એટલે આ પત્રને અહીં જ અધૂરો છોડું છું.

અંતમાં હું એટલી જ ઇચ્છા રાખીશ કે ભલે આપણે જીવમુક્તિ માટે બધી વિધિઓ કરીએ, પણ તારો પુનર્જન્મ થાય જ અને મને ફરી એક વાર તારી કુખે જન્મ મળે એવી જ અભ્યર્થના.

''મા તે મા બાકી બધા વગડાના વા''

તારો વહાલસોયો

**– નિમિત વોરા**

# પ્રિય 'સ્વ'

તા. આજ-કાલ - આવતી કાલ

સ્વ
ઓળખ અપાર્ટમેન્ટ,
નિરાંત નગર,
જીવતર

પ્રિય 'સ્વ',

સમયની કેડી પર સમજણભેર કદમ ચાલતાં તું કુશળ હશે જ, એવું હું માની લઉં છું. તને થશે આમ અચાનક તને પત્ર લખવાનું મન મને કેમ થયું! બરાબર ને? એમાં એવું છે કે શ્વાસ લેવાનું શરૂ કર્યું ત્યારથી લઈને આજ દિવસ સુધી ઘણા સાથે વાર્તાલાપ થયો હશે. ઘણા સાથે કેટલોય સમય વિતાવ્યો હશે. ઘર, ઑફિસ, બહાર, સગાં-વહાલાં, અમસ્તા અને... એની સાથે પણ. પણ, ગઈ કાલે રિટાયર્ડ થયા પછી આજે પહેલી પ્રભાતે થયું કે સ્વ સાથે વાત કરાવી જોઈએ. ના હં, એકલો નથી પડ્યો, પણ કોઈ બોજ નથી, કોઈ કામ નથી અને સમયના દોરડે બંધાયો પણ નથી. એટલે એકલતા નથી, પણ એકાંત મળ્યું એટલે તારી યાદ આવી. સ્વની યાદ આવી. સ્વર્ગસ્થ થઇ ગયેલા સ્વને એકાંતમાં સંજીવની મળી હોય એમ લાગ્યું. એક વાત કહું...

સૉરી, ઘણું મેળવવાના ચક્કરમાં હું તને જ ભૂલી ગયો. તારે રમવું હતું અને મારે ભણવા બેસવાનું હતું, તારે સ્પોર્ટ્સ બાઈક જોઈતી હતી અને મેં સાદી બાઈક લીધી, એ નેહા તને ગમતી હતી અને સૌમ્યા સાથે આખી જિંદગી વિતાવી દીધી, તારે પિયાનો શીખવાની ઇચ્છા હતી અને મને ઑફિસથી ફુરસદ નહોતી, જીન્સ, ટીશર્ટ તને ગમતાં અને મેં હંમેશા શર્ટ, પેન્ટ અને કોટ પહેર્યાં. સૉરી. મેં હરહમેશ તારી અવગણના કરી, સૉરી. માફ કરજે.

તોપણ, તેં મને સાથ આપ્યો. થેંક યુ. થેંક યુ સો મચ. સાચા ખોટા દરેક નિર્ણયોમાં મારામાં જ હોવા છતાં મારી સાથે ક્યારેક સંઘર્ષમાં ઉતાર્યો તો ક્યારેક અન્ય સાથેના સંઘર્ષમાં ખભેથી ખભો મેળવી ઊભો પણ રહ્યો. મારી નિષ્ફળતામાં તું તૂટ્યો હોઈશ ને! તોપણ આંખ બંધ કરું કે તું અડીખમ થઈને મારી સામે આવી જાય. હું ખોટો હોઉં તો અસત્યનું શૂળ તને વાગે, અભિમાન કે જીદના રવાડે ચઢું તો તું મને ઝાલી રાખે, કેટકેટલું તે ભોગવ્યું હશે, મારે લઈને? હું જ્યારે જ્યારે તૂટ્યો તે મને જોડ્યો, 'ને તેમ છતાં આટલાં વર્ષોમાં ક્યારેય પણ જવાબદારીઓ અને મહત્ત્વાકાંક્ષાના સળિયા પાછળ વ્યસ્તતાની જેલમાં પુરાયેલો હું, તારી સાથે વાત નહીં કરી શક્યો, થેંક યુ નહીં કહી શક્યો. થોડી ક્ષણોની મોકળાશ નહીં મેળવી શક્યો છતાં તું મારી અંદર હજુ છે. થેંક યુ.

પ્રિય ઘણા અને પ્રિયે એક (મારા માટે), પણ તું... તું તો પ્રિયમ કહેવાય. આજે ઘણા સમયે તારી સાથે આમ વાત થઈ સારું લાગ્યું, હવે આમ જ વાત કરતો રહીશ. હવે સમય છે.

લિ.
સ્વર્ગસ્થ થતાં પહેલાં, સ્વને શોધતો..
હું...

**જય દીક્ષિત**

# પ્રિય વાચક

પ્રિય વાચક,

લાગીને નવાઈ! મને તમારા આંગણે જોઈને? આજના આ કમ્પ્યુટરના યુગમાં જ્યારે મારું અસ્તિત્વ જોખમમાં મુકાઈ ગયું છે ત્યારે તમારા આંગણે આવીને જૂની યાદો તાજી કરાવી આપી ને! પહેલાં અને અત્યારે ફરક માત્ર એટલો જ પડ્યો કે પહેલાં તમે મારી રાહ જોતા અને હવે હું તમારી રાહ જોઉં છું.

આજે પણ એ કુંવારી આંગળીઓ કાગળનો ખળભળાટ સાંભળી દોડવા લાગે છે. કલમથી શબ્દોની સમપદી એટલી સુંદર રીતે લખે છે કે જાણે શણગારેલી નવવધૂ એ અનુસરવા તૈયાર હોય. પત્રમાં જે લાગણીઓ લખાય છે એ ચેટ બૉક્સમાં ક્યાં અભિવ્યક્ત થાય છે. કોતરાયેલા અક્ષર ભલે સુંદર વળાંકવાળા ન હોય તોપણ એ જાણે તમારા પ્રતિનિધિ બની વાંચનારના હૃદયને જ સ્પર્શે છે, પણ આજે મારા રંગ બદલાયા અને એ પણ આંખે વળગે એવા આકર્ષક. પહેલાં જે રંગબેરંગી શ્યાહી મને શણગાર સજાવતી એ રંગો મેં મારામાં જ સમાવી લીધા. શ્યાહીનો કાળો રંગ જે નજરબટ્ટા સમાન છે તેની જ જાણે મને નજર લાગી. અંગૂઠાની કેવી કમાલ! કે તેણે બધી જ આંગળીઓને આરામ આપી દઈ મારા અસ્તિત્વ પર પ્રશ્નાર્થચિહ્ન લગાવી દીધું. સ્વહસ્તાક્ષરમાં લખાયેલા પત્રની સરખામણી ચેટ બૉક્સ કે ઈ-મેઈલમાં છપાયેલા અક્ષરો સાથે તો કરવી જ રહી. આજકાલ લાગણીઓની અભિવ્યક્તિ માટે ચેટ બૉક્સમાં જુદા જુદા સ્માઈલીઝ કે ચિત્ર મોકલવામાં આવે છે, પરંતુ તમે એ ભૂલી ગયા કે મારા ઉપર કોતરાયેલા સંદેશ સાથે ફરતે બનાવેલી ફૂલપાનની ભાત હજુ પણ એટલે જ આકર્ષક લાગે છે. પહેલાં ઈશ્વરને મનાવવા પત્ર લખાતા અને આજે ચેટ બૉક્સમા લાંચ અપાય છે. હું આજે પણ એક રુક્મિણી ઇચ્છું છું જે વોટ્સએપને બદલે પત્ર દ્વારા ફોટા સાથે પ્રિયતમને અરજી કરવા કહે. આજકાલ લાગણીઓની અભિવ્યક્તિ તો થાય છે, પરંતુ એ વાંચનારના હૃદયને સ્પર્શતી નથી. બસ એટલો ખયાલ રાખજો કે,

''મોબાઈલ, કમ્પ્યુટર તો આજે છે આવ્યા,
હું છું તમારો પાયો.
જો ન થયા હોત મારા કટકા
કે પછી ન પડ્યા હોત લિસોટા
તો ન મળી હોત તમારી લાગણીને વાચા.
સંદેશા, સ્માઈલી ખૂબ મોકલાયા
ચેટબોક્સમાં,
ઇચ્છુ આ યુગમાં
ફરી એક રુક્મિણીને મળવા.''

એ જ લિ.
પત્ર.
**કૌસુમી નાણાવટી**

# પ્રિય અજ્ઞાત

શું લખું ? કોને લખું?

મન દ્વિધામાં અટવાયેલું હતું!

આખરે કલમ ઉપાડી અને શરૂ કર્યું લખવાનું!

પ્રેમ!

વાહ! કેવો નાનકડો શબ્દ પરંતુ અદભુત શબ્દ!

બોલવા અને લખવા બન્નેમાં સરળ!

પરંતુ

વાસ્તવમાં પ્રેમ છે ક્યાં?

પિતાજી,

જેમણે આંગળી પકડીને ઊભા થતાં અને ચાલતાં શીખવ્યું મને....

પરંતુ

હું જરા પણ પગભર થાઉં એ પહેલાં જ ઉપડી ગયા એ અનંતની યાત્રાએ....!

હા!

માતાએ પણ અસીમ વહાલ વરસાવ્યો

પરંતુ

એક દિવસ કોઈને પણ કશું જ કહ્યાં વિના

એની પથારીમાં ઊંઘી ગઈ તે ઊંઘી જ ગઈ ફરીથી ક્યારેય ના ઊઠી....!

પછી તો,

કાયમ બનતું આવ્યું છે તેમ

ભાઈઓ પણ ''ભાગ'' લઈને પોતપોતાના પરિવાર સાથે ભાગી ગયા...

અને

બહેનો પણ પોતાનો સંસાર વસાવી દૂર દૂર રહેવા ચાલી ગઈ....!

હા!

નોકરીના સમયગાળા દરમ્યાન મિત્રો મળ્યા અને એમનો સ્નેહ પણ!

પરંતુ, નિવૃત્તિ બાદ એ પણ ધીમે ધીમે ઓસરતો ગયો!

ભલા! આંગળીને ટેરવે તો પ્રેમ ક્યાં સુધી થાય?

પત્ની,

સાથે ખરી, પરંતુ એની પણ હવે ઉંમર થઈ ગઈ! આખો દિવસ વ્યસ્ત, બસ, કામમાં ને કામમાં જ!

સંતાનો પણ માણી રહ્યાં છે પોતપોતાની જિંદગી એમની રીતે!

એમની વ્યસ્ત અને ભાગદોડની જિંદગીમાં એ બિચારાં પણ સમય ક્યાંથી ફાળવી શકે?

આખરે,

હારીથાકીને કલમને પ્રેમિકા બનાવી અને નીકળી પડ્યો ખોળવા ''પ્રેમ'' રસ્તે રસ્તે અને ગલીએ ગલીએ, પણ એ ક્યાંય નજરે ના પડ્યો તે ના જ પડ્યો!

મૂકી દીધી મેં કલમને પણ બાજુ પર.....!

અને

અચાનક જ એક દિવસ સંદેશો આવ્યો કે ''પ્રેમ ઉપર કંઈક લખો.''

હું તો ચાલતો હતો મારી જ ધૂનમાં, વિચારોનાં વમળોમાં ઘેરાયેલો અને સહસા ઠોકર ખાઈને પટકાયો ભોંય પર....

શું થયું? કેમ થયું? કશી જ ખબર નથી, જ્યારે આંખો ખૂલી ત્યારે, દસ-પંદર માણસોનું એક નાનકડું ટોળું જામી ગયું હતું મારી આસપાસ!

એમાંથી કોઈકનો અવાજ કાને અથડાયો

''દાદા,ક્યાં જવું છે તમારે?''

થોડોક સચેત થયો હું અને બોલ્યો ‘‘જ્યાં પ્રેમ વસે છે ત્યાં...શું લઈ જશો મને મારા ગંતવ્ય સુધી?’’

અને.....મને ત્યાં અટૂલો મૂકીને ટોળું ધીમે ધીમે વિખરાઈ ગયું.... કદાચ, પ્રેમની શોધમાં...

અને

આજે, બેસી રહ્યો છું હું પણ મારા સોફા પર....સાવ જ અટૂલો...

એ ‘‘પ્રેમ’’ના આગમનની પ્રતીક્ષામાં જેનો હળવો પગરવ સંભળાઈ રહ્યો છે મને મારા બહેરા કાનમાં...!

હશે અવશ્ય એ ‘‘પ્રેમ’’ મારા પૌત્રનો કે પૌત્રીનો!

આ તો હું તમને જ મારા આત્મીય સમજીને લખું છું, બાકી મારી કથની કોઈને કહેતાં નહીં હોં!

હવે તો,લખતાં લખતાં હાથ પણ ધ્રૂજે છે, અને આ કલમ પણ બિચારી થાકી ગઈ છે એટલે હું વિરમું છું......!

લિ.

છોડો ને, કોઈ નામ નથી લખવું !

(આ કોઈ ગદ્ય કે પદ્ય રચના નથી, છે કથની મારા જીવનની – જે અંતઃસ્થ લાગણીઓને વલોવ્યાં પછી ઊભરાઈને આવી છે)

**– રક્ષિત દવે**

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.
૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી
૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.
૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**
સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૭.
ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ – ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**
બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨ – ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org

DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# પ્રિય સંગિની

પ્રિય સંગિની,

આ પત્ર જોઈને અને કવર પર અંગત એવો શેરો જોઈને તને કદાચ થશે કે સાહેબને શું થયું છે? સાઠે બુદ્ધિ નાઠી છે કે શું? જોકે હવે તો સાઠે નહિ પણ સિત્તેરે કહેવું પડે. તને કદાચ થશે કે આટલાં વર્ષે આ શું તોફાન સૂઝ્યું હશે સાહેબને! અને એમ તને વિચાર આવે તોપણ તેમાં નવાઈ નથી. આમ પણ આપણાં પ્રેમલગ્ન તો હતાં નહિ, લગ્નપ્રેમ હતો. મતલબ સ્વજનોએ આપણાં લગ્ન ગોઠવ્યાં હતાં. આથી આપણા બંને વચ્ચે પ્રેમ તો લગ્ન પછી જ પાંગર્યો ને! હા, સંવનન-કાળમાં અર્થાત્ સગાઈ અને લગ્ન વચ્ચેના ટૂંકા ગાળામાં આપણે પરસ્પર પહેચાન કરવાનો પ્રયત્ન કર્યો.

એ સમય દરમ્યાન પત્રો, પ્રેમપત્રો પણ લખ્યા. ચોરી કરીને કે નકલ કરીને પારકી શાયરીઓ પણ પત્રમાં લખી! હવે એમ ઉધારની કવિતા દ્વારા પ્રેમ વ્યક્ત કરવાનું નથી પસંદ પડતું. આ ક્ષણે તો મને યાદ આવે છે જ્યારે તું જતાં પહેલાં નાહીને અરીસા પાસે ઊભીને વાળ કોરા કરતી હતી તે દૃશ્ય. તો આવું કાંઈક ટપકી પડે છેઃ

સદ્યસ્નાતા, સંવારતી વિખરાયેલા ભીના કેશ  
ગુલાબી હોઠ ’ને કાળાં નયન, વિના મેશ  
ગૌરવર્ણ છતાં સાદગી હંમેશ  
આવ, એકવાર તું મારી પાસે તો બેસ!

વાત જાણે એમ છે કે એક સામયિક તરફથી પ્રેમપત્ર કે પ્રિયને પત્ર વિષય ઉપર લખાણ મોકલવાનું આમંત્રણ આવ્યું. મેં આપણા પાડોશી ચંદ્રેશની દીકરી - નૈયા ને બોલાવી કહ્યું કે તું આવો કોઈ પત્ર લખે તો શું લખે? તો ખી ખી ખી હસવા લાગી, મને કહે, અંકલ અત્યારે કોઈ આવા કાગળો નથી લખતું, વોટ્સએપ છે, મિમ્સ છે, અનલિમિટેડ ટોક-ટાઈમ છે, કાગળ લખવાનો કોને ટાઈમ છે? પછી આંખો નચાવતી નટખટ અવાજે બોલી, કે પછી આંટી મુંબઈ ગયાં છે તો તમે...! કહેતાં હસતી હસતી દાદરો ઊતરી ગઈ! થોડી વાર તો હું સ્તબ્ધ થઈ ગયો. પછી થયું વ્હાય નોટ? તને પત્ર કેમ ન લખાય? આમ પણ તારો જન્મદિવસ આવતી ૧૪મી તારીખે છે તો આ વખતે તને સરપ્રાઈઝ આપું! હું તને પ્રેમ કરું છું તેની તને ખબર જ છે અને આજના ચોખલિયા સમાજશાસ્ત્રીઓના દાવા મુજબ સુખી લગ્નજીવન માટે રોજ દસ વખત જીવનસાથીને આઈ લવ યુ કહેવું જોઈએ તેમ હું માનતો નથી, પણ તેમ છતાં મનમાં કંઈક આવું ઊગે છે,

અધૂરપ હતી જીવનમાં, થયો તારો પ્રવેશ  
મધુરપ છવાઈ ગઈ જાણે સૂરમય રાગ દેશ  
તારા વિના સૂનો હતો મારા દિલનો નેસ  
આવ, એકવાર તું મારી પાસે તો બેસ!

હા, સંગી! તારી સાથે જીંદગીનાં આટલાં વર્ષો ક્યાં પસાર થઈ ગયાં તેની ખબર જ ન રહી! આપણી પુત્રી પૌરવીએ લગ્નની વીસમી વર્ષગાંઠે ક્રિકેટના રસિયા જમાઈને માટે કવિતા લખી હતી યાદ છે?

ચાલ, આપણે ટ્વેંટી-ટ્વેંટી (૨૦-૨૦) રમીએ,  
એક ઈનિંગ પૂરી થઈ, હવે બીજી રમીએ....

હવે આપણે તો વન-ડે મૅચની પહેલી ઈનિંગ્સની છેલ્લી ઑવરો રમીએ છીએ તો પછી સેકંડ ઈનિંગ્સની પચાસ ઑવર રમવાની તારી તૈયારી છે ને! બાકી હા, એક વાત તો ચોક્કસ છે, ક્રિકેટ મૅચની જેમ આપણા લગ્નજીવનમાં પણ ઘણા ચડાવ-ઉતાર આવ્યા. ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલી તો શ્વાસ અદ્ધર થઈ જાય તેવી નબળી ક્ષણો પણ આવી. કોટ બીહાઈંડ અને એલબીડબલ્યુની અપીલ પણ થઈ. કૅચ પણ ગુમાવ્યા, પણ આપણે વિકેટ ગુમાવ્યા વિના પાળી રમતાં રહ્યાં! વહાલી સંગી! નબળી ક્ષણો વખતે તેં મને ભલીભાંતિ સંભાળી લીધો. રનઆઉટ ન થવા દીધો! ના, તે માટે હું તારો આભાર નહિ માનું. તું કહે છે ને કે પ્રેમમાં નો થેંક યુ, નો સોરી! પણ એટલું જરૂર કહીશ;

તું જ મારી કવિતા 'ને તું જ મારી ગઝલ
તારા વિના અધરી હતી આ લાંબી મઝલ
સંભાળી લેતી તુરંત, જો વાગતી મને ઠેસ
આવ, એકવાર તું મારી પાસે તો બેસ!

હા! પેલી તૂર્કી ટીવી સીરિયલનો ગઈકાલનો હપ્તો તેં જોયો હતો? તેમાં એલિફ કહે છે કે તે અનકંડિશનલ લવમાં માને છે. તો એકતા કપૂરની સીરિયલમાં ટોટલ સબમિશનની - સંપૂર્ણ સમર્પિતતાની - વાત આવે છે. મને આ વિરોધાભાસ સમજાતો નથી. આપણે ક્યારે પણ આ બાબત વાત નથી થઈ, પણ તું શું માને છે? મીરાંનો પ્રેમ કે રાધાનો પ્રેમ, ક્યો સાચો પ્રેમ? કવિઓ અને લેખકોએ આ બાબત ગાડાં ભરાય તેટલું સાહિત્ય લખ્યું છે, પણ મને લાગે છે પ્રેમને કોઈ વિશેષણની જરૂર નથી. સંગીતના સાત સૂરોમાં રિષભ, ગંધાર, મધ્યમ અને નિષાદ ચલિત છે એટલે કોમળ અને તીવ્ર હોઈ શકે, પણ ષડજ અર્થાત 'સા' અને પંચમ અર્થાત 'પ' અચળ છે. પ્રેમ એ સરગમના 'પંચમ' જેવો છે. અચળ. સંગી! આપણો પ્રેમ પણ એવો જ છે. અડગ, અચળ, અસ્ખલિત, અવિરત, અસીમ અને અવર્ણનીય. તું કહીશ કે સાહેબ! પછી પેલા ષડજનું શું?! તો વહાલી! સહજીવનની સરગમમાં 'સા' એટલે સાયુજ્ય. ઐક્ય. 'તું' અને 'હું', મારું અને તારું નહિ પણ આપણે, આપણું-નું ઐક્ય. જેમ આપણું સાયુજ્ય છે તેમ.

પિયરમાં બધા મજામાં હશે. સાસુમાની તબિયત હમણાં તો દીકરીના હાથની રસોઈ જમીને જામી હશે! તેમને મારા વંદન પાઠવું છું.

આપણા સંવનનકાળમાં સામાન્યતઃ ત્રણ-ચાર પાનાં ભરીને પત્રો લખતાં. ખાસ રંગીન અને સુગંધિત લેટર-પેડ વાપરતા. ટપાલનું કવર પણ રંગીન મોકલતાં! કાગળમાં કવિતા અને શાયરીઓ ટાંકતાં, પણ મને તો એવી શૃંગારમય પંક્તિઓ ખાસ સૂઝતી નથી. હા, એમ થાય છે કે, પ્રિય સંગી!

અંધારાં ને અજવાળાંમાં તારો સદા સાથ
પાંચ દાયકાનો પ્રિયે! લાગણીસભર સંગાથ
જનમોજનમનો સથવારો માગું, નો મોર નો લેસ
આવ, એકવાર તું મારી પાસે તો બેસ!

બસ. તારા આગામી જન્મદિન નિમિત્તે તને અનેકાનેક ચુંબનો.

લિ. સદાકાળ તારો 'સાહેબ'

**-ભજમન નાણાવટી**

# પ્રિય ક્ષણ તને

પ્રિય ક્ષણ તને

શરણાઈનાં સૂર ભેદીને છેલ્લે છેલ્લે પણ તું મને હચમચાવી ગઈ હતી. અરીસા સમક્ષ સુસજ્જ બની હું થોડી પળોમાં જ સપ્તપદીના ફેરા માટે તત્પર હતી ત્યારે જ તને મેં કહેલું,

જોજે,મહેરબાની કરીને માંડ સ્થિર થયેલાં પગલાં ફરી ડગમગે એ સમયે જરાય ડોકાતી નહી.

મક્કમતાથી પડકાર્યો છે મેં સુમિતને. તું પણ ત્યાં હાજર જ હતીને! તારી જૂઠી દલીલો, ખોખલાં બહાનાં અને બધાં વચ્ચે અશ્રુઓમાંથી ચળાઈને આવતો મારો આક્રોશ. એ બધાનો સંપુટ કરીને ઉછાળી દીધો છે મેં.

મા પોંખતી હતી તે સમે તિરાડોમાંથી ધરાઈને વાંચી લીધો હતો મેં અમરનો નિર્મળ શાંત, સુશીલ ચહેરો. સુંદર તો સુમિત પણ હતો, પણ માત્ર ઉપર ઉપરથી. ખબર નથી, તને એ ખેલમાં શું મજા પડતી હતી? તારી એ નબળી હયાતી મારા અસ્તિત્વને વિવશ કરી ગઈ. હારી ગઈ હું. સુમિતના બાહુપાશ વચ્ચેથી તિર્યક દૃષ્ટિથી જોઈ હતી મેં તને. અટ્ટહાસ અને ઉપહાસ કરતી.

પણ, બીજી જ પળે તું કેવી બદલાઈ ગઈ હતી! મને તું એવી તો ગમી ગઈ હતી!

હવે એ બધું જ સમજાય છે. હવે જ તો હું માંડી રહી છું પગલાં, સાત અને દૃઢ. અમરનો એ ઉષ્માભર્યો સ્પર્શ મંડપથી શયનખંડ સુધી વિસ્તરી જિંદગીની સુહાની સફરમાં હૂંફ આપી રહ્યો છે ત્યારે અંતમાં એટલું જ કહેવું છે આ અંતિમ પત્રમાં, કે હવે પછી બીજી કોઈ ભોળી ષોડશીના જીવનમાં તું તારી શતરંજનાં સોગઠાં બિછાવે ત્યારે મને એકવાર યાદ જરૂર કરજે અને મને આપી એવી અપ્રતિમ, અવર્ણનીય પળ લાવી એના જીવનને પણ મહેકાવી દેજે.

લિખિતંગ,

તને ફરી ફરીને મળવાને ઉત્સુક હું.

**–પારૂલ મહેતા**

# પ્રિયતમ સખા

પ્રિયતમ સખા,

સપ્તપદીનાં સાત પગલાં સાથે ચાલીને, સપ્તમે સખા થયાં! યાદ કરીને અવારનવાર એકોક્તિમાં વાતો કરું છું. આજે પત્રમાં વાત કરું છું, પરંતુ પત્ર કયા સરનામે મોકલું એ સમજાતું નથી!

આપણી મૈત્રીના પત્રની શરૂઆત કોઈ સુવાસિત કે સુશોભિત પત્રોથી નહોતી થઈ. તે સમયે પણ જીવનની વાસ્તવિકતાનો ખયાલ હતો. જીવનમાં આવનારા પડકારોની વાતો હતી અને તે પડકારો ઝીલ્યા પણ ખરા! એકમેકનો સાથ હતો ને! પરસ્પરને કોઈ ચાંદ-તારા તોડી લાવવાનાં વચનો નહોતાં આપ્યાં. તેમ છતાં ખભેખભા મેળવીને સાથ આપ્યો, પરંતુ ઈશ્વરને તે પણ મંજૂર નહોતું. ઈશ્વરને પણ ઈર્ષા આવી. તેણે માળો વીંખી નાખ્યો. જીવનમાં હજી તો વસંત મહોરી ન હતી ત્યાં જ પાનખર આવી ગઈ! આમ અધવચ્ચે હાથતાળી આપીને કંઈ જવાતું હશે? એકલું ચાલવું કદાચ અઘરું નથી, પરંતુ થોડાં વર્ષ સાથે ચાલીને અચાનક સાથ છૂટી જાય એટલે જાણે એક અંગમાં પક્ષઘાત! એમ લાગે,

''ખોબો ભરીને અમે એટલું હસ્યાં
કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં!''

ઈશ્વરને મળું એટલે પૂછવું છે કે તને અકાળે જોડાં ખંડિત કરવાથી શું આનંદ મળે છે?

આજની પેઢીને કદાચ પત્ર લખવાનો કે વાંચવાનો પણ અણગમો થાય કારણ આજે તો તેમની પાસે અદ્યતન ટેક્નૉલૉજીનાં સાધનો છે. whatsapp કે ફોનથી સતત સંપર્કમાં રહી શકે છે. આપણો સમય કેવો હતો? પરસ્પર વચ્ચે બે રાજ્યોનું અંતર. કોઈ ફોનની સુવિધા પણ નહીં. ટપાલી પત્ર લઈને આવે તેની આતુરતાપૂર્વક રાહ જોવાતી! પત્રલેખનથી જાણે સાહિત્યિક શૈલી ખીલી હતી! હૃદયની ઊર્મિઓ ઠલવાતી. જીવનની વાસ્તવિકતા હોય તો એ જ છે કે ''સાથ જીયેંગે સાથ મરેંગે'' તો માત્ર ચલચિત્રો અને વાર્તાઓમાં જ બને. અલબત્ત બહુ જ એવા ભાગ્યશાળી હોય છે જેઓ સાથે જીવીને સાથે મરી પણ શકે છે. આપણો પ્રિય શેર,

''વક્ત સિર્ફ દો હી ગુજરે હૈં ઝીંદગી મેં કઠીન,
એક તેરે આને સે પહેલે ઔર એક તેરે જાને કે બાદ''

એ આજે પણ અનુભવું છું. આજે પણ જીવું છું, પરંતુ ''શ્વસતિ ન જીવતિ'' જેવું યંત્રવત્ જીવન. સંસાર ચાલે જ છે જેમ ચાલતો હતો, પરંતુ એકડા વિનાનાં શૂન્ય ગમે તેટલાં હોય, તેની કોઈ કિંમત નથી હોતી! એવું તારા વિના મારું અસ્તિત્વ છે!

કહેવાય છે કે સ્વર્ગમાં તો અપ્સરા અને પરીઓ હોય છે. ન કોઈ ચિંતા કે ન કોઈ દુઃખ. તેથી તારો સમય આનંદમાં પસાર થતો હશે. હું પણ જીવું છું અને હસતી રહું છું. ઈશ્વરને પ્રાર્થના કરું,

''ભૂયો અપિ મે જન્માન્તરેપિ,
ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ''

સ્વર્ગમાં કોઈ લાગવગ ચાલે કે નહિ? મને વિઝા મેળવી આપને? ફરી જલદી મળીએ તેની જ રાહ જોઉં છું. અહીંની ચિંતા ન કરીશ. તે અધૂરાં મૂકેલાં બધાં કાર્યો પૂર્ણ કર્યાં છે તેથી હવે ઈશ્વરનું તેડું આવે તેની રાહ જોઉં છું.

આ સાથે જ ભારે હૈયે વિરમું છું.
સદૈવ તારી જ ભવોભવની સખી.

**-પદ્મજા વસાવડા**

# પ્રિય અલીચાચા (ડોસા)

જન્નતમાં બિરાજતા મહાશય અલીચાચાને (ડોસાને) નમન.

હું પ્રીતિ.

બાત નીકલેગી તો દૂર તલક જાયેગી..

બસ, જિંદગીમાં આવું જ થયું. તમારા જમાનામાં તો પત્રવ્યવહાર જ એકબીજા સાથે જોડાઈ રહેવાનું મુખ્ય માધ્યમ હતો, પણ અમે તો ડિજિટલ અને કૉમ્પ્યુટર યુગમાં જન્મેલાં એટલે અમને પત્ર-ટપાલનું જરાય વળગણ નહીં. એ સમયનો વ્યય કરવા જેવી વાત લાગે. આ મોબાઈલ લીધો અને ફટાક ફોન જોડ્યો... લ્યો સામે પત્ર લખનાર અને વાંચનાર બેય વ્યક્તિ તરત જોડાય અને અરસપરસ વાત કરી શકે એટલી સુવિધા મળે તો પત્રને કેટલું મહત્ત્વ અપાય!

હા, અલીચાચા અમે અમારાં પાપા-મમ્મી સાથે આવી જ દલીલ કરીએ.

પણ નાનપણમાં તમારી વાર્તા ભણવામાં આવેલી. પછી તો પાપાએ પણ ન જાણે કેમ એકવાર ઑનલાઈન સર્ચ કરીને એ પોસ્ટ ઑફિસ વાર્તા મને વંચાવી. મેં કંટાળાથી વાંચી પણ લીધી. એ વાતનેય વર્ષો વીત્યાં.

અલીચાચા, ખરી વાત તો હવે તમને કહેવી છે. તમારી મરિયમ તો લગ્ન કરીને ચાલી ગઈ હતી, પણ અમારી પેઢી તો વધુ ભણવા પણ વિદેશ જઈને વસે છે. હું પણ એમાંની એક. એકલી રહીને ભણવા સાથે જૉબ પણ કરું છું. અમારો વિસ્તાર દેશનો ઠંડામાં ઠંડો વિસ્તાર કહેવાય. માઈનસમાંય કેટલીય ડિગ્રી તાપમાન થઈ જાય. ઘરની બહાર બરફ જ બરફ. સફેદ ચાદર સિવાય કશું જ નજરે ન ચડે ત્યારે ગમગીની ઘેરી વળે. બપોરે ચાર વાગે અંધારું થઈ જાય ત્યારે વતનમાં રાતના આઠ વાગ્યા સુધી બહાર રમતાં અને પછી મમ્મી બૂમ પાડતી શોધવા નીકળતી એ સ્મરણ ઘેરી વળે અને આંસુ પણ બરફ બની પાંપણ પર થીજી જાય.

વર્ષો સુધી મમ્મી-પાપાની સલામત સલ્તનતમાં બેખોફ થઈને જીવી. અહીંયા એકલાં રહેતાં રહેતાં જગતની કડવી વાસ્તવિકતાના અનુભવ થયા.

હવે મને પાપામાં અલી ડોસો મહેસૂસ થાય છે. એક ફોન માટે કેટલું તરસે એ સમજાય છે.

પાપાની કહેલી પોસ્ટ ઑફિસ વાર્તા અને એ વાર્તા પાછળનો એમનો હેતુ મને બરાબર સમજાય છે. પહેલાં તો મનેય અણગમો આવતો કે આ મોબાઈલના જમાનામાં પાપા અલી ડોસા જેવી વાર્તા મને શું કામ કહેતા હશે?

પણ અહીંયા આવી પાપાની બહુ યાદ આવતી રહી છે. મમ્મી સાથે તો બહુ બધી ખાટી, મીઠી, તીખી, કડવી પળ વિતાવી. એ યાદ ન આવે એવું તો હોય જ નહીં, પણ પાપાને મૂકીને આવી પછી એમની સાથે જીવવાની રહી ગયેલી બહુ બધી પળ કનડવા માંડી.

અને મેં નિશ્ચય કર્યો કે,

તમારી મરિયમનો ખત મોડો પડ્યો, પણ હું એવું નહીં થવા દઉં.

પહેલાં તો મોબાઈલ જ હાથમાં લીધો ત્યાં તો મરિયમના ખતની પ્રતીક્ષા કરતો અલી ડોસો એટલે તમે નજર સમક્ષ તરવર્યા. એટલે નક્કી કર્યું કે બને એટલા પત્ર જ લખીશ.

શરૂઆત તો સહેજ કંટાળાથી કરી કેમ કે અમારી પેઢી તો ડિજિટલ જ જીવે છે, પણ જેમ જેમ લખતી ગઈ એમ એમ હું પાપા-મમ્મી સાથે ફરી જીવતી ગઈ. લાગ્યું કે પાપા સાથે ન જીવાયેલી અધૂરી બધી પળ પત્ર દ્વારા જીવાઈ જશે. બહુ સંતોષ થયો.

જાતે લખવામાં કેટલી લાગણી વણાતી જાય અને મોબાઈલમાં ટાઈપ કરવામાં કેટલી લાગણી રોબોટ બની જાય એ ફર્ક મને આજે સમજાય છે.

અલીચાચા, પત્ર લખીને પોસ્ટ કરતાં મેં પાપાની સાથે તમને પણ યાદ કર્યા. કદાચ મરિયમના ન પહોંચેલા પત્રનો અફસોસ ઓછો કરી શકું.

લિ. પાપાની પ્રીતિ કે અલી ડોસાની મરિયમ.

**- લીના વછરાજાની**

# પ્રિય લાલ મરચાંનો ભૂકો

પ્રિય લાલ મરચાંના ભૂકા.

તને યાદ છે? હું નાની હતી ત્યારે તને હું બહુ પસંદ કરતી હતી. જોકે, પસંદ તો હજુ પણ તને કરું જ છું, પરંતુ શરીરના અંદરના સભ્યો જ મને ના પાડે છે. તને ખબર છે, ના એકલી નથી પાડતાં - જોડે ધમકી પણ આપે છે કે અંદર રહીને ધાંધલધમાલ કરીશું અને એ ધમાલ મને અને બીજાને બહુ મુસીબતમાં મૂકી આપે છે.

બાકી.. હું તને અને તું મને ક્યાં છોડી શકવાનાં છીએ. તને યાદ આવે છે? હું તને મારા સાંજના નાસ્તા તરીકે પ્રમોદી, ગાંઠિયા, ચવાણુની જગ્યાએ સવારની રોટલીમાં તને વધુ સ્થાન આપી અને મીઠાંને સ્થાન આપી અને મસ્ત રોલ (ગોળ ગોળ) વાળીને આરોગું અને સાથે મજા પણ લઉં, કેવી મજા આવતી નહિ? પછી, પછી હું જયારે ઘરના જમણમાંની દરેક વસ્તુમાં તને જોવા અને સેવન કરવા ઇચ્છતી ત્યારે ત્યારે કચુમ્બરમાં, શાકમાં, અથાણાંમાં તને વધુ નાખી અને સેવન કરતી ક્યારેક ક્યારેક તો એક નાની વાટકીમાં તને અને જોડે મીઠાંને લઈને માત્ર તેના પર જલાભિષેક કરી અને એક મારી અતિગમતી એવી ચટણી તરીકે મારા જમણમાં લેતી. આ બધા દરમિયાન ઘરના સભ્યો તારા જેવા રંગની આંખો (લાલ આંખ) કરતાં પણ ત્યારના સમયની મારી એ ઉંમર તારા અતિસેવન પાછળનું **(अति सर्वत्र वर्ज्येत)** જેવું સૂત્રની સમજણ રાખવા કે સમજવા કરતાં અતિઆનંદની હતી, જે તને ગ્રહણ કરતાં આવતો.

સમય સમયની વાત છે, હવે મારે જ મારા શરીરના સભ્યો સામે નમવું પડે છે. કારણ માત્ર એટલું જ કે, મારા દ્વારા કરાતાં તારા સેવનથી અદેખાઈ-ઈર્ષ્યા છતી કરે છે હવે આ શરીરના સભ્યો અને સાથે પાચન ન કરવાની હડતાળ કરી મુશ્કેલી ઊભી કરી દે છે. તેથી જ તારા પ્રત્યેનો લગાવ, તારા પ્રત્યેની લાગણીઓમાં હવે મારે અલ્પવિરામ લગાવવા પડ્યાં છે તેનો અફસોસ છે, પરંતુ 'પહેલું સુખ તે જાતે નર્યા' જેવા સૂત્રને પણ જીવનમાં સ્થાન આપીને મનને મક્કમ કરેલ, જેથી રસના દ્વારા તારો લહાવો તો લેવાય અને સાથે અંગોની કનડગત પણ નહી. આમ, આપણા સંબંધને કોઈ તોડી શક્યું નથી અને તોડી શકશે પણ નહી. મારા પ્રિય લાલ મરચાંના ભૂકા..

**નૈઋતિ અંતાણી**

# પ્રિય રુતાલી

મારી અતિપ્રિય રુતાલી,

દસમા ધોરણમાં હોઈ ભણવામાં અતિવ્યસ્ત હોઈશ, પણ વિચારતાં ગદગદ થઈ જવાય છે કે 'નાના' ઉર્ફે 'J.D.' નો પત્ર જોતાં જ તું હજાર કામ પડતાં મૂકીને એક જ શ્વાસે બે વાર, ત્રણ વાર, ચાર વાર, કોણ જાણે કેટલીય વાર આ પત્ર વાંચી નાખીશ. આમેય વાંચવામાં તને કોણ પહોંચી શકે? 'બુક-વર્મ' કે 'પુસ્તકનો કીડો' શબ્દ પણ તારા માટે નાનો પડે એમ છે. (સગાં-સંબંધીઓ કે મિત્ર-વર્તુળમાં તારી વાત જ્યારે પણ નીકળે ત્યારે આ શબ્દનો ઉલ્લેખ કરતો જાઉં અને મનમાં હરખાતો જાઉં). આટલું લખતાં પણ આંખો સજળ થઇ જાય છે.

દીકરીને ''વહાલનો દરિયો'' કીધો છે તો તારા જેવી દોહિત્રીને તો ''વહાલનો મહાસાગર'' જ કહેવાય ને?

વાંચતાં જ આપણા વચ્ચેનું હજારો કિ.મી.નું અંતર તારા મનમાં ઝીરો કરી નાખ્યું હશે. ઈન્ગ્લૅન્ડમાં રહેવા છતાં પણ તારી મમ્મીએ તને કેટલી સ્વદેશી મૂલ્યો અને સંસ્કૃતિ સાથે સતત જોડેલી રાખી છે કે અહીં આવી જવા માટે તું રજાની રાહ જ જોતી હોય છે! આ વાત મને 'આહા મોમેન્ટ'નો અનુભવ કરાવે છે.

તારો જન્મ થવાના દિવસો - કલાકો ગણાતા હતા ત્યારની મારા મનની સ્થિતિને હજી યાદ કરું છું. રોજ શુભ સમાચારની રાહ જોતાં જોતાં અપેક્ષિત તારીખ કરતાં તે ૧૨ દિવસ વધુ લીધા હતા. જાણે મમ્મીની અંદર રહી તારે વધુમાં વધુ ગર્ભ-સંસ્કાર મેળવી લેવા હતા અને આ વળગણ હજી તસુભાર પણ આજે ઓછું થયું નથી. જાણે બન્ને માતા-પુત્રી કરતાં સખીઓ વધારે હોવ.

તારા બાળપણના દિવસો યાદ કરું છું તો કેટલાય સંવાદો યાદ આવતાં ખૂબ હસવું આવે છે, રાજીપો થાય છે. એક વાર તને કાનો-માત્ર વિનાના શબ્દો શીખવતાં મેં વાંચ્યું ''મગન રમ, રમણ રમ, વડ પર ચડ, ગરમ ગરમ જમ'' તો તે તરત જ સુધાર્યું કે ''આમાં તો બધાને ઑર્ડર કરે છે!! એમને પૂછવું જોઈએ ને કે તારે રમવું છે?, જમવું છે? વડ પર ચડવું છે?'' ૪ વર્ષની નાની ઉંમરે પણ તને સ્વમાનનું કેટલું મહત્ત્વ હતું!! Herrick સ્કૂલમાં એકવાર ટીચરે કહ્યું હતું કે ''Now boys will play with post box and girls will wash the clothes'' તરત જ તેં સહુ વિદ્યાર્થિનીઓ વતી કહ્યું કે ''અમારે post boxથી રમવું છે. Boys will wash clothes'' અને ટીચરે તેમ કરવા દીધું. આમ તારા નામના અર્થ (honest competent woman) પ્રમાણે તું હંમેશાં સજાગ છે તેનો ગર્વ છે. તને રાજા-રાણીની વાર્તા સાંભળવી બહુ ગમતી, પણ એક વાત હંમેશાં ખટકતી કે ક્યારેય ''એક હતી રાણી''થી વાર્તા કેમ શરૂ નહીં થતી હોય!! અને તારી કલ્પનાશક્તિ તો જો... નાનપણમાં સૌરભમામા બોલ્યા કે ''મારાથી ગ્લાસ ફૂટ્યો ત્યારે મેં મને મનમાં વઢી જ લીધું હતું'' ત્યારે તેં તરત જ તેમને સુધારતાં કહ્યું હતું કે ''તમે તમારી જાતને કવી રીતે વઢી શકો? વઢવા માટે સામે બે ડોળા જોઈએ ને!!'' એકવાર તારા નાનીએ કહ્યું હતું કે ''મિનળ, તારી દીકરી તારી જ ઝેરોક્ષ કોપી છે'' ત્યાં તો બાળ-રુતાલી ઉવાચ,''No......I am just Rutalee.''

શાળામાં બાળકોનું વલણ ચકાસવા ટેસ્ટ લેવાઈ તેમાં તારામાં મૅનેજમેન્ટ અને

લીડરશીપના ગુણો દેખાયા, પરંતુ તું એક Rock-Star બનવા મક્કમ હતી. જોકે હજી તું વધુ ને વધુ સમજુ, સજાગ અને પરિપક્વ થઈશ તેમ જીવનમાં ક્યા ક્ષેત્રમાં આગળ વધવું તે તારી મેળે જ નક્કી કરી શકીશ. ઇંગ્લૅન્ડમાં બેઠાં પણ મમ્મીએ તને માતૃભાષા વાંચવા-લખવામાં પણ કેવી પારંગત કરી છે જે તને બોલવી-વાંચવી ગમે પણ છે તે સાંભળી ગર્વ થાય છે. ભણવા ઉપરાંત રાસ-ગરબા, તરણ, ડ્રોઈંગ તથા અન્ય રમતોમાં બાહોશ અને એક બાહોશ સ્ટેજ આર્ટિસ્ટ તરીકે પણ તેં શાળાને નામ અપાવ્યું છે તે નાનીસૂની વાત નથી. તારા સરસ મજાના ઉછેર માટે તારાં મમ્મી-પપ્પાએ સરખી જ ભાગીદારી નિભાવી છે જેનો હું સાક્ષી છું એટલે જ તે દિવસે તારા પપ્પાને ''હેપ્પી મધર્સ ડે'' નિમિત્તે અભિનંદન આપ્યાં હતાં.

દિવસો જતાં વાર નથી લાગતી. હજી ગઈકાલે દોડીને મારા ખોળામાં બેસી જઈ કાલીઘેલી ભાષામાં ''વાત્તા કલો વાત્તા કલો'' કરતી રુતાલી આજે વિવિધ વિષયોની ચર્ચામાં પોતાના અભિપ્રાય કેવી સરસ વૈવિધ્યસભર ભાષામાં રજૂ કરે છે! અને આવતી કાલે એ જ રુતાલી પોતાની નવીનકોર મોટરમાં પોતાના વિષયની ગહનતા સમજાવતી અમને યુનિવર્સિટીમાં યોજાયેલ તેના પદવીદાન સમારંભમાં લઈ જશે. રુતાલી, જેમ દિવસો અને વર્ષો વીતશે તેમ તારી પ્રગતિ કૂદકે અને ભૂસકે થવાની તે નિઃસંદેહ છે. સમજણ વધવા સાથે જવાબદારીઓ વધવાની અને તે સર્વે તારા સંસ્કારસિંચન પ્રમાણે ન્યાયી અને નિસ્વાર્થ ભાવે નિભાવવાની અને નિષ્કલંક જીવન જીવવાની કળા તેં મહદઅંશે હાંસલ કરી જ લીધી છે તેના અમો સૌ સાક્ષી છીએ. અત્યારે પણ દર રવિવારે કેવી સમયસર ''Age Concern''માં યથાશક્તિ સેવા આપવા માટે ઉપડી જાય છે!!

તેં ન્યુઝમાં વાંચ્યું હશે કે ફિનલૅન્ડના નવા ચૂંટાયેલ ૩૪ વર્ષીય વડા પ્રધાન ''સાના મારિન'' તારા જેવી જ વિચારસરણી ધરાવે છે. તેમનું પણ માનવું છે કે લીડરશીપને મહિલા કે પુરુષ હોવા સાથે લેવાદેવા નથી. વળી બાયોલૉજીની દૃષ્ટિએ પણ પુરુષ કરતાં મહિલા જ બળવાન છે.

તું જ કહેતી હતી કે તારી ફેવરિટ પોપ-સિંગર Tailor Swift ૯ વર્ષની ઉંમરથી ગાય છે અને તેના નવા આલ્બમ ''The Man''માં તેનો ડ્રેસ અદ્દલ લિયોનાર્ડો-દ-કેપ્રિયો જેવો જ લાગે છે. તેનું ફેવરિટ વાક્ય ''હંમેશાં મુશ્કેલ રસ્તા પસંદ કરો'' તને બહુ ગમે છે તે જ તારા ભવિષ્યના જીવન વિશે ઘણું કહી જાય છે.

મને લાગે છે આ પત્ર ક્યારેય પૂરો જ નહીં થાય, પણ જો પૂરો નહીં થાય તો તારા સુધી પહોંચશે કેમ અને નહીં પહોંચે તો તું તારા પ્રિય JD સુધી પહોંચીશ કેમ??

ચાલ ત્યારે. વધુ તો રૂબરૂમાં ને!! ત્યારે તો પરીક્ષા પૂરી પણ થઈ ગઈ હશે. મોટા ભાઈ વીક-એન્ડમાં યુનિવર્સિટીમાંથી આવ્યા હશે. તેનો બૉડી બિલ્ડિંગ પ્રોજેક્ટ ચાલુ હશે. મમ્મી-પપ્પાને કહેજે કે વિઝા આવી ગયા છે.

લિ. તારા JD ઉર્ફે જયદીપભાઈ.

**જયદીપ અંતાણી**

# પ્રિય મા (તા)

આજે તો મને તારી ખૂબ યાદ આવે છે. બાલ્કનીમાં બેસી આપણું આલ્બમ નિહાળી રહી છું અને ગલીમાંથી ગોવિંદા રે... ગોપાળા... ગોવિંદા આલા રે...ની ગૂંજ સંભળાઈ રહી છે. આજે તો ગોકુળ અષ્ટમીને!! મા મારી વર્ષગાંઠ.

તા... તને યાદ છે? આપણી અગાશીમાં સહુને આમંત્રિત કરી મારી નવમી વર્ષગાંઠ ઊજવી હતી? ખૂબ મજા મસ્તી કરી હતી. આ ફોટામાં પાપા, આદિ, હું અને વચ્ચે તા તું!!!

મારા મનપસંદ ગુલાબી રંગની સાડીમાં તું કેવી સુંદર દેખાય છે... દેખાતી હતી...!!

મા આ વર્ષે જ મારી ઈસરોમાં વૈજ્ઞાનિક તરીકેની પસંદગી થઈ છે. હું જાણું છું. જો તું હયાત હોત તો સૌથી વધુ આનંદ તો તને જ થયો હોત. મને ભણાવવામાં પણ તારો મોટો ફાળો. ફિઝિક્સમાં માસ્ટર કરવા તેં જ મને પ્રેરિત કરી હતી. તારી ઇચ્છા હતી ને કે હું પીએચ.ડી. પણ કરું? હા... મા તન્મયના જન્મ પછી મેં પીએચ.ડી. પૂરું કર્યું. એમાં સાહિલનું પણ સારું એવું યોગદાન. સાહિલ સાથે મારાં લગ્નનો પ્રસ્તાવ પણ તેં જ મૂક્યો હતો ને! પાપાને તું કહેતી સાહિલ આપણી મીનુ માટે યોગ્ય છે.

તા.. સ્કૂલમાં જ્યારે મને બધા પૂછતા કે તું તારી મમ્મીને 'તા' કેમ કહે છે? પણ હું તને 'તા' કેમ કહું છું તે મને જ ખબર ન હતી. ત્યારે તેં જ મને કહ્યું હતું, ''મીનુ જ્યારથી તું બોલતી થઈ ત્યારથી જ તું મને 'તા' કહે છે. કારણ તારા પાપા ઘરમાં મને બોલાવે અરે હંસિકા ફલાણુ ક્યાં છે? હંસિકા જો તો મીનુ રડે છે એને તારી પાસે આવવું છે.. બસ હંસિકા હંસિકા શબ્દ તારે કાને પડે અને તું બોલવા જાય 'કા' પણ 'ક' બોલતા તને ફાવે નહિ તેથી તું મને 'તા' કહીને સંબોધતી.''

તા મોટી થયા પછી પણ મને જ્યારે જ્યારે તારી ઉપર વહાલ ઊભરી આવે ત્યારે 'તા' કહીને તને બાઝી પડતી. તને યાદ છે ને?

જ્યારે આદિનો જન્મ થયો ત્યારે હું લગભગ પોણાચાર વર્ષની હોઈશ અને મને એ સમયે જે છૂપી છૂપી ઈર્ષ્યા આવતી. તારે માટેની મારી પઝેસિવનેસ. મારા બાળમાનસની આંતરમૂંઝવણ તું તરત સમજી જતી અને તેં જ મને નાનાકડા આદિની સંભાળ રાખવાની જવાબદારી સોંપી દઈ મને 'બડી દીદી'નું બિરુદ આપી, કેવું સુંદર રીતે બધું સંભાળી લીધું હતું!!

અને... હા મા આજે પણ આદિ પાપાની સલાહ લીધાં પછી પણ છેવટની સલાહ તો મારી જ લે. પછી જ કોઈ મોટો નિર્ણય લે. બેત્રણ દિવસ થાય અને આદિનો ફોન તો હોય જ...

મા આંખ સમક્ષ એક તાજું દશ્ય ઊપસી આવે છે. ઉનાળાના વૅકેશનમાં પાપા મને અને આદિને લઈને વિનાયક હોજમાં સ્વિમિંગ માટે જતા અને હું આદિને મનાવી, પટાવી, થોડું ધમકાવીને એની પાણીની બીક ભાંગતી અને એ જ ભ્રમમાં રહેતી કે આદિને તરતા તો મેં જ શિખવાડ્યું છે.

અને તા... જ્યારે અમે તરીને સવારે સાડા દસ વાગે ઘેર પહોંચતાં ત્યારે હું અને આદિ ખૂબ ભૂખ્યાં થઈ ગયાં હોઈએ એ સમયે તારી તાજો વઘાર કરેલ દાળ ઊકળતી હોય, પણ રોટલી ઉતારવાની બાકી હોય, પણ હું અને આદિ તો ગરમ ગરમ દાળભાત ઉપર તૂટી પડતાં. મા આજે પણ તારી સ્વાદિષ્ટ દાળનો સ્વાદ હું ભૂલી નથી.

રજાઓમાં જ્યારે જ્યારે આપણે નાનીમાને ઘેર જતા ત્યારે તું મારી ખાસ કાળજી રાખતી. મામા, રેણુ માશી, નાની મા તો આદિ સાથે જ પરોવાયેલા રહેતાં. મારી સાથે રમવા ત્યાં કોઈ નહીં, તેથી તું મને તારી સહેલીને ત્યાં લઈ જતી અને હું આન્ટીની દીકરી શિવાની સાથે રમતી.

મા મને યાદ આવે છે. જ્યારે જ્યારે હું રિસાઈ જતી ત્યારે તું મને મારું મનપસંદ ગીત ગાઈને મનાવતી અને હું ખિલખિલાટ હસી પડતી. આજે પણ મારા કર્ણપટ ઉપર એ

મધુર ગીત ગૂંજી રહ્યું છે.

તા... આજે તો મારો અતીતનો ઊભરો આવે જ જાય છે... આવે જ જાય છે. શું કરું? તું આજે હયાત નથી, પણ મારા જીવનનું કેન્દ્રબિંદુ તો મા તું જ છે.

મા એ દિવસ હું કેવી રીતે ભૂલી શકું? હું લગભગ તેરેક વર્ષની હોઈશ અને આપણે ઘેર વીણા માશી આવ્યાં હતાં. આદિને જોઈને એમણે કહ્યું કે આદિ બરાબર હંસિકા જેવો જ દેખાય છે. ત્યારે બટકબોલી મેં વીણા માશીને પૂછ્યું હતું કે માશી... માશી હું પણ 'તા' જેવી જ દેખાઉં છું ને? ત્યારે વીણા માશીએ મોં બગાડીને કહ્યું, ''તું કેવી રીતે હંસિકા જેવી દેખાય? આદિ તો હંસિકાનો સગો દીકરો છે અને તું તો.. કહેતાં વીણા માશી અટકી ગયાં.

પણ... એ સમયે મારા હૃદય ઉપર જે વજ્રઘાત થયો. ક્રોધ અને અચંબાના મિશ્રિત ભાવ સહિત દોડતી દોડતી તા તને બાઝીને ખૂબ રડી. મને બીજા રૂમમાં લઈ જઈ મા તેં મને કહ્યું, ''મીનુ સૌથી પહેલાં હું તારી મા છું. પછી આદિની.. તેં જ મને પ્રથમ મા બનાવી છે. તું માત્ર અઢી જ મહિનાની હતી ત્યારે મેં તને પહેલી વાર જોઈ. તને મારા હાથમાં લીધી અને મારામાં પ્રથમ વાર મમતાની ભાવના જાગી.''

મા પછી તેં મને ગોપિત સત્ય ઉજાગર કર્યું કે મારી જન્મદાતા મા પ્રસૂતિ પછી તુરંત આ ફાની દુનિયા છોડી ચાલી ગઈ હતી. અતીતનો પડદો હટાવી વિગતવાર હકીકત જણાવી કે કેવી રીતે તેં જ પાપાને પ્રથમ પહેલ કરી પૂછ્યું હતું કે શું હું મીનુની મા બની શકું છું? ત્યારે પાપાનો જવાબ હતો, 'જો આ દયાનો ભાવ હોય તો મારી 'ના' છે. કારણકે એ ક્ષણિક લાગણીનો ઊભરો છે જે સમય જતાં શમી જશે.'' ત્યારે મા તેં કેવી રીતે મક્કમ બની પાપાને કન્વિન્સ કર્યા... અને શરત પણ મૂકી કે ક્યારેય પણ મીનુને જાણ ન થવી જોઈએ કે હું હંસિકા મીનુની જન્મદાતા મા નથી. તદુપરાંત તારા પિયર પક્ષને પણ કડક શબ્દોમાં જણાવી દીધું હતું કે મીનુને આ વાત ભૂલથી પણ જણાવવાની નથી.

મા.. પણ આજે તો મારે મારું હૃદય તારી પાસે ઠાલવવું જ છે. મારાં તેર વર્ષ પછી મને સમજ પડવા માંડી, ગડ બેસવા લાગી કે.. નાની માને ઘેર તું મારી કેમ ખાસ કાળજી રાખતી?

જ્યારે હું સાત આઠ વર્ષની હતી ત્યારે મારે માટે સંવેદનશીલ બનીને તને માશી અને નાની મા સાથે ઊંચા અવાજે સંવાદો કેમ થતા હતા?

અને હા.. હું જરા ઓછી ગોરી અને મા તું ગોરીચટક. બહારની કોઈ વ્યક્તિ વધારે પૂછવા લાગે તો એમને અટકાવીને તું કેમ તરત જ કહેતી, 'મારી મીનુ તો ખૂબ ભાગ્યશાળી છે એના પાપા ઉપર ગઈ છે.''

તા.. મને ખબર છે મારું બાળહૃદય દુભાય નહીં તે માટે તું હંમેશાં મારે માટે ખડી રહેતી.

પણ... મારા લગ્ન પછી તું આ સંસારમાં વધારે રહી નહીં. જાણે કે મારી મા બનવા માટે જ તારો જન્મ થયો હોય!!!

આપણી વચ્ચેનું આ કેવું સુંદર અને અદ્‌ભુત લાગણી બંધન!! મા... આ કેવું આપણું ઋણાનુબંધ?

તા ખરેખર જ હું ખૂબ ભાગ્યશાળી છું. મને યશોદાના રૂપમાં તું મળી.

મોહનની યશોદા અને મોહિનાની હંસિકા મારી 'તા'

આજે ગોકુળ અષ્ટમીને દિવસે ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળ પાસે મારી અંતઃકરણથી પ્રાર્થના છે કે જન્મોજન્મ મને મા તરીકે 'તા' તું જ મળે.

એ જ લિ.
ફક્ત તારી
વહાલી મીનુ

**– પ્રગતિ મહેતા**

# પ્રિય ઘરની વ્યક્તિઓ

આઉ.. બા બા બા..

મમમ. મંમ

મારી ખૂબ વહાલી મારા ઘરની વ્યક્તિઓ,

દાદા, દાદી, પાપા મમ્મી અને ઘરના સહુ

મને લખતાં આવડે છે? આશ્ચર્ય થાય છે ને? જો અભિમન્યુ યુદ્ધવિદ્યા ગર્ભમાં શીખ્યો હોય તો હું લખતાં – અરે લેપટોપ પર શ્રુતિ ફોન્ટમાં પત્ર લખી શકું એમાં નવાઈ શેની?

હું તમારું નાનકડું જીવતું રમકડું. તમારો દેવનો દીધેલ.

હું આખરે માણસની અત્યાધુનિક આવૃત્તિ છું. મને ઘણું આવડે છે અને ઝડપથી આવડશે, પણ દુનિયા, જેમાં હું આવ્યો છું, એ મને ખૂબ ઝડપથી બધું શીખવા ને અમલમાં મૂકવા દોડાવવા, ભગાવવા માગે છે.

સ્પર્ધા? મને ખબર છે, બાજુવાળાની બેબી રીખતાં શીખે અને હું નહીં તો મમ્મી, તું મને હાથ પકડી ધીમેથી ઘસડે પણ છે. કે. જી.માં ત્રીજો નંબર આવશે કે મમ્મી તારી આંખો ભીંજાઈ જશે, સામેવાળાનો બાબો કરાટે શીખે તો મારે કરાટે શીખી ફાઈટ આપવાની, બે મકાન દૂર રહેતો બાબો પેઈન્ટિંગ (એટલે કે બસ આમ તેમ અવનવા રંગોના લસરકા, એના મમ્મીને બાબાનું માર્કેટિંગ સારું આવડે છે.) શીખે એટલે મારે શીખવાનું.

એક મોડેમ જે સ્પીડ આપે એ બીજું આપે છે? એક કાર જેવો એ જ મોડેલની બીજી કારનો પિક અપ હોય છે? જો બે મશીન બધી રીતે સરખાં ન હોય તો માણસ કઈ રીતે હોય?

હું વાત કરું છું બીજા સાથે સરખામણીની કે તમારી ઇચ્છાઓ મુજબ મારું જીવન ઘડવાની.

મને ખબર છે મારે શ્રેષ્ઠ થવાનું છે, પણ કયાં ક્ષેત્રમાં? એ માટે તમે મને આંગળી ચીંધજો જરૂર, હાથ પકડી લઈ જશો નહીં. આંગળી પકડી જ રાખી સાથે ને સાથે ચાલશો નહીં કે આંગળી, ઈવન હાથ પકડી ઘસડશો નહીં. કેટલાંક માબાપ તો વર્ચ્યુઅલ ધક્કો જ મારે છે.

હું એક જીવતુંજાગતું માણસ છું, ભલે નાની સાઈઝનું. બીજાથી અલગ ખૂબીઓ, ખામીઓ ધરાવતું. ભલે એના જેવા જ હાથ, પગ, શરીર, વાચા, એમને મળતું વર્તન હોય.

હા હું તમારું રમકડું છું. જેવાં આ ટ્રેન, ડ્રમ વગાડતો જૉકર મારાં છે, પરંતુ તમને હું જીવતું રમકડું એથી ક્યાંય વધુ પ્રિય છું, જેટલાં મને એ ટ્રેન કે જૉકર છે. રમી લો મારાથી, પછી એ વેળા નહીં આવે. જે આપાધાપીમાંથી તમે પસાર થયાં એનાથી નવા જ પ્રકારની વિટંબણાઓ, સ્ટ્રેસ, સંઘર્ષ મારે ભાગે આવશે.

અત્યારના પપૂડાંના અવાજ અને ઘૂઘરાના અવાજ મને દુનિયાના શોરબકોર અને સૂચનાઓનો ભેદ સમજાવશે, અત્યારનું બૉલ કૅચ કરવું જિંદગીની તક ઝડપતાં શીખવશે, અત્યારે બેસતાં ગબડી પડું તો કંઈક પકડતાં તમે શીખવો છો, એ જિંદગીની ઠોકરમાં મને પોતાને સંભાળતાં શીખવશે.

મને મારી રમતો રમવા દો, મને જુઓ અને નવી રમતોથી પરિચિત કરાવો. તમે મને જે રમતો જોવા ઇચ્છો એ ન રમું તો જુઓ હું શું કરું છું, પણ પરાણે, મારી મરજી વિરુદ્ધ તમે તમારી પસંદગીનું રમાડો નહીં. હું એટલે જ રડવા લાગુ છું કે જો મારે મારી પ્રિય રમતને બદલે કોઈ રમાડે એ

રમવું પડે.

હવે હાલરડાંનો યુગ આથમી ગયો છે પણ પેલું હાલરડું શિવાજીનું મેઘાણીએ લખેલું યાદ છે ને?

પોઢી લેજે મારા બાળ પેટ ભરીને .. કાલે કાળાં
જુદ્ધ ખેલાશે, સુવા ટાણું ક્યાંય ના રહેશે

તમારી ઊંઘ દાદા-દાદી કરતાં બે કલાક ઓછી થઈ ગઈ છે, મારી પેઢીની એથી પણ ઓછી હશે. અત્યારે મને સૂઈ લેવા દો.

હું રોબોટ માનવો, ઝોમ્બીઓનો યુગ નજીક હોવા પર જનમ્યો છું. કોઈ એક કામ બતાવો કે સંપૂર્ણતાથી કરવાનું, ઝડપથી કરવાનું.

સ્કૂલની સ્પર્ધા, મિત્રોમાં લીડર થવાની સ્પર્ધા, અવ્વલ નંબરની ગળાકાપ સ્પર્ધા, ધો. ૧૦, ૧૨ની વૈતરણી અને મારા પૌત્રો સુધી અનામત તો નહીં જ ગઈ હોય એટલે બિનઅનામત વર્ગમાં જન્મી જે થાળીમાં નસીબ દ્વારા પીરસાય એ, મેં પૂરતું સારું રાંધ્યું હોય તોપણ ખાવું પડશે, જે પાટો દિશા જાણતો હોવા છતાં મને સિગ્નલ મળે એ જ પાટે ગાડી દોડાવી જિંદગીની આર્થિક, સામાજિક ઊંચાઈ મેળવી જીવનનો સ્વાદ લેવો પડશે. આવડત હોવા છતાં સંજોગો અને સિસ્ટમના સહારે જીવવું પડશે.

મને બધી ખબર છે. હું ચોક્કસ મારું સ્થાન નક્કી કરીશ, એ માટે દોડીશ, ઠેબાં ખાઈશ તો તમે જ મારો હાથ ઝાલશો એ ખાતરી છે, પણ હંમેશાં ઠેબાં ખાતો બચાવવા તેડીને જ ફરશો નહીં.

અત્યારે મને રમી લેવા દો, જીવનના દરેક તબક્કે હું બીજાથી અલગ રીતે જીવતો એક માણસ છું એ મનમાં રાખી મને વિકસવા દો.

બે સોફા વચ્ચેથી કાણામાં થઈ નાનાં મમ્મી-પપ્પાઓ જોવાની મને મઝા આવે છે. જૂની મમ્મીઓ કર્ણપ્રિય અવાજે ગાતી એને બદલે સુરીલા રેડીઓ કે મ્યુઝિક સિસ્ટમનાં ગીતો સાથે સૂવું મને ગમે છે. મારાં રમકડાંને છાતી સાથે ચાંપવા કે તમારી છાતીએ ખાસ તો પપ્પાની પથ્થરશી કડક છાતી કે મમ્મીની પોચી દૂધ ભરેલી છાતી સાથે ચંપાવું ગમે છે, આકાશનાં પંખીઓ જોવાં કે ટૉય ટ્રેનની બેબી રાઈડમાં બેસવું ગમે છે. હમણાં મને એ જ કરવા દો.

તમે પણ મારાથી રમી લો. બહુ થોડો વખત મળશે એ માટે. મારી જિંદગી બહુ ઝડપથી શૈશવ ઓળંગી આગળ નીકળી જશે.

જીવનના દરેક તબક્કામાં રૉકેટ શટલ ફાયર થઈ નીચે ફેંકતું ને ઉપર જતું જાય એમ હું પાછલું ફેંકી આગળ જઈશ, પણ મારી રીતે. મારી સફળતાનો ગર્વ જરૂર કરજો, મારા દુઃખમાં માથે હાથ ફેરવી તે ઓછું કરજો, પણ કૂકડા લડાઈની જેમ મને બીજા સામે તમારા સંતોષ માટે ઉતારશો નહીં. ઉપર સ્વર્ગમાં કેટલાય જીવો મળેલા જે માબાપની ઇચ્છા પૂરી ન થતાં હતાશ થઈ આપઘાત કરી ઉપર આવેલ.

હું, હું છું. મને વહાલ કરજો, વખતે વખતે દુનિયાના સ્વિમિંગ પૂલમાં ફેંકજો જેથી હું જાતે તરી શકું, પણ અમુક ઝડપે તરી અમુક જગ્યાએ પહોંચું નહીં તો મને નિષ્ફળ ગણી પોતે દુઃખી થતાં નહીં. તમારી ઇચ્છાઓ મારી પર ઠોકી ન બેસાડતા.

સદાય તમારો થવા આવેલો
તમારો ૧ વર્ષનો બાબો
વાઉ.. બબ બબ.. ટાટા.. ઘુ ઘુ..

**– સુનીલ અંજારીઆ**

# પ્રિય શર્વરી

પ્રિય શર્વરી,

કેમ છે બેટા? કાગળ અને કલમ હાથમાં આવ્યાં એટલે મને તારી યાદ આવી. તું વાંચીને જરૂર હસીશ કે તો પછી ફોન જ કરાયને! પણ સાચું કહું? કલમથી લખાયેલ અક્ષરોમાં લાગણીઓ સરસ વહેતી જાય છે અને એમાં જે મજા છે તે ફોન કરવામાં નથી આવતી. આજે તો પત્ર જ લખવો હતો એટલે શરૂ કરી દીધો.

આજથી બરાબર બે મહિના પહેલાં તું અમને મળવા અને અમારી સાથે સમય ગાળવા અહીં આવી હતી. બેટા, તને પરણાવી દીધે વરસ ઉપર થઈ ગયું એટલે હવે અમે એકલા રહેવા ટેવાઈ ગયાં છીએ. તોપણ સમયે સમયે અને પ્રસંગે પ્રસંગે તારો કલબલાટ, કિકિયારી, તારી demands અને સૂચનો યાદ આવી જાય ત્યારે એક હાસ્યની લહેરખી જરૂર મોઢા પર આવી જાય છે.

અમને તારી વાતોથી ખૂબ સંતોષ થયો. તારાં સાસરિયાં ખૂબ સારાં અને તને મદદરૂપ છે. તું અને જમાઈરાજ બંને નોકરીમાં વ્યસ્ત હોવ છો પણ ઘરની બધી જ વ્યવસ્થા સાસુ-સસરા અને વડસાસુ સંભાળે છે એ જાણીને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. બેટા, આ જમાનામાં આટલા સારા માણસો તો નસીબદારને જ મળે. આટલાં સારાં સાસરિયાં સાથે સંબંધ સાચવવા એ તારી જવાબદારી છે. એમ તો મેં મારી દીકરીનો ઉછેર જ એવો કર્યો છે કે એને મારે સલાહ દેવાની જરૂર જ નથી. તોપણ માનું દિલ છે એટલે કહ્યા વગર રહી ના શકી! બેટા, ઘરમાં રહીને ઘરકામ કરતાં તારા વડીલોને સન્માન આપજે. એ લોકો તમને ચિંતામુક્ત જીવન જીવવાની તક આપે છે. ખુદ કૌટુંબિક જવાબદારીઓ અને રસોડાની જવાબદારીના ચક્રવ્યૂહમાં સતત બીઝી રહેતાં હોય છે. તું કદાચ એમ કહીશ કે ''મમ્મી, ખાવાના તો ઘણાં option છે.'' પણ હું કહીશ, કે બેટા, એ બધા foodમાં માની વાનગી જેવો સ્વાદ ક્યારેય નહીં મળે.

તારાં સાસુએ બનાવેલ વાનગીનાં વખાણ કરવાં, એટલે કે બે શબ્દો સારા કહેવા જેથી તેમને રસોઈકળામાં ઉત્સાહ વધે અને એક પ્રકારનો સંતોષ પણ મળે. બેટા, તમને પણ નોકરીમાં વરસને અંતે તમારા પરફૉર્મન્સના આધારે કંઇક સર્ટિફિકેટ મળે છે ને? ત્યારે તમને આનંદ થાય છે ને! બસ ઘરમાં પણ એવું જ. વડીલોને સારા શબ્દો સાથે સહકાર આપજે. તારાં વડસાસુ મેવાબેન આગળ પણ કોઈક વાર સમય કાઢી બેસજે. વાતો કરજે. એ તો જ્ઞાનના ભંડાર સમાં છે. એ પણ એમના જમાનામાં ખૂબ હોંશિયાર ગણાતાં. એઓ વાતોનાં શોખીન છે. તારો થોડો સમય એમને આપીશ તો એઓ રાજી થશે અને તને નવું ઘણું જાણવા મળશે. તને કદાચ અત્યારે એવું લાગતું હશે કે,''મમ્મી, આ બધાથી અમને શું લાભ?'' તો મારે તને એટલું જ કહેવાનું કે આ બધાથી કુટુંબમાં એક લાગણીનો એટલો સુંદર મજબૂત સેતુ બંધાશે કે તેનાથી તારું ભાવિ પણ સુરક્ષિત અને મજબૂત થઈ જશે.

બસ, આજે તો આટલું ઘણું. સમય કાઢીને મારો પત્ર બે વાર વાંચજે અને વિચારજે. આપણે સ્ત્રીઓ જ તો કુટુંબના મજબૂત પાયામાં હોઈએ છીએ. બાકી તને અને જમાઈબાબુને જલસા જ છે. So enjoy your jalsa. Love you.

તારી મમ્મીનાં આશિષ

**– ઋતંભરા છાયા**

# એય લૉકડાઉન

એય લૉકડાઉન,

કોઈ પણ જાતના પરિચય વગર કોઈને 'પ્રિય' સંબોધવું યોગ્ય નથી જ. પેલા તોફાની કોરોનાએ જે વિશ્વવ્યાપી કેર વર્તાવવાનું શરૂ કર્યું ત્યારે વહેલા મોડા તારું આગમન થશે જ એની જાણ તો હતી જ. તું આવે ત્યારે શું કરવું, શું ન કરવું એની ખબર પણ હતી. શરૂઆતમાં તો ઘરમાં જ રહેવાથી વાતથી ખૂબ આનંદ થયો કે હાશ ચાલો થોડા દિવસ પરિવાર સાથે સમય વિતાવવા મળશે અને થયું પણ એમ જ. એકધાર્યું દોડ દોડ કરનારા અમે કદાચ અમારા પરિવારને સમય જ આપી નહોતા શકતા. તારું આવવું એક રીતે વરદાન રૂપ સાબિત થયું કારણકે પરિવારજનો સાથે સમય વિતાવવો, અવનવી વાતો કરવી. ભેગાં બેસીને જમવું, ઘરનાં કામ વહેંચી લેવાં એ બધો નિર્ભેળ આનંદ તો છેલ્લે ક્યારે માણેલો એ પણ યાદ નહોતું. બીજો ફાયદો એ થયો કે જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં વર્ષો પહેલાં ભુલાઈ ગયેલી પોતાનામાં રહેલી કળાનો સહુને પરિચય થયો. ગાયન, વાદન, ચિત્રકામ, નૃત્ય, લેખન, વિવેચન જેવી પોતાનામાં રહેલી પણ વર્ષો પહેલાં છુપાઈ ગયેલી કળાનો લોકોને ફરીવાર પરિચય થયો અને સાચું કહું તો Facebook, Tweeter, YouTube, Instagram વ. દ્વારા અન્યોને પણ આ છૂપી કળાઓ વિશે જાણવા મળ્યું. હા શરૂશરૂમાં આ બધું સારું લાગ્યું, પણ પછી એનો પણ કંટાળો આવવા માંડ્યો અને તું ક્યારે જાય એની અમે આતુરતાથી રાહ જોવા લાગ્યા. ૧૪મી એપ્રિલે તારા વિદાયની વાત જાણી ત્યારે હાશકારો થયેલો, પણ ત્યાં તો ૩૦મી એપ્રિલ સુધી તારો મુકામ છે એમ જાણ્યું. કંઈ વાંધો નહીં, આ દિવસો પણ જતા રહેશે એમ માની મન મનાવ્યું ને તેવામાં તું વધુ ત્રણ દિવસ રહીશ એવા સમાચાર આવ્યા. એક વાત કહું તને કે હવે અમે બધા જ તારા **'યથાસ્થાને ગચ્છ ગચ્છ'**ના સમાચાર જાણવા ઉત્સુક છીએ. તારું આવવું ગમ્યું પણ અને નહીં પણ, પણ દરેકે હકારાત્મક વિચારો અને વલણ રાખવું એમ જ અમે તારો સ્વીકાર કર્યો. કહેવાય છે ને કે ઈશ્વર જે કરે તે સારા માટે. તું ચોક્કસ યાદ રહીશ કારણકે તારે લીધે જ સહુ પોતપોતાની જાત સાથે સંવાદ સાધી શક્યા. તેં ખરેખર ઉમદા કાર્ય કર્યું છે. પોલા કોરોનાથી લોકોનું રક્ષણ કરવા સહુને ઘરમાં જ રહેવાની ફરજ પાડીને એમના ઉપર તોળાઈ રહેલા સંકટથી એમને સહુને બચાવ્યા. યાર તું તો કમાલ કરી ગયો. આપણી આ પહેલી મુલાકાત હંમેશાં યાદ રહેશે.

બસ ત્યારે, અત્યારે આટલું જ.

આભાર સહ,

**– નેહા યાજ્ઞિક**

# પ્રિય બાળપણ

પ્રિય બાળપણ....

તું ક્યાં, ક્યારે અને કેમ ખોવાઈ ગયું? તારી સાથે હતી ત્યારે મને એમ થતું - ક્યારે ઝડપથી મોટી થઈ જઉં? તારી સાથે થપ્પો રમતાં રમતાં તું તો એવું સંતાઈ ગયું કે હવે શોધ્યું જડતું નથી... જા તારી કિટ્ટા... મારી પાસે ફક્ત હવે તારી યાદો જ કાયમ રહેશે... એ પણ અઢળક... અને મધુરી. ક્યારેય ન ભૂલી શકાય એવી આપણે સાથે કરેલી ધિંગામસ્તી તો તને યાદ છે ને? કંઈ કેટલાંય ઝઘડા-ઝઘડી અને મારામારી કરી હતી, પણ એ બધું જ ક્ષણમાત્રમાં ભૂલી ફરી પાછી સાથે રમવા માંડતાં અને આજે તારા ગયા પછી એ બધીય નિર્દોષ રમતો મારામારી, કિટ્ટાબુચ્ચા પણ ગાયબ....

તને ખબર છે મોટા માણસોની કિટ્ટા થયા પછી બુચ્ચા કરવી કેટલી અઘરી છે? આપણે સ્કૂલમાંય કેટલી ધમ્માલ કરી છે ને? દરેકે દરેક ટીચરનું ઉપનામ પાડવું એ તો જાણે આપણો જ જન્મસિદ્ધ હક્ક. રિસેસમાં ડબ્બાની અદલાબદલી, રમતગમતમાં ક્યાંય સમય નીકળી જતો હતો. વૅકેશનમાં ટ્રેનમાં બેસીને ક્યારે મામાને ઘેર જઈશું એનો ઉત્સાહ કંઈક અનેરો જ હતો. ભાઈભાંડુઓ સાથે રમવામાં, મામીએ વહાલથી બનાવેલાં પકવાન અને નાના-નાનીના વહાલથી સભર એ દિવસો પણ ક્યાંક ખોવાઈ ગયા છે. આખા દિવસની રખડપટ્ટી પછી થાકીને ધાબે જઈને સૂઈએ ત્યારે જાણે ઠંડી હવાની લહેરખી હાલરડું ગાઈને સૂવડાવતી'તી. વૅકેશન પૂરું થવાના દિવસો નજીક આવે એમ એમ હૃદય ઉદાસ થઈ જતું. પાછા આવવાના દિવસે આંખમાંથી આંસુ તો જાણે સુકાય જ નહીં.

એ જમાનામાં ટી.વી.નું આટલું પ્રચલન ન હતું એટલે બધી બેનપણીઓ ભેગી થઈને જે રમતો રમતી હતી એની મઝા જ કંઈક ઓર હતી. દોરડા, થપ્પો, પગથિયાં, નારગોળિયું, સાંકળી ઓહોહો - જલસો હતો ભાઈ તારા રાજમાં તો... વળી ઉનાળામાં બપોરની ગરમીમાં બહાર નહીં રમવાનું, ત્યારે ઘરના ઓટલે બેસીને કોડી, સાપસીડી, ઘરઘર, ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન જેવા કાર્યક્રમો પાર પાડતા હતા.

નાનાં હતાં ત્યારે મોટાઓને જોઈને એમ થતું કે ક્યારે આ સ્કૂલ, હોમવર્ક અને પરીક્ષામાંથી છુટકારો મળશે? પણ હવે એમ થાય છે કે કાશ, મોટી થઈ જ ના હોત. તારા સહવાસના એ દિવસો ફરી પાછા મેળવવા છે, મારે ફરી પાછું તારી સાથે દોરડા કૂદવા છે અને થપ્પો રમવો છે. તું પણ કદાચ મારી આ નાદાનિયત જોઈને ધીરે ધીરે મારાથી વિખૂટું પડી ગયું, પણ હંમેશાં મારી યાદોમાં જીવંત રહ્યું છે. તારી સાથે વિતાવેલી પ્રત્યેક પળ હજી આજે પણ એટલી જ જીવંત અને તરોતાજા છે. એક પણ ક્ષણ વીસરાઈ નથી એ કદાચ મારા જીવનનો શ્રેષ્ઠ સમય હતો.

સમયની સાથે કદમ મિલાવતાં હવે મને થાક લાગે છે. સતત દોડતી-ભાગતી રહી છું. હવે તારી સાથે બેસી ફરી પાછી યાદો તાજી કરવી છે. આગળ વધવાની લાલચમાં હું તને ગુમાવી બેઠી પણ હવે આપણે ફરી પાછા મળીને એ બધાની વાતો કરીશું. - હું ફરી એક વાર તારી આંખે રંગબેરંગી પરીકથાનાં શમણાં જોવા માગું છું - મને બતાડીશને?

હવે તો પેલું ઘડપણ પણ અવારનવાર ડોકિયાં કરતું હોય છે, પણ સાચ્ચું કહું? મને એ બિલકુલ ગમતું નથી. કેટલું બોરિંગ છે યાર એ... એની સાથે બિલકુલ જ મઝા નથી આવતી. આખો વખત માંદગી અને નિરાશાજનક વાતો સાંભળીને હવે મને એની સાથે કંટાળો આવે છે, પણ શું થાય? તારી સાથે જે જલસો કર્યો એનાથી તદ્દન વિપરીત છે. એનો સંગાથ રાખ્યા વગર છૂટકો જ નથી. બસ આવે ટાણે જ મને તું અતિશય યાદ આવે છે દોસ્ત.

કહ્યું છે ને કે જો તમે તમારી બાળપણની યાદોને હૃદયમાં જીવંત રાખશો તો તમે ક્યારેય વૃદ્ધ નહીં થાઓ! બસ હું અત્યારે એ જ કરી રહી છું. શાળાના મિત્રો, શેરીના મિત્રો બધાય હવે તો સોશિયલ મીડિયા દ્વારા ફરી મળ્યા છે ત્યારે જ તારી જૂની યાદ ફરી જીવંત કરી લઉં છું, પણ એક ઇચ્છા હજી જીવંત રાખી છે... તું મને કોઈક સમયે ચોક્કસ પાછું મળી જ જશે.

લિ.

તને મળવા ઉત્સુક, તારી સખી.

**-સુહાની દીક્ષિત**

# પ્રિય દીકરી

પ્રિય વહાલી દીકરી ભૌમી,

કુશળ હોઈશ.

આજથી બરાબર નવ મહિના પહેલાં ઈલાએ તું બે જીવે થવાના આનંદના સમાચાર આપ્યા, ત્યારથી નાના બનવાના સમાચાર સાંભળવા મન તરસી રહ્યું હતું. એ દિવસ જેમ જેમ મહિનાઓ વ્યતીત થતા જતા હતા તેમ નજીક આવી રહ્યો હતો. રોજ દિવસમાં ત્રણ વાર તારી તબિયતના સમાચાર ફોન મારફત જાણી લેતો. તારી સાથે વાત કરીને મન આનંદનો અનુભવ કરતું.

સમય પાણીના રેલાની માફક પસાર થતો ગયો. ૨૬મી જાન્યુઆરીના દિવસે તારો શ્રીમંત પ્રસંગ પણ ખૂબ આનંદ પૂર્વક ઊજવાયો. એમ કરતાં આઠમો મહિનો પણ તને બેસી ગયો. છેક ફેબ્રુઆરી મહિના સુધી તેં તારી સરકારી ફરજ બજાવી બીમાર દર્દીઓની સેવા કરી.

આ પછી અચાનક ૧૯મી માર્ચના દિવસે બપોરે ઈલાનો ફોન આવ્યો કે આવતી કાલે ભૌમીનું સીઝીરીયન કરવાનું છે તમે આવી જાવ. અમદાવાદથી અનુપભાઈ અને દીપિકાબહેનને પણ જાણ કરી બોલાવી લીધાં.

આમ, અચાનક આઠમે મહિને ઑપરેશન દ્વારા પ્રસૂતિ કરવાના સમાચારથી મન થોડું ચિંતામાં ડૂબી ગયું અને ફટાફટ વડોદરા આવવા તૈયારી આરંભી.

દરમિયાન ડિસેમ્બર મહિનામાં ચીનમાં વ્યાપેલી કોરોનાની મહામારીએ ભારતમાં પણ પ્રવેશ કર્યો અને ધીમે ધીમે ભારતનાં રાજ્યોમાં પણ ફેલાવાનું શરૂ કર્યું, તેનો રેલો આપણા ગુજરાત નીચે પણ આવ્યો. ફેબ્રુઆરી – માર્ચ મહિનો આવતાં સુધી ગુજરાતનાં મહાનગરોમાં તેની અસર દેખાવા લાગી કેન્દ્ર અને રાજ્ય સરકારે તેને દાબી લોકોની જાન બચાવવાના પગલાં રૂપે આ દર્દ થતું રોકવાના એકમાત્ર ઇલાજ રૂપે બે વ્યક્તિ વચ્ચેનું સામાજિક અંતર રાખવા માટે સિનેમા, મોલ, હરવા–ફરવાનાં સ્થાનો, પ્રવાસન તથા પર્યટનસ્થળો પર લોકોને જવા પર પ્રતિબંધ મૂકી દીધો. જાહેર પરિવહનનાં વાહનોનો બિનજરૂરી ઉપયોગ ન કરવા અપીલ કરી.

અને એવામાં વડોદરા આવવાનું કહેણ આવતાં તાત્કાલિક બસની ટિકિટ કઢાવવા ગયો ત્યારે ખાનગી ટ્રાવેલ કંપનીના સંચાલકે પોતાની આઠ બસ સેવા બંધ કરી હોવાની માહિતી આપી. મહાપ્રયત્ને ગાંધીધામથી અન્ય બસ બદલવાનું કહી ટિકિટ આપી. આમ, મહાપ્રયત્ને વડોદરા આવ્યો અને એ ૨૦મી માર્ચની સવારે સવારે ૮.૫૫ વાગ્યે તને ઑપરેશન દ્વારા એક સુંદર પુત્રરત્નનો જન્મ થયો. બન્ને પરિવારમાં આનંદ છવાઈ ગયો. તને પણ બન્ને પરિવાર સાથે હોઈ આનંદ આવ્યો એ તારા ચહેરા પર હું અવશ્ય વાંચી શક્યો હતો.

અત્યાર સુધી તો બધું સામાન્ય જણાય એવું જ લાગે તેમ છે, પણ નિયતિનો સાચો ખેલ હવે જ ખબર પડશે.

કોરોનાના કહેરનો વ્યાપ દેશ અને દુનિયાનાં અનેક શહેરોમાં વધતો જ ગયો. તેની ગંભીરતા લોકોને જણાય એ માટે ૨૨મી માર્ચના દિવસે દેશભરમાં જનતા કર્ફ્યૂનો અમલ કરાવાયો. આ જનતા કર્ફ્યૂ એ આવનારાં કડક પગલાઓનો અંદેશો આપતો હતો. જનતા કર્ફ્યૂના

દિવસથી જ તમામ જાહેર પરિવહન બસ, રેલવે અને તમામ પ્રકારની વિમાનીસેવાઓ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી અને એ પછી ૨૪મી માર્ચથી દેશભરમાં લોકડાઉનનો અમલ કરાવાયો. આવશ્યક સેવાઓ સિવાય તમામ ગતિવિધિ રોકી દેવામાં આવી. લોકોને ઘરમાં જ સુરક્ષિત રહી કોરોના જેવા ખતરનાક રોગથી બચવા જણાવાયું. આમ, તમામ ગતિવિધિ બંધ કરી દેવામાં આવી.

નિયતિએ કેવો ખેલ રચ્યો એ હવે જણાયું અને નિયતિ જે નકકી કરે તેમાં સૌનું શ્રેય રહેલું છે તે સમજાયું અને તેનો સાક્ષાત અનુભવ પણ થયો.

હવે દીકરા તમે વિચારો કે પ્રસૂતિ પૂરા નવ મહિને એટલે એપ્રિલના મધ્યમાં જ થઈ હોત તો? તો હું ભુજથી અને અનુપભાઈ અમદાવાદથી આવી જ ન શક્યા હોત. વિચારો કેવી પરિસ્થિતિ ઊભી થઈ હોત? અનેક મુશ્કેલીઓ વચ્ચેથી પસાર થવું પડ્યું હોત.

હજુ આજે પણ છેક ૩જી મે સુધી લોકડાઉન ચાલુ રહેનાર છે. ગુજરાતના અમદાવાદ, સુરત અને રાજકોટ જેવાં મહાનગરો કર્ફ્યૂ હેઠળ આવરી લેવામાં આવ્યાં છે.

ત્યારે જરૂર એવું લાગે છે કે નિયતિએ જે નિર્ધારિત કરેલું હોય તે થઈને જ રહે છે તથા તે સૌના હિતમાં જ હોય છે. આથી નિયતિ તાત્કાલિક કદાચ આપણું અહિત કરતી હોય એવું લાગે, પણ અંતે તો એ આપણા ભલા માટે જ હોય છે એવી શ્રદ્ધા રાખી દરેક પરિસ્થિતિને ઈશ્વરના આશીર્વાદ અને પ્રસાદ સમજી તેને અનુકૂળ રહેવાની આપણે કાયમ ટેવ પાડવી જોઈએ.

વધુ તો શું લખું દીકરા? તું મારાથીય વિશેષ સમજુ છો. આપણે પરમકૃપાળુ પરમાત્મા હાટકેશ તથા મા અંબિકા અને આઈ આશાપુરાને પ્રાર્થના કરીએ કે આ કોરોના નામના રાક્ષસથી આપણા દેશ અને સમગ્ર વિશ્વને જલદી મુક્ત કરાવે.

જનસેવાના આયુર્વેદ ચિકિત્સક તરીકે તમે અપનાવેલા યજ્ઞમાં કાયમ સફળતા મળે, તારા હાથે અનેક ગરીબ અને નિઃસહાય લોકોની સેવા થતી રહે તેવાં આશિષ.

લિ.

પપ્પાના આશીર્વાદ

**નરેશ અંતાણી**

# પ્રિય ખીચડી

મારી પ્રિય અતિશય ખીચડી...

હું જ્યારથી સમજણી થઈ (ખાવાની બાબતબમાં) ત્યારથી તું મારી સૌથી પ્રિય વાનગી બની રહી છે. ખબર નહીં કેમ? પણ તું આજે પણ મારી એટલી જ ફેવરિટ છે અને હંમેશાં રહીશ જ. મમ્મા મને જ્યારે પણ પૂછે કે હું શું બનાવું જમવામાં? ત્યારે મારો હંમેશનો જવાબ એક જ હોય છે - ખીચડી. અને મમ્માનો કંટાળાભર્યો ચહેરો જોવાનો. હાહાહા... તને મારી થાળીમાં જોઈ જે સુખ મળે છે એની તોલે અન્ય વૈભવ ઝાંખા પડે. કદાચ, એટલે જ તને સુખપાવની કહેતા હશે નહીં?

આજકાલ તો હવે તારા રૂપરંગ પણ બદલાઈ ગયા છે. તું તો હવે ઈન્ટરનેશનલ લેવલ પર પણ એટલી જ પ્રસિદ્ધિ પામી છે. ચાઈનીઝ ખીચડી, ઈટાલિયન ખીચડી, પોલેન્ટા, હોચપોચ ને કંઈ કેટલીય વેરાયટીઝ અફકોર્સ મેં તો આ બધી ચાખી નથી, પણ જાણકારી છે. ભારતમાં પણ તું વિવિધ નામ સાથે ઓળખાય છે.

મમ્માને રસોઈ બનાવવાનો કંટાળો આવે ત્યારે એ એની પહેલી પસંદ તું જ હોય છે દોસ્ત. મમ્માનો કંટાળો એ મારો જલસો અને સાથે ગરમ ઘી, પાપડ અને અથાણું એટલે જાણે મારે માટે છપ્પનભોગ. મને તાવ આવે છે પેટની ગડબડ હોય ત્યારે મમ્મા મને ખીચડી જ બનાવી આપે છે, જે ખાઈને મારી બધી તકલીફો દૂર થાય છે અને હું સાજી થઈ જઉં છું. તારાં ગુણગાન ગાઈએ એટલાં ઓછાં છે. વિવિધ દાળ જેમ કે મગની મોગર, મગની ફોતરા દાળ, ચણાદાળ, તુવેરદાળ અથવા મિક્સ દાળને ચોખા સાથે બનાવેલી આપણી ખીચડી - એટલે જ તું મારી ઑલ ટાઈમ ફેવરિટ છે. તારું અન્ય એક વર્ઝન ઘઉંના ફાડાની ખીચડી પણ જલસો કરાવતી હોય છે અને સાથે હોય કાંદા-કેરીનું કચુંબર. આહાહા... મોંમાં પાણી આવી ગયું. આ લૉકડાઉનમાં મમ્માએ મને થોડી થોડી રસોઈ બનાવતાં શીખવ્યું, તો હું સૌથી પહેલાં શું શીખી ખબર છે? ખીચડી. હા, મારે તમને ઓળખવી'તી એટલે.

મને મારી લાઈફમાં બે વસ્તુઓ અતિશય પ્રિય છે - મમમ (ખાવાનું) Yes i am a biiig foodie અને બીજી મમ્મા. મારી મમ્માને પણ ખબર છે આ વિશે એટલે અમે બન્ને જણ રસોડામાં નિતનવું બનાવતાં રહીએ છીએ. લૉકડાઉનનો મને થયેલો આ સૌથી મોટો ફાયદો.

ઓ મારી પ્રિય ખીચડી, તારી વિશે હજી હું કેટલું અને શું લખું? બસ, દાંત પણ હજી ફૂટ્યા ન હતા ત્યારથી તને પ્રેમ કરું છું... જે હંમેશા રહેશે. જેમ તું મારી સુખદુઃખની સાથી રહી છે એમ હું પણ તને ક્યારેય નહીં છોડું... ક્યારેય નહીં.... તારે માટે હું એટલું જ કહીશ-

'શિયાળે શીરો ભલો,
ઉનાળે ઠંડી છાશ,
ચોમાસે ગરમાગરમ ભજિયાં ભલાં
પેલી ખીચડી બારે માસ'

બસ ત્યારે.. આપણે ફરી ક્યારે મળીશું એની રાહ જોતી તારી પરમ ચાહક....

**-રૈના દીક્ષિત**

# હે મારા શ્યામ

આ ધરા પરથી તારી જન્મોજન્મની સાથી એવી વ્રજવાસી રાધાના પ્રેમ-પ્રણામ સ્વીકારજો. તમે વ્રજને, ગોકુળને છોડીને ગયા તે દિવસથી નિત્ય એ જ આશાભરી નજરે હું તમારી રાહ નિહારું છું. યમુનાનાં આ શાંત જળમાં અટકચાળો કરી કોઈ પથ્થર નાખે તો, નંદલાલ આવ્યો એમ સમજી નજર ઘુમાવું છું. સંસારના આ બેસૂરા રાગમાં કંઈ ક્યારેય ગમતી ઘટના ઘટે અને હૃદયમાં સંવેદનાનું સંગીત વહે તો વેણુનો નાદ થયો હોય તેમ નાચી ઊઠું છું. રોજ તાંસળી ભરી ભરીને કઢેલાં દૂધ, માખણ, ગોરસ વગેરે ભરીને તૈયાર રાખું છું, કે હમણાં શ્યામ આવશે!! હમણાં શ્યામ આવશે!! કરતાલ વગાડીને કોઈ ભજન કે પદ ગાતાં ગાતાં નીકળે હરે કૃષ્ણ!! હરે કૃષ્ણ!! તો મનનો મોગરો મહેંકવા લાગે છે.

જીવનના બધા જ રસ તારા પ્રેમ આગળ ફિક્કા લાગે છે. વિરહનો આ તપ્ત અગ્નિ પણ પ્રેમને રોજ ને રોજ તરોતાજા રાખે છે. સંસારીઓ માટે આ બધા જ પ્રપંચો છે, પણ તું જાણે છે કે એવું નથી. ભલે ને ન ઓઢી હોય કાળી કામળી પણ વૈરાગ તો તેની જેવો જ છે.

બિલકુલ એ વ્રજની વ્રજાંગનાઓ જેવું જીવન છે. તું કહે તો અબ ઘડી છોડું આ સંસાર!! તું કહે તો દોડી આવું આજ પણ. મારી ઓળખાણ તો તને શું આપું, કર્મની કરતાલ તે પકડાવી છે. વૃત્તિઓના વૈરાગનું ઓઢણું ઓઢ્યું છે. જીભ પર તો એક જ નામ છે, અંતરે અદ્ભુત નામસ્મરણ છે, આંખમાં તારી મનમોહક છબી છે, ગળામાં અમર પ્રેમની કંઠી છે, કપાળે વૈષ્ણવી તિલક છે, હાથમાં હરિનામનો બેરખો છે, પગમાં શુભ આચરણનાં ઘૂંઘરું બાંધ્યાં છે, મુખ પર ચમકતું સ્મિત છે, હૃદયમાં સૌ માટે સંવેદના છે!

આંખોમાં પ્રેમામૃતનું અંજન આંજી આજ સુધી એકીટસે તારી રાહ જોઉં છું. સ્વપ્નનું એ દૃશ્ય મારી આંખે જડાયું છે, પણ બસ! હવે બહુ થયું આ રીતનું મળવાનું! હવે કેટલી રાહ જોવરાવીશ!! નથી સહેવાતી હવે વિરહની વેદના, આ તડપ દિવસરાત વધે છે. હું આવીશ!! એ તારા વચન પર હું જીવું છું ને મધુર મિલનના સ્વપ્ન જોઉં છું. શ્યામ ક્યારે થશે આપણું આ મધુર મિલન, યુગોનાં વહાણાં વાયાં, પણ નથી ઓછી થઈ પ્રીત કે નથી બદલાણી મારી છબી (મનોવૃત્તિ). તારી આંખોમાં પણ મને હજી એ જ તડપ દેખાય છે. હુ એ જ રૂપાળી રાધા છું જેની તને તલાશ છે, જેને એક નજર જોવા તું ગોકુળથી વૃંદાવન આવતો અને જેને મનાવવા તું મોરલી વગાડતો. યમુના તટે શરદ પૂનમે આપણે રાસ રમતાં, *મારા પગપાયલ ને નથડી સંતાડતો હતો,* મને ખબર છે તને બધું યાદ છે. જાણુ છું કે તારે આ સિવાય પણ ઘણાં કામ છે. તારો કાર્યભાર ઓછો થાય એટલે આવજે અહીં જ, હું એ જ યમુનાતટે રાહ જોતી બેઠી છું. જાણું છું કે મારી વ્યાકુળતા તું અનુભવી રહ્યો છે અને કોઈ ને કોઈ રૂપે ને કોઈ પણ બહાને તું આવીને મળી જાય છે. બસ આ રીતે જીવનનું બળ વધતું જાય છે. જેટલાં નામ એટલાં જ રૂપ છે તારાં. બધાં રૂપમાં તું એટલો જ મનમોહક ને સુંદર લાગે છે.

યમુના પણ મારી જેમ જ ઉત્સુક છે તને મળવા.

હવે એક બીજી વાત ખાસ કરવાની છે કે, આજકાલ પૃથ્વી પર કોરોના નામનો એક રાક્ષસ જેવો વાયરસ આવ્યો છે. તે બિલકુલ પેલા રક્તબીજ જેવો છે, જે તેને અડે તેને તે લાગું પડે છે. અત્યારે તો આ મહામારીનો અનેક લોકો ભોગ બની ચૂક્યા છે. આ વાત તને કરવાનું એક જ કારણ છે કે આવા રાક્ષસોથી નિપટવાની તને નાનપણથી ટેવ છે. તો મારી માટે નહીં તો આ ભલી ભોળી રૈયતનો ખયાલ કરીને એક્વાર આવો ને!! તમારા મોઢેજ ગીતામાં તમે બોલ્યા છો કે,

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।<br>
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्<br>
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।<br>
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ।।

શ્યામ, આવોને અંતરની શીતળ ઊર્મિથી તને વીંઝણો કરું. ક્યાં સુધી આમ આખી સૃષ્ટિનો ભાર લઈ ફરશો!! આવો ઘડીક પોરો ખાવા, આવો મારું આંગણું પાવન કરવા.

ચાલો રજા લઉં, ઘણાં કામ છે તમને જાણું છું. નિશદિન તારા નામરૂપનું સ્મરણ કરી તમારું બળ વધારતી રહીશ. કુશળતાની પ્રાર્થના સાથે પૂરું કરું છું.

લિખિતંગ

આપની જન્મોજન્મની સાથી રાધા.

**-ફાલ્ગુની વસાવડા**

મિતવા,
લખવા તો ખત લખવા
હૃદયથી મોટી બહી ન કોઈ
ઢાઈ અક્ષર પઢવા

-સંદીપ ભાટિયા

અહીં આપના સ્વજનની સ્મૃતિમાં કે એમના પ્રત્યેના આપના સ્નેહને વ્યક્ત કરતી નોંધ મૂકવા ‘નાગર મંજૂષા’નાં તંત્રીઓનો સંપર્ક કરશો.

કે પ્રથમ વ્હાલા લખો ને જત લખો,
તે પછી નખશિખ આખો ખત લખો.

હું વધાવું, પ્રેમથી વાંચું પછી
જે ગમે છે એ બધી બાબત લખો.

બાજ હો કે હો કબૂતર ચાલશે,
કાં લખો સંધિ કાં પાણીપત લખો.

ખોટ ના દેખાડશો તો ચાલશે,
કેટલી છે પ્રેમમાં બરકત લખો.

અક્ષરોની માંડણી કરશું અમે,
હો ભલે કોરો પરંતુ ખત લખો.

- દિલીપ રાવલ

**BOOK POST** **DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org